शिवमस्तु सर्वजगतः

# શ્રી ગુણસ્થાન-ક્રમારોહ

( અનુવાદ સહિત )

-: સંપાદક :-

પરમ પૂજ્ય પંન્યાસપ્રવર

શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

-: પ્રકાશક :-

ગીરધરનગર શાહીબાગ જૈન શ્વે. મૂ. સંઘ

ગીરધરનગર, અમદાવાદ-૧૦

શિવમસ્તુ સર્વજગતઃ

શ્રીદાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર-મહોદય-પ્રદ્યોતન-કુંદકુંદ સદ્ગુરુભ્યો નમઃ

આચાર્યદેવ શ્રી રત્નશેખરસૂરિ કૃત

# શ્રી ગુણસ્થાન-ક્રમારોહ

(મૂળ તથા ટીકાના ભાષાંતર સાથે)

: સંપાદક :

પરમ પૂજ્ય પંન્યાસપ્રવર

શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

પ્રાપ્તિસ્થાન

ભદ્રંકર પ્રકાશન

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટ પાસે,

શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

: આર્થિક સહાયક :
શ્રી શાહીબાગ ગીરધરનગર
શ્વેતામ્બર મૂર્તિપૂજક
જૈન સંઘ
ગીરધરનગર, અમદાવાદ-૧૦

વિ. સં ૨૦૪૯
વૈશાખ સુદ-૩
અક્ષય તૃતીયા
ઈ. સન્ ૧૯૯૩

: સંપાદક :

પરમ પૂજ્ય કલિકાલ કલ્પતરૂ, કરૂણાસાગર, ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં શિષ્યરત્ન પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદ-સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પરમ
પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી
વજ્રસેનવિજયજી ગણિવર્ય

કિંમત :
રૂા. ૧૦-૦૦

: પ્રાપ્તિસ્થાન :
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.

: મુદ્રક :
કાંતિલાલ ડી. શાહ
"ભરત પ્રિન્ટરી"
ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
રીલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૩૮૭૯૬૪

# ગુણસ્થાનક્રમારોહ ગ્રન્થના કર્તા
# પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
# રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાનો
# ટુંક પરિચય

પરમાત્મા ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામીની ૪૯મી પાટે–૧૩૫૪મા આચાર્યપદવી પામનારા, શ્રોતાના અંતરમાં ઉપદેશ દ્વારા પ્રવેશ કરનાર એવા આચાર્ય શ્રી વજ્રસેનસૂરીશ્વરજી મહારાજાને સારંગ રાજાએ વિ. સં. ૧૩૪૩માં "દેશના જલધર" બિરૂદ આપ્યું હતું. જ્યારે મુસ્લિમ રાજા અલ્લાઉદ્દીનખીલજીએ તેમના યોગના ચમત્કારોથી પ્રભાવિત બનીને મંત્રીશ્વર સિંહડરાણા દ્વારા જીવદયા આદિના ફરમાન આપ્યા હતા– તેઓ લઘુત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર, ગુરુગુણ ષટ્-ત્રિંશિકા વગેરે ગ્રંથોના રચયિતા હતા. તેમના પટ્ટધર આચાર્ય શ્રી હેમતિલકસૂરીશ્વરજી હતા. જેઓએ ભાટી રાજા તથા દુલચીરાયને જૈન બનાવ્યા હતા. અને સં. ૧૩૭૧માં મહા વદ–૭ ગુરૂવારે જ્યારે સમરાશાહે શ્રી શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર કર્યો ત્યારે ત્યાં હાજર હતાં તે પૂજ્યે "ભુવનદીપક" ગ્રન્થની વૃત્તિ રચી છે.

તેમના પટ્ટધર આચાર્યદેવ શ્રીમદ્ વિજયરત્નશેખર-સૂરીશ્વરજી મહારાજા.

તેમનો જન્મ સં. ૧૩૭૨ માં
દીક્ષા સં. ૧૩૮૫ માં
આચાર્ય પદ સં. ૧૪૦૦ માં

કાળધર્મ સં. ૧૪૪૭ પછી.

આ રીતે એમના ગ્રંથો દ્વારા જાણી શકાય છે.

## તેઓશ્રીના રચેલા ગ્રંથો

સિરિસિરિવાલકહા
શ્રી સિદ્ધચક્ર લેખન વિધિ
દિનશુદ્ધિદિપિકા
છન્દો રત્નાવલી
ષટ્દર્શન સમુચ્ચય
વીરંજય ક્ષેત્ર સમાસ (સ્વોપજ્ઞવૃત્તિ)
ગુરુગુણ ષટ્ત્રિંશિકાવૃત્તિ.
સંબોધસિત્તરિ વૃત્તિ

અને

ગુણસ્થાન ક્રમારોહ સ્વોપજ્ઞ ટીકા સં. ૧૪૪૭ માં રચેલી હતી.

તેમને "મિથ્યાંધકાર નભોમણિ"નું બિરૂદ મળ્યું હતું.

શિષ્ય પરિવારમાં–આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ પંન્યાસ શ્રી સોમચંદ્ર ગણિ વિશેષ પ્રસિદ્ધ હતા.

* ૧૪૦૭ માં મુસ્લિમ ફીરોઝશાહ તઘલખને ઉપદેશ આપ્યો હતો અને એક હજાર કુટુંબોને જૈન બનાવ્યા હતા. ફીરોઝશાહે સં. ૧૪૧૪ માં વિવિધ ફરમાનો આપ્યા હતા.

એવા પૂજ્ય આચાર્યદેવ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાને કોટિ વંદના.........

# આત્મવિકાસના ચૌદ પગથીયા

અનંત ઉપકારી તારક તીર્થંકર પરમાત્માઓ કેવલજ્ઞાનને પામ્યા પછી જગતના જીવોના કલ્યાણુને માટે "ધર્મતીર્થ"ની સ્થાપના કરે છે. એ તારક પરમાત્માઓ જગતના જીવોના ઉદ્ધારને માટે જ દરરોજ બે પ્રહર (દિવસના પહેલા અને છેલ્લા પ્રહર) સુધી ધર્મદેશના આપતા હોય છે.

તે તારક પરમાત્માઓ પોતાના કેવલજ્ઞાનરૂપી ચક્ષુ દ્વારા જગતના સમસ્ત જડ-ચેતન પદાર્થોના સમસ્ત ભૂત-ભાવિ અને વર્તમાન પર્યાયોને પ્રત્યક્ષરૂપે જાણુતા હોય છે અને જીવોના હિતને માટે એ પદાર્થોનું નિરૂપણુ કરતાં હોય છે.

પરમાત્માની એ ધર્મદેશનાને ગણુધર ભગવંતો સૂત્રરૂપે ગુંથતા હોય છે. ગણુધર ભગવંતોએ રચેલા એ સૂત્રો પણુ અર્થગંભીર હોવાથી એ સૂત્રો ઉપર પૂર્વાચાર્ય મહર્ષિઓ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા આદિની રચના કરી સૂત્રવિહિત પદાર્થોને ખૂબ જ સુંદર રીતે રજુ કરતા હોય છે. એ બધી જ રચનાઓ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં થતી હોય છે.

અવસર્પિણી કાલ અને દુષમ આરાના પાપના પડછાયે જીવાત્માઓના ક્ષયોપશમમાં પણુ મંદતા આવી રહી છે.

મૂલ આગમો ઉપર પૂર્વાચાર્યો, મહર્ષિઓએ બનાવેલ ટીકાદિ ગ્રંથોને સમજવાની શક્તિ ઘટી રહી છે, ત્યારે પૂર્વકાલીન અનેક મહાપુરુષોએ આગમ ગ્રન્થોની ચાવી સમાન અનેકવિધ પ્રકરણ ગ્રંથોની રચના કરી છે.

આપણા પુણ્ય પ્રભાવે આજે હજારોની સંખ્યામાં વિવિધ વિષયો ઉપર પ્રકરણ ગ્રંથો જોવા મળે છે, એ પ્રકરણ ગ્રંથો આગમના અર્ક સમાન હોવાથી એમનો અભ્યાસ પણ આગમ ગ્રંથોનાં અભ્યાસની જેમ એકાંતે હિતકર જ છે.

એક અપેક્ષાએ પ્રકરણ ગ્રંથો પણ જિનેશ્વર ભગવંતની વાણીનાં જ વહેણ સમાન છે.

સમયના પ્રવાહની સાથે સાથે જૈનશાસનરૂપી ગગનાંગણમાં અનેક તેજસ્વી તારલાઓ સમાન અનેક સૂરિ-પુરંદરો પેદા થયા છે કે જેમણે અનેકવિધ ઉપકારક ગ્રંથોની રચના કરી જગતના ચોગાનમાં જૈન-શાસનને દીપાવ્યું છે.

વિક્રમની ૧૪ મી સદીમાં થયેલા પૂ.આ. શ્રી રત્ન-શેખરસૂરિજી મ. પણ એક એવા જ જૈનશાસનના તેજસ્વી તારલા હતા. જેમણે પ્રસ્તુત ગુણસ્થાનક-ક્રમારોહ નામના ગ્રંથની રચના કરી આપણા ઉપર મહાન ઉપકાર કરેલ છે.

તલવારની ધાર ઉપર ચાલવું હજી સહેલું છે. લોઢાના ચણા ચાવવા હજી સહેલાં છે બે ભુજાઓના

બલથી સ્વયંભૂરમણ સમુદ્રને પાર પામવું પણ કદાચ સહેલું બને અને આગળ વધતા બરફના પર્વત ઉપર ચઢાણ કરવું પણ હજી સહેલું છે પણ આત્મવિકાસની નિસરણી સમાન 'ગુણસ્થાન'ના આ ૧૪ પગથિયાને પાર પામવાનું કામ અત્યંત દુષ્કર છે.

માસક્ષમણને પારણે માસક્ષમણ કરવા કરતાં પણ ગુણસ્થાન ઉપર ચઢવાની સાધના અત્યંત કઠિન છે.

ભલભલા સાધકો પણ આ શ્રેણિ ઉપર ચઢતા થાપ ખાઇ જતા હોય છે.

ગુણસ્થાનની આ શ્રેણિ પણ અટપટી છે.

* પહેલા ગુણસ્થાનમાંથી સીધે ચોથે જ જવું પડે.
* બીજો સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમ શ્રેણીથી પડતા જીવને જ પ્રાપ્ત થાય છે.
* ત્રીજો ગુણસ્થાનક પણ એક વાર સમ્યક્ત્વ પામેલા જીવને જ પ્રાપ્ત થતું હોય છે બીજેથી ત્રીજે જવાય નહિ.
* સાતમા ગુણસ્થાનક ઉપરના ગુણસ્થાનકો ઉપશમ-શ્રેણિ કે ક્ષપકશ્રેણિ ઉપર ચઢતા જીવોને જ પ્રાપ્ત થાય છે.
÷ ઉપશમ–શ્રેણિ ઉપર ચઢેલ આત્મા અગ્યારમા ગુણસ્થાનક સુધી જ પહોંચી શકે છે ત્યાર પછી તે આત્માનું અવશ્ય પતન થાય છે.
* ક્ષપકશ્રેણિનો કાલ પણ અન્તર્મુહૂર્તનો જ છે. એ શ્રેણિ ઉપર ચઢનાર આત્મા અગ્યારમા ગુણઠાણાનો

ક્યારેય પણ સ્પર્શ કરતો જ નથી. તે આત્મા દશમા ગુણસ્થાનકમાંથી સીધે બારમે જતો હોય છે.

* ક્ષપકશ્રેણિ પર ચઢેલ આત્મા એક જ અન્તર્મુહૂર્તમાં આઠમાંથી તેરમા ગુણઠાણે પહોંચી જાય છે. તેરમા ગુણઠાણામાં આત્મા કાંઇ ન્યૂન પૂર્વ કોટિ વરસ સુધી રહી શકે છે.

* 'ગુણસ્થાન-ક્રમારોહ' ની પ્રક્રિયા એટલે આત્માની કર્મ સાથે યુદ્ધની પ્રક્રિયા. આ મુખ્ય ગુણસ્થાનોમાં ચઢતા-પડતા અધ્યવસાયોના અસંખ્ય સ્થાનો છે. આત્મા અને કર્મ સાથેના આ ભયંકર યુદ્ધને કેવલજ્ઞાની ભગવંતો હસ્તામલકવત્ પ્રત્યક્ષ જોઇ શકે છે. કેવલી ભગવંતોએ જોયેલી આ યુદ્ધની પ્રક્રિયાને જ તેઓ શબ્દરૂપે વર્ણવતા હોય છે.

આત્મા અને કર્મના આ ભીષણ યુદ્ધમાં જો આપણે વિજયની વરમાળાને ઇચ્છતા હોઈએ તો આ ગુણસ્થાન ક્રમારોહની પ્રક્રિયાને સમજવી જ પડશે.

પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકાર મહર્ષિએ એ પ્રક્રિયાને ખૂબ જ સુંદર રીતે વર્ણવી છે.

કાળના પ્રભાવે આજે જ્યારે સંસ્કૃતભાષા મૃતપ્રાયઃ બની રહી છે. આવા સમયે વર્તમાન કાલીન જીવોના હિતને માટે જ વર્તમાન કાલીન મહાપુરુષો એ ગ્રંથોનું લોકભોગ્ય ભાષામાં અનુવાદ-વિવેચન કરી જગતના જીવો ઉપર મહાન ઉપકાર કરતા હોય છે.

પાંચ પ્રકારના દાનમાં જ્ઞાનદાન જેવું કોઇ શ્રેષ્ઠ દાન નથી.

આજથી વર્ષો પૂર્વે પં. ચંદુલાલ નહાનચંદભાઇએ આ ગુણુસ્થાન – ક્રમારોહ ગ્રંથ અને તેની ટીકા ઉપરથી ગુર્જર ભાષામાં વિવેચન કરેલ. એ વિવેચન અને મુખ્યતયા મૂલગ્રંથ અને તેની ટીકાને નજર સમક્ષ રાખી પરમ પૂજ્ય જિનશાસનના અજોડ પ્રભાવક સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક શિષ્યરત્ન અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના શિષ્યરત્ન હાલારરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રી એ ખૂબ જ સરલ ભાષામાં વિવેચન તૈયાર કરેલ છે.

અધ્યાત્મયોગી સ્વર્ગસ્થ પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના વરદ્ હસ્તે ખૂબ જ નાની વયમાં દીક્ષા અંગીકાર કરી અને પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રવિજયજી મ. આદિની તારક નિશ્રામાં રહી દ્રવ્યાનુયોગ આદિ ગ્રંથોનું ખૂબ જ સુંદર અવગાહન કરેલ છે. છેલ્લા ૧૫–૨૦ વરસ સુધી સ્વર્ગસ્થ પરમ ગુરુદેવશ્રીની તેઓએ ખૂબ જ સુંદર સેવા કરી 'ગુરુકૃપા' પ્રાપ્ત કરેલ છે, એના જ પુણ્ય પ્રભાવે તેઓ નાદુરસ્ત તબિયતમાં પણ અનેક ગ્રંથોનું પરિશીલન કરી–પ્રાચીન

સાહિત્યને મૂલ તથા અનુવાદ-વિવેચનરૂપે પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

તેઓશ્રીના આ સુકૃતની ખૂબ ખૂબ અનુમોદના સાથે બધા ભવ્ય પ્રાણીઓ પ્રસ્તુત ગ્રંથનું સૂક્ષ્મેક્ષિકા વડે અવગાહન કરી ગુણ-સ્થાનની શ્રેણિ ઉપર ચઢી શાશ્વત સુખના ભોક્તા બનો એ જ મંગલ કામના સાથે.

ઓશવાલ યાત્રિકગૃહ
ફા. વ. ૮, સં. ૨૦૪૯
(આદીશ્વર દાદાનું જન્મ
અને દીક્ષા કલ્યાણક દિન)

અધ્યાત્મ યોગી પૂજ્યપાદ
પંન્યાસપ્રવરશ્રી
ભદ્રંકરવિજયજી ગણિવર્ય
પાદપદ્મરેણુ
મુનિ રત્નસેનવિજય

# પ્રકાશકની હળવી કલમે

પરમ પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેન-વિજયજી ગણિવર્યશ્રીએ આલેખિત-સંપાદિત પ્રસ્તુત 'ગુણસ્થાન-ક્રમારોહ' ગ્રંથનું પ્રકાશન કરતાં અમો અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યા છીએ.

પ્રેસ અને કોમ્પ્યુટરના આ યુગમાં આમ તો રોજ ને રોજ હજારો પેપરો, માસિકો, સાપ્તાહિકો અને અનેક પુસ્તકો બહાર પડતા હોય છે પણ એ બધા આત્મવિકાસમાં સાધક નથી પરંતુ આત્મપ્રગતિને રૂંધાવનારા જ સિદ્ધ થતાં હોય છે જ્યારે ખરેખર-આત્મહિતમાં સાધક એવા પૂર્વાચાર્ય રચિત ગ્રંથોનું પ્રકાશન-વાંચન-નિદિધ્યાસન ખૂબ જ જરૂરી હોવા છતાંય એ શુભકાર્યમાં સમય-શક્તિ અને ધનનો ઉપયોગ કરનારા કેટલા ? છતાંય પૂર્વાચાર્યોએ ભાખેલા 'રત્નવણિક્' ના દૃષ્ટાંતથી સંતોષ જ માનવાનું હોય છે. દરેક કાલમાં અધ્યાત્મના પિપાસુઓ ઓછા જ હોય છે.

પૂર્વાચાર્યે રચેલ પ્રસ્તુત ગ્રંથ પણ આત્મપિપાસાને તૃપ્ત કરવા માટે 'સાધનાની પરબ' સમાન જ છે.

સ્વર્ગસ્થ અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની અસીમ કૃપાદૃષ્ટિના પુણ્ય પ્રભાવે અમારી સંસ્થા ભવિષ્યમાં પણ આવા તાત્ત્વિક – સાત્ત્વિક ગ્રંથોનું પ્રકાશન કરવા ભાવના રાખે છે.

પ્રસ્તુત પ્રકાશનમાં 'ગિરધરનગર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ' અમદાવાદ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ તે સંઘનો અમો હાર્દિક આભાર માનીએ છીએ.

—ભદ્રંકર પ્રકાશન

# સંપાદકની કલમે

ગણધર ભગવંતોએ ગૂંથેલા અને પૂર્વાચાર્યોએ રચેલ આગમિક અને પ્રકરણ સાહિત્ય એ જૈનશાસનની અમૂલ્ય નિધિ છે. એ મૂડી તો જૈનશાસનની આધાર શિલા છે. એના આધારે જ ભગવાન મહાવીરદેવનું શાસન પાંચમા આરાના છેડા સુધી ચાલવાનું છે – એ અમૂલ્ય નિધિનું રક્ષણ–સંવર્ધન કરવું એ ચતુર્વિધ-સંઘની પહેલી ફરજ છે.

આજના આ વિજ્ઞાનયુગમાં જેમ સાહિત્યના પ્રકાશનની સુગમતા વધી છે, તેમ સાથે સાથે આણુવિક શક્તિને કારણે અણુબોંબના ભયંકર વિસ્ફોટ દ્વારા ભયંકર વિનાશની પણ એટલી જ સંભાવનાઓ જોડાયેલી છે.

આ પરિસ્થિતિમાં એ જ્ઞાનનિધિના સમુચિત રક્ષણ માટે ભગીરથ પ્રયત્ન હોવો જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશન પૂર્વાચાર્ય મહર્ષિ વિરચિત 'ગુણસ્થાન–ક્રમારોહ' નું વિવેચન સ્વરૂપ છે.

પ્રસ્તુત તથા અન્ય વિવિધ ગ્રંથોના સંપાદનમાં જેમની અસીમ કૃપા કામ કરી રહી છે–તે નિમ્નોક્ત પૂજ્ય ઉપકારીઓના ચરણોમાં કોટિ કોટિ વંદન હો...

૧. સંયમ જીવનમાં યોગ–ક્ષેમ કરનારા સિદ્ધાંત–મહોદધિ પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**પ્રેમસૂરીશ્વરજી મ. સા.**

૨. સતત વાત્સલ્યનું દાન કરનારા પ.પૂ. કલિકાલ કલ્પતરૂ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મ. સા.**

૩. નાનપણથી મારા જીવનના સફળ સુકાની પૂ. પં. શ્રી **ભદ્રંકરવિજયજી મહારાજ.**

૪. સંયમની તાલીમ માટે સમ્યગ્જ્ઞાનનું પાન કરાવનારા પૂ. તપસ્વી મુનિરાજ **શ્રી મહાભદ્ર વિ. મ.**

૫. સ્નેહભાવના ઝરણા સ્વરૂપ પૂ. આ. મ. શ્રી **પ્રદ્યોતન-સૂરીશ્વરજી મ. સા.** અને સાથે સાથે

૬. ગુરુપદની ગરિમાને વહન કરનારા ગુરુ મહારાજ **શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ. સા.**

૭. સંયમ જીવનનાં પ્રેરણાદાતા પૂ. પિતા મુનિરાજ **શ્રી મહાસેનવિજયજી મ.**

૮. નાનપણથી ધર્મનું સિંચન કરનારા માતુશ્રી **જીવીબેનને** કેમ ભૂલી શકાય.

વિશેષ પૂ. ગુરુ મહારાજનાં સ્વર્ગગમન પછી મારા દરેક કાર્યમાં સંપૂર્ણ સહાય કરવાપૂર્વક ગ્રંથોના સંપાદન કાર્યમાં મારા લઘુભ્રાતા મુનિરાજ શ્રી **હેમપ્રભ-વિજયજી** નો અપૂર્વ સહયોગ મળતો રહે છે.

પ્રસ્તુત ગ્રંથના ભાષાંતરની શુદ્ધિ આદિ કરવામાં "શીતલ"નો પણ સહકાર મળેલ છે. એજ

**પં. વજ્રસેનવિજય**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | ગ્રંથ મંગલ | ૨ |
| ૨. | ચૌદ ગુણસ્થાનકોનાં નામ | ૫ |
| ૩. | મિથ્યાત્વ ગુણસ્થાન | ૬ |
| ૪. | સાસ્વાદન ગુણસ્થાન | ૧૭ |
| ૫. | સાસ્વાદન ગુણસ્થાને, બંધ-ઉદય-સત્તા | ૨૩ |
| ૬. | મિશ્ર ગુણસ્થાન | ૨૩ |
| ૭. | પૂર્વબદ્ધાયુ મિશ્ર ગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ | ૨૬ |
| ૮. | અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન | ૨૭ |
| ૯ | સમ્યગ્દૃષ્ટિના લક્ષણો | ૩૦ |
| ૧૦. | ત્રણ મુસાફરનું દૃષ્ટાંત | ૩૪ |
| ૧૧. | કીડીના દૃષ્ટાંતથી ત્રણ કરણની યોજના | ૩૭ |
| ૧૨. | દેશવિરતિ ગુણસ્થાનક | ૪૩ |
| ૧૩. | દેશવિરતિ ગુણઠાણે ધ્યાન સંભવ | ૪૬ |
| ૧૪. | પ્રમત્તગુણ-સ્થાન | ૪૯ |
| ૧૫. | ધર્મધ્યાનના ચાર પ્રકારો અને વિશેષાર્થ | ૫૧ |
| ૧૬. | પ્રમત્તગુણસ્થાને નિરાલંબન ધ્યાનનો નિષેધ | ૫૨ |
| ૧૭. | છટ્ઠા ગુણઠાણે બંધ-ઉદય-સત્તા | ૫૯ |
| ૧૮. | અપ્રમત્ત ગુણસ્થાન | ૫૯ |
| ૧૯. | અપ્રમત્ત ગુણઠાણે ધ્યાન સંભવ | ૬૨ |
| ૨૦. | અપ્રમત્ત ગુણસ્થાને બંધ-ઉદય-સત્તા | ૬૯ |

| | | |
|---|---|---|
| ૨૧. | આઠથી બાર ગુણઠાણાનો સામાન્ય અર્થ | ૬૯ |
| ૨૨. | ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનો પ્રારંભ કયાંથી ? | ૭૧ |
| ૨૩, | ઉપશમશ્રેણિ વિશે સંપૂર્ણ માહિતી | ૭૨ |
| ૨૪. | ૮, ૯, ૧૦ ગુણઠાણામાં બંધ-ઉદય-સત્તા (સત્તા–ઉપશમશ્રેણિ આશ્રીને) | ૭૮ |
| ૨૫. | ૧૧ મા ગુણઠાણે સમ્યક્ત્વ, ચારિત્ર, ભાવ | ૭૯ |
| ૨૬. | ઉપશાન્તમોહી જીવનું પતન | ૮૦ |
| ૨૭. | ઉપશમશ્રેણિની સ્થાપના | ૮૪ |
| ૨૮. | ક્ષપકશ્રેણીનું સ્વરૂપ | ૮૬ |
| ૨૯ | પ્રાણાયામ અને તેના ભેદોનું સ્વરૂપ | ૯૩ |
| ૩૦. | શુક્લધ્યાનનું સ્વરૂપ | ૧૦૦ |
| ૩૧. | અનિવૃત્તિ ગુણસ્થાન | ૧૦૬ |
| ૩૨. | સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન | ૧૦૭ |
| ૩૩. | ઉપશાંતમોહ ગુણસ્થાન | ૧૦૮ |
| ૩૪. | ક્ષીણમોહ ગુણસ્થાન | ૧૦૯ |
| ૩૫. | ક્ષીણમોહ ગુણસ્થાનના અન્ત સમયે થતી ક્રિયા | ૧૧૩ |
| ૩૬. | સયોગી કેવળી ગુણસ્થાન | ૧૧૫ |
| ૩૭. | ૧૩ મા ગુણઠાણે ભાવ, સમ્યક્ત્વ અને ચારિત્ર | ૧૧૭ |
| ૩૮. | કેવળજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનનું સામર્થ્ય | ૧૧૮ |
| ૩૯. | તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલી કેવળજ્ઞાનીની વિશેષતા | ૧૧૮ |
| ૪૦. | તીર્થંકર ભગવંતોના અતિશયો | ૧૨૦ |
| ૪૧. | કેવલી ભગવંતોનું આયુષ્ય | ૧૨૪ |

| | |
|---|---|
| ૪૨. સમુદ્ઘાતનું સ્વરૂપ | ૧૨૫ |
| ૪૩. સમુદ્ઘાતમાં કયા યોગ અને કેવી અવસ્થા | ૧૨૭ |
| ૪૪. સમુદ્ઘાત સંબંધી નિયમ | ૧૨૮ |
| ૪૫. સમુદ્ઘાતની નિવૃત્તિ પછી શું ? | ૧૩૦ |
| ૪૬. ત્રણ યોગોને સૂક્ષ્મ કરવાની રીત | ૧૩૨ |
| ૪૭. સયોગી ગુણુસ્થાનને અંતે...? | ૧૩૪ |
| ૪૮. સયોગી ગુણુસ્થાને બંધ, ઉદય, સત્તા | ૧૩૬ |
| ૪૯. અયોગી ગુણુસ્થાન | ૧૩૭ |
| ૫૦. અયોગીપણું અને ધ્યાન સંબંધી શંકા અને સમાધાન | ૧૩૮ |
| ૫૧. ધ્યાનમાં નિશ્ચય-વ્યવહારના ભેદનું સ્વરૂપ | ૧૪૧ |
| ૫૨. અયોગી ગુણઠાણે બંધ, ઉદય, સત્તા | ૧૪૪ |
| ૫૩. ક્ષપકશ્રેણિની સ્થાપના | ૧૪૫ |
| ૫૪. સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વગતિના કારણો | ૧૪૬ |
| ૫૫. સિદ્ધશિલાનું સ્વરૂપ | ૧૪૯ |
| ૫૬. સિદ્ધ ભગવંતના ગુણો આદિનું સ્વરૂપ | ૧૫૧ |
| ૫૭. મોક્ષનું સ્વરૂપ | ૧૫૪ |
| ૫૮. આઠ કર્મની બંધાદિમાં (ઓઘ) ઉત્તર પ્રકૃતિઓનું કોષ્ટક | ૧૫૮ |
| ૫૯. ઉદય યંત્ર | ૧૫૯ |
| ૬૦. ઉદીરણા યંત્ર | ૧૬૦ |

शिवमस्तु सर्वजगतः                    श्री संभवनाथाय नमः

श्री रत्नशेखरसूरिकृत

# श्री गुणस्थानक्रमारोह

(मूळ तथा वृत्तिनुं भाषांतर)

अर्हंपदं हृदि ध्यात्वा, गुणस्थानविचारणाम् ।
अनुष्टुभामियं वृत्तिर्लिख्यते ह्यवचूर्णिवत् ॥१॥

**ગાથાર્થ :** अर्हं પદનું હૃદયમાં ધ્યાન કરીને, ગુણસ્થાનોનું સ્વરૂપ બતાવનારા [1]અનુષ્ટુભશ્લોકોની ટીકા [2]અવચૂર્ણિની જેમ સંક્ષેપથી કહેવાય છે.

---

૧ અનુષ્ટુભછંદ વિશેષ છે.

૨ વૃત્તિ એટલે ટીકા તેની અપેક્ષાએ અવચૂર્ણિ સંક્ષેપમાં હોય છે, અહિં અતિ વિસ્તૃત વૃત્તિ ન કહેતા અવચૂર્ણિ સરખી સંક્ષિપ્ત વૃત્તિ આ ગ્રંથની કરેલી છે.

સૂત્રનાં પાંચ અંગ હોય છે.

(૧) મૂળ, (૨) નિર્યુક્તિ, (૩) ભાષ્ય, (૪) ચૂર્ણિ, (૫) વૃત્તિ.

એમાં મૂળ સર્વથી સંક્ષિપ્ત હોય છે, ત્યાર પછી ક્રમશઃ મૂળ કરતાં નિર્યુક્તિમાં, નિર્યુક્તિ કરતાં ભાષ્યમાં, ભાષ્ય કરતાં ચૂર્ણિમાં અને ચૂર્ણિ કરતાં વૃત્તિમાં અધિક-અધિક અર્થ હોય છે.

જેમ આવશ્યકસૂત્રનું મૂળ ૧૨૫ ગાથા છે, શ્રી ભદ્રબાહુસ્વામિકૃત નિર્યુક્તિ ૩૧૦૦ ગાથા પ્રમાણ છે, ભાષ્ય ૪૦૦૦ શ્લોક પ્રમાણ છે અને શ્રી હરિભદ્રસૂરિકૃત બૃહદ્વૃત્તિ ૨૨૦૦૦ શ્લોક પ્રમાણ છે.

આ ગુણસ્થાનક ક્રમારોહ ગ્રંથના પ્રારંભમાં મંગલ માટે ઇષ્ટદેવને નમસ્કારરૂપ પ્રથમ શ્લોક :-

**गुणस्थानक्रमारोह–हतमोहं जिनेश्वरम् ।**
**नमस्कृत्य गुणस्थान–स्वरूपं किञ्चिदुच्यते ॥१॥**

**શ્લોકાર્થ** : ક્રમશઃ ગુણસ્થાનોને પ્રાપ્ત કરીને જેણે મોહને હણ્યો છે, એવા શ્રી જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને ગુણસ્થાનોનું સંક્ષિપ્ત સ્વરૂપ કહેવાય છે.

**ટીકાર્થ** : ક્ષપકશ્રેણિ ઉપર ચઢી મોહને હણીને જેમણે ક્રમશઃ ગુણસ્થાનોને પ્રાપ્ત કર્યા છે, એવા તીર્થંકર ભગવાનને નમસ્કાર કરીને ગુણસ્થાનોનું સામાન્યથી સ્વરૂપ કહેવાય છે.

જે જે સ્થાનમાં પૂર્વે પ્રાપ્ત થયેલા ગુણથી કંઈક અધિક ગુણ પ્રગટ થાય, તે તે સ્થાન ગુણસ્થાન કહેવાય છે અને તેવા સ્થાનો અનેક છે.

**ભાવાર્થ** : ગુણસ્થાન :-

પૂર્વે પ્રાપ્ત થયેલા ગુણથી કંઈક વિશેષ ગુણ પ્રગટ થાય, તે સ્થાનને **ગુણસ્થાન** કહે છે, તેવા ઘણાં સ્થાનો તે **ગુણસ્થાનો** કહેવાય છે.

ગુણસ્થાન–ક્રમારોહ :-

ગુણસ્થાનોનો અનુક્રમ તે **ગુણસ્થાનક્રમ** કહેવાય. તે ગુણસ્થાન પર ક્રમવડે ચડવું તે **ગુણસ્થાનક્રમારોહ** કહેવાય.

ગુણુસ્થાન-ક્રમારોહહતમોહ :-

ગુણુસ્થાન ક્રમારોહહતમોહ જિનેશ્વરભગવંત કહેવાય, કારણુ કે શ્રી જિનેશ્વર ભગવંતે ક્ષપકશ્રેણુિ પર ચઢીને મોહને હણ્યો છે.

વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ ભગવાને, પ્રશમરતિ પ્રકરણુ નામના ગ્રંથમાં કહ્યુ છે કે-

पूर्वंकरोत्यनंता—नुबंधिनाम्नां क्षयं कषायाणाम् ।
मिथ्यात्वमोहगहनं, क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥१॥
सम्यक्त्वमोहनीयं क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसकवेदं, स्त्रीवेदमथ तस्मात् ॥२॥
हास्यादि ततः षट्कं क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्ज्वलनानपि हत्वा, प्राप्नोत्यथ वीतरागत्वम् ॥३॥

પ્રથમ અનંતાનુબંધિ કષાયોનો ક્ષય, ત્યારબાદ અનુક્રમે મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આઠ કષાય ( ૪ અપ્રત્યાખ્યાની, ૪ પ્રત્યાખ્યાની ), નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ છ ( હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા ), પુરુષવેદ અને ચારસંજ્વલનકષાયોનો ક્ષય કરી આત્મા શ્રી વીતરાગ ( પરમાત્મ ) દશા પામે છે.

**પ્રશ્ન :-** પ્રથમ શ્લોકમાં શ્રી જિનેશ્વર ભગવંત માટે 'हतमोह' વિશેષણુ કહ્યું છે, અને શ્રી જિનેશ્વરપણું કેવળ મોહના વિનાશથી પ્રાપ્ત થતું નથી પરંતુ જ્ઞાનાવરણુ, દર્શનાવરણુ અને અંતરાય-એ કર્મોનો પણુ વિનાશ થાય તો જ પ્રાપ્ત થાય છે તો 'हतमोह' એ એક જ વિશેષણુ કેમ કહ્યું ?

ઉત્તર :– આઠે કર્મોમાં મોહનીયકર્મ પ્રધાન છે, તે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે-

अक्खाण रसणी कम्माण मोहणी तह वयाणं बंभवयं ।
गुत्तीण य मणगुत्ती चउरो दुक्खेण जिप्पंति ॥१॥

ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મોમાં મોહનીયકર્મ, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત અને ત્રણગુપ્તિઓમાં મનોગુપ્તિ–આ ચારે કષ્ટપૂર્વક જીતાય છે.

આ પ્રમાણે વચનથી મોહનો ક્ષય સર્વકર્મના ક્ષય સમાન છે.

સિદ્ધાંતમાં પણ કહ્યું છે, કે-

जह सूईए हयाए हम्मए तालो ।
तह कम्माणि हम्मंति मोहणिज्जे खयं गए ॥१॥

જેમ [1]મસ્તકસૂચી હણાતાં તાડવૃક્ષ અવશ્ય નાશ પામે છે, તેમ મોહનીયકર્મ હણાતાં શેષકર્મો અવશ્ય નાશ પામે છે.

તત્ત્વાર્થસૂત્રની ઉપસંહારકારિકામાં આ જ ગાથા કહી છે :–

गर्भसूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्मक्षयं याति, मोहनीये क्षयं गते ॥१॥

આ વચન પ્રમાણે મોહના નાશમાં શેષ ઘાતીકર્મોનો

---

૧ મસ્તકસુચી એટલે તાડવૃક્ષના ટોચના ગર્ભભાગની સોય આકારે ઉગેલ, સૂચી વિનાશ પામતાં આખું તાડવૃક્ષ અવશ્ય વિનાશ પામે છે.

અવશ્ય નાશ થાય છે જ, તેથી हतमोह એક જ વિશેષણ કહેલ છે.

ચૌદ ગુણસ્થાનકોનાં નામ :-

चतुर्दशगुण-श्रेणि-स्थानकानि तदादिमम् ।
मिथ्यात्वाख्यं द्वितीयं तु, स्थानं सास्वादनाभिधम् ॥२॥
तृतीयं मिश्रकं तुर्यं, सम्यग्दर्शनव्रतम् ।
श्राद्धत्वं पंचमं षष्ठं, प्रमत्तश्रमणाभिधम् ॥३॥
सप्तमं त्वप्रमत्तं चा-पूर्वात्करणमष्टमम् ।
नवमं चानिवृत्त्याख्यं, दशमं सूक्ष्मलोभकम् ॥४॥
एकादशं शान्तमोहं, द्वादशं क्षीणमोहकम् ।
त्रयोदशं सयोग्याख्य-मयोग्याख्यं चतुर्दशम् ॥५॥

ગાથાર્થ : (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, (૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ, (૫) દેશવિરત, (૬) પ્રમત્તસંયત, (૭) અપ્રમતસંયત, (૮) અપૂર્વકરણ, (બાદરનિવૃત્તિ) (૯) અનિવૃત્તિબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) ઉપશાંતમોહ, (૧૨) ક્ષીણમોહ, (૧૩) સયોગીકેવળી અને (૧૪) અયોગી કેવળી ગુણસ્થાન.

ટીકાર્થ : મહેલમાં ચઢવા માટે જેમ નિસરણીમાં પગ મૂકવાના સ્થાનરૂપ પગથીઆ હોય છે, તેમ ભવ્ય જીવોને સિદ્ધિ-મુક્તિરૂપી મહેલમાં ચઢવા માટે આ ગુણશ્રેણિમાં એક ગુણથી બીજા ગુણની પ્રાપ્તિરૂપ જે વિશ્રામસ્થાનો છે, (ગુણશ્રેણિનાં પગથીઆ) તે ગુણસ્થાનો કહેવાય છે તે ઉપરોક્ત ચૌદ ગુણસ્થાનો છે.

*

# ૧. મિથ્યાત્વગુણસ્થાન

## મિથ્યાત્વના ભેદ :-

**अदेवागुर्वधर्मेषु, या देवगुरुधर्मधीः ।**
**तन्मिथ्यात्वं भवेदव्यक्त-मव्यक्तं मोहलक्षणम् ॥ ६ ॥**

**ગાથાર્થ :** કુદેવ, કુગુરૂ અને કુધર્મમાં સુદેવ, સુગુરુ સુધર્મની બુદ્ધિ, તે વ્યક્તમિથ્યાત્વ અને મિથ્યાત્વમોહનીય કર્મ, તે અવ્યક્તમિથ્યાત્વ છે.

**૧ વ્યક્તમિથ્યાત્વ :-**

**ટીકાર્થ :** સ્પષ્ટ ચૈતન્યવાળા સંજ્ઞિપંચેન્દ્રિય [૧] વિગેરે જીવોની કુદેવમાં સુદેવની, કુગુરુમાં સુગુરુની અને કુધર્મમાં સુધર્મની જે બુદ્ધિ, સ્પષ્ટ રીતે થાય, તે વ્યક્તમિથ્યાત્વ.

जीवाइपयत्थेसु जिणोवइट्ठे असद्दहणा ।
सद्दहणावि अ मिच्छा-विपरीअपरूवणाजाया ॥ १ ॥
संकरणं जं चिअ जो तेसु अणायरो पयत्थेसु ।
तं पंचविहं मिच्छं, तद्दिट्ठी मिच्छदिट्ठीअ ॥ २ ॥

---

૧ તેમાં સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચ વિગેરે પણ સમજવા. કારણકે સ્પષ્ટ ચૈતન્યવાળા કેવળ સંજ્ઞિપંચેન્દ્રિયો જ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા હોવાથી અથવા મનઃપર્યાપ્તિવાળાં હોવાથી ગણી શકાય.

અસંજ્ઞિપંચેન્દ્રિયો જો કે તેથી કંઈક અલ્પ સ્પષ્ટ ચૈતન્ય-વાળા છે, પરંતુ તેઓમાં વ્યક્તમિથ્યાત્વ ગણવું ઉચિત નથી

(૧) શ્રીજિનેશ્વરોએ નિરૂપણ કરેલા જીવાદિ પદાર્થોમાં જે અશ્રદ્ધા, (૨) વિપરીત શ્રદ્ધા, (૩) વિપરીત પ્રરૂપણા, (૪) શંકા, (૫) અનાદર. (ઉપેક્ષાભાવ)–આ વ્યક્તમિથ્યાત્વના પાંચ પ્રકાર છે અને આ પાંચમાંથી કોઈપણ એક અથવા અધિક પ્રકારના મિથ્યાત્વવાળી જે જીવની દૃષ્ટિ હોય, તે જીવ મિથ્યાદૃષ્ટિ કહેવાય.

## પાંચ પ્રકારનું મિથ્યાત્વ :–

आभिग्गहिअमणाभिग्गहियं तहाभिनिवेसिअं चेव ।
संसइअमणाभोगं मिच्छत्तं पंचहा होइ ॥ १ ॥

(૧) અભિગ્રહિક, (૨) અનભિગ્રહિક, (૩) અભિનિવેશિક, (૪) સાંશયિક, (૫) અનાભોગિક.

આ પાંચ મિથ્યાત્વમાંથી અનાભોગિકમિથ્યાત્વ અવ્યક્તમિથ્યાત્વ છે. અને બીજા ચાર મિથ્યાત્વ વ્યક્તમિથ્યાત્વ છે.

**આભિગ્રહિકમિથ્યાત્વ**:-(૧) પરંપરાથી ચાલ્યા આવતા ધર્મને જ સત્ય માનવું તે.

(૨) **અનભિગ્રહિકમિથ્યાત્વ** :–સર્વધર્મ સાચા–એવી બુદ્ધિ તે.

(૩) **આભિનિવેશિકમિથ્યાત્વ** :–હું જે કહું છું, તે જ ધર્મ સત્ય–એવી બુદ્ધિ તે.

(૪) **સાંશયિકમિથ્યાત્વ** :–આ વસ્તુ સ્વરૂપ આ રીતે હશે કે બીજી રીતે ? એવો સંશય.

(૫) **અનાભોગ(અવ્યક્ત) મિથ્યાત્વ :** અસ્પષ્ટ ચૈતન્યવાળા અસંજ્ઞિ જીવોને, જે મિથ્યાત્વ-મોહનીયનો ઉદય તે.

સિદ્ધાન્તમાં કહેલ ૧૦ પ્રકારનું મિથ્યાત્વ—

(૧) અધર્મમાં ધર્મબુદ્ધિ.

(૨) ધર્મમાં અધર્મબુદ્ધિ.

(૩) ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ.

(૪) માર્ગમાં ઉન્માર્ગબુદ્ધિ.

(૫) અજીવમાં જીવબુદ્ધિ.

(૬) જીવમાં અજીવબુદ્ધિ.

(૭) અસાધુમાં સાધુબુદ્ધિ.

(૮) સાધુમાં અસાધુબુદ્ધિ.

(૯) અમુક્તમાં મુક્તબુદ્ધિ.

(૧૦) મુક્તમાં અમુક્તબુદ્ધિ.

આ દશ પ્રકારે વ્યક્તમિથ્યાત્વ છે.

**ભાવાર્થ** :- ઠાણાંગસૂત્રની વૃત્તિને અનુસારે દશ પ્રકારે મિથ્યાત્વનો સંક્ષિપ્તાર્થ આ પ્રમાણે છે.

(૧) આપ્તપુરુષના વચન સિવાયનાં અપૌરુષેય આગમોમાં-ધર્મોમાં જે આગમબુદ્ધિ-ધર્મબુદ્ધિ, તે **અધર્મમાં ધર્મબુદ્ધિ.**

(૨) આપ્તપુરુષના વચનવાળા કષ-છેદ આદિથી વિશુદ્ધ સમ્યક્ પ્રકારના આગમમાં-ધર્મમાં જે અધર્મબુદ્ધિ, તે **ધર્મમાં અધર્મબુદ્ધિ.** દા. ત. સર્વે પુરુષો

રાગાદિ દોષવાળા અને અસર્વજ્ઞ હોય છે, જેમ હું પુરુષ છતાં રાગાદિ દોષવાળો અને અસર્વજ્ઞ છું તેમ.

(૩) જે સંસારવર્ધક માર્ગ છે, તેવા માર્ગોને મુક્તિમાર્ગ માને, તે **ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ.**

(૪) મુક્તિગમન યોગ્ય, દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ માર્ગમાં ઉન્માર્ગની બુદ્ધિ, તે **માર્ગમાં ઉન્માર્ગબુદ્ધિ.**

(૫) આ સર્વ જગત્ એટલે આકાશાદિ સર્વ આત્મારૂપ છે, ઇત્યાદિ માનવું, તે **અજીવમાં જીવબુદ્ધિ.** કારણકે આકાશ અને પુદ્ગલોને પણ આત્મરૂપ માનવા તે જીવરૂપ માન્યા ગણાય.

અન્યદર્શનમાં કહ્યું છે કે :–

क्षितिजलपवनहुताश–यजमानाकाशचन्द्रसूर्याख्या ।
इति मूर्त्तयो महेश्वरसंबन्धिन्यो भवन्त्यष्टौ ।।

(પૃથ્વી, જળ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચન્દ્ર અને સૂર્ય–આ આઠ મહાદેવનાં રૂપ છે)

(૬) પૃથ્વી આદિ જીવમાં પણ અજીવની બુદ્ધિ. દા.ત. ઉચ્છ્વાસ વિગેરે જીવના ધર્મ પૃથ્વી વિગેરેમાં દેખાતા નથી માટે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિઓ જીવ નથી, એ **જીવમાં અજીવબુદ્ધિ.**

(૭) છ જીવનિકાયના વધમાં તત્પર, ઔદ્દેશિકાદિ દોષવાળું ભોજન કરનારા અને અબ્રહ્મચારી, એવા સાધુ કુલિંગીઓમાં જે સાધુબુદ્ધિ, તે **અસાધુમાં સાધુબુદ્ધિ.**

દા. ત. આ સાધુઓ જો કે સર્વ પાપમાં પ્રવર્તેલા છે, તો પણ બ્રહ્મમુદ્રાને ધારણ કરનાર હોવાથી સાધુ છે, ઇત્યાદિ વિકલ્પ કરવા, તે **અસાધુમાં સાધુબુદ્ધિ.**

(૮) બ્રહ્મચર્યાદિ ગુણવાળા હોવા છતાં પણ—આ સાધુ નથી એવી બુદ્ધિ થવી, દા. ત. આ સાધુઓએ બાળપણામાં કુમાર્ય અવસ્થામાં દીક્ષા લીધી છે, જેથી એમને પુત્ર ન થવાથી, આ સાધુઓની સદ્ગતિ નથી. તેમજ સ્નાનાદિ શૌચકર્મ કરતાં નથી ઇત્યાદિ વિકલ્પ કરવા, તે **સાધુમાં અસાધુબુદ્ધિ.**

(૯) કર્મસહિત અને લોકવ્યાપારમાં પ્રવર્તેલા સંસારી આત્માઓને મુક્ત આત્મા માનવા.

દા. ત. અણિમા વિગેરે આઠ પ્રકારની ઋદ્ધિ–લબ્ધિ પામીને, જે સદાકાળ હર્ષપૂર્વક એમ માને છે કે અમારો આત્મા નિવૃત્તિ પામ્યો અને દુઃસ્તર વસ્તુને અમે તરી ગયા છીએ, આ પ્રમાણે માનનારા સંસારી આત્માઓની જે બુદ્ધિ, તે **અમુક્તામાં મુક્તાબુદ્ધિ.**

(૧૦) સર્વ કર્મ રહિત, અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યયુક્ત આત્માઓને આ મુક્ત આત્મા નથી —એમ માનવું અને તેની પુષ્ટિમાં એવા વિકલ્પ કરવા કે અનાદિકાળનો કર્મ સંબંધ છે, આત્માથી કર્મનો વિયોગ થતો નથી, આત્માનો મોક્ષ થતો નથી, કારણકે દીપક જેમ બુઝાઈ જતાં દીપક રહેતો નથી, તેમ આત્માનો મોક્ષ થતાં આત્મા રહેતો નથી, ઇત્યાદિ વિકલ્પ કરવાં, તે **મુક્તામાં અમુક્તાબુદ્ધિ.**

## (૨) અવ્યક્તમિથ્યાત્વ :-

સમ્યગ્દર્શનરૂપ આત્મગુણને ઢાંકનારઅને જીવની સાથે સદાકાળ સંબંધવાળી મિથ્યાત્વમોહનીય પ્રકૃતિ, તે અવ્યક્તમિથ્યાત્વ છે.

अनाद्यव्यक्तमिथ्यात्वं, जीवे ऽस्त्येव सदा परम् ।
व्यक्तमिथ्यात्वधीप्राप्ति–र्गुणस्थानतयोच्यते ॥ ७ ॥

**ગાથાર્થ**:જીવમાં સદાકાળ રહેનારું અનાદિ સંબંધવાળું અવ્યક્તમિથ્યાત્વ છે. ( માટે અવ્યક્તમિથ્યાત્વને ગુણસ્થાન કહી શકાતું નથી ) પરંતુ વ્યક્તમિથ્યાત્વયુક્ત બુદ્ધિની જે પ્રાપ્તિ, તે જ ગુણસ્થાન કહેવાય છે.

**ટીકાર્થ** : અનાદિ અવ્યક્ત એવું મિથ્યાત્વ અવ્યવહાર રાશિવર્તી પ્રાણીમાં સદાકાળ હોય છે જ. પરંતુ પૂર્વે કહેલા સ્વરૂપવાળી [1]વ્યક્ત મિથ્યાત્વયુક્ત બુદ્ધિની જે પ્રાપ્તિ, તે જ ગુણસ્થાન કહેવાય.

**પ્રશ્ન** :- સિદ્ધાન્તાદિમાં "सव्वजिअठाणं मिच्छे"– મિથ્યાત્વ ગુણસ્થાનમાં સર્વ જીવ સ્થાન હોય છે -એમ કહેલ છે, તો વ્યક્તમિથ્યાત્વવાળી બુદ્ધિની પ્રાપ્તિ

---

૧ વ્યવહાર રાશિવાળા વ્યક્તમિથ્યાત્વી જીવોને જ અહિં પ્રથમ ગુણસ્થાન કહ્યું, તે યુક્ત છે, કારણકે પહેલી ગાથામાં કહી ગયા કે-જે જે સ્થાને પૂર્વે પ્રાપ્ત થયેલા ગુણથી કંઈક વિશેષ ગુણ પ્રગટ થાય, તે તે સ્થાનને ગુણસ્થાન કહેવાય, આ વચનાનુસાર અવ્યક્તમિથ્યાત્વથી વ્યક્તમિથ્યાત્વ વિશેષ ગુણ છે, માટે વ્યક્તમિથ્યાત્વ–એ જ પ્રથમ ગુણસ્થાન કહી શકાય.

(વ્યક્તમિથ્યાત્વવાળા જીવો જ) પ્રથમ ગુણસ્થાનમાં ગણાય તે કેવી રીતે?

**ઉત્તર :-** "सर्वे भावाः सर्वजीवैः प्राप्तपूर्वा अनन्तशः"

'સર્વ જીવોએ સર્વભાવ અનંતવાર પ્રાપ્ત કર્યા છે' આ શાસ્ત્રવચનાનુસાર વ્યક્તમિથ્યાત્વવાળા જીવો વ્યવહારરાશિમાં હોય છે અને તે જીવો જ અહિં પ્રથમ ગુણસ્થાનમાં ગણાય છે, પરંતુ અવ્યવહારરાશિવાળા જીવો પ્રથમ ગુણસ્થાનમાં ન ગણાય, કારણકે તેઓને અનાદિ અવ્યક્તમિથ્યાત્વ જ હોય છે, માટે આ વાતમાં કોઈ વિરોધ નથી.

બીજી અપેક્ષાએ વિચારતાં અવ્યક્તમિથ્યાત્વી અનાદિ અવ્યવહારરાશિવાળા જીવોને પણ કાંઈક અવિપરીત જ્ઞાનમાત્રાની અપેક્ષાએ પહેલું ગુણસ્થાન કહેવું સર્વથા અનુચિત તો નથી જ. કારણ કે અવ્યવહારી નિગોદજીવ પણ પદાર્થના કેટલાક અલ્પ પર્યાયોને પણ અવિપરીતપણે ગ્રહણ કરી શકે છે, પરંતુ સર્વે પર્યાયો વિપરીત રૂપે જ અવ્યવહારી જીવને પરિણમેલા છે–એમ સર્વથા ન કહી શકાય, માટે કેટલાક અવિપરીતપણે પરિણમેલા પર્યાયોની અપેક્ષાએ અવ્યવહારી જીવોને પણ પ્રથમ ગુણસ્થાનક કહી શકાય.

શ્રી મલયગિરિ મહારાજે ષડશીતિ વૃત્તિમાં કહ્યું છે કેઃ–

" अन्ततो निगोदावस्थायामपि तथाभूताव्यक्तस्पर्शमात्रप्रतिपत्ति अविपर्यस्तापि भवति "

અવ્યવહારરાશિમાં પણ અવિપરીતપણે તથાપ્રકારની અસ્પષ્ટ સ્પર્શમાત્રની પ્રતિપત્તિ હોય છે.

તેમજ **કર્મસ્તવ વિવરણ વિગેરે ગ્રંથોમાં પણ** અવ્યવહારરાશિવર્તી જીવને પ્રથમ ગુણસ્થાન કહ્યું છે.

માટે અહીં બન્ને આચાર્યોનાં વચનો સત્ય અને અપેક્ષાયુક્ત હોવાથી અવિસંવાદી છે.

આ ગાથામાં જે વ્યક્તમિથ્યાત્વ કહ્યું, તે તત્ત્વથી મિત્રાદિ ચાર દૃષ્ટિવાળું જ જાણવું. પરંતુ જ્યાં સુધી મિત્રાદૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી સંજ્ઞિપંચેન્દ્રિયમાં પણ મિથ્યાત્વ છે, તે અવ્યક્તમિથ્યાત્વ છે અને તે ગુણસ્થાન સ્વરૂપ નથી.

**દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકામાં** મિત્રાદૃષ્ટિની બત્રીશીના વર્ણનમાં કહ્યું છે કેઃ—

व्यक्तमिथ्यात्वधीप्राप्ति–रप्यन्यत्रेयमुच्यते ।

घने मले विशेषस्तु, व्यक्ताव्यक्तधियोर्नु कः ॥१॥

અન્ય ગ્રંથોમાં ( જૈનદર્શનના જ પરંતુ દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા સિવાયના ) વ્યક્તમિથ્યાત્વ બુદ્ધિની પ્રાપ્તિને પહેલું મિથ્યાત્વગુણસ્થાન કહ્યું છે, તે વ્યક્તમિથ્યાત્વ બુદ્ધિ આ મિત્રાદૃષ્ટિ જ કહેવાય છે. અન્યથા તીવ્ર મિથ્યાત્વ કર્મરૂપી મળનો ઉદય વર્તતા વ્યક્ત અને અવ્યક્ત બુદ્ધિરૂપ બે ભેદ શી રીતે થાય ?

**પૂજ્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કેઃ—**

प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् ।

अस्यां तु तदवस्थायां, मुख्यमन्वर्थयोगतः ॥१॥

જે પ્રથમ ગુણસ્થાન સામાન્ય સ્વરૂપે વર્ણવ્યું છે, તે મિથ્યાત્વગુણસ્થાન. અન્વર્થના યોગથી નામ, નામના અર્થ અને તે નામવાળો પદાર્થ-એ ત્રણે વિચારતાં એક સરખો ભાવ નીકળે તે અન્વર્થયોગ, મિત્રાદૃષ્ટિની અવસ્થામાં જ મુખ્યપણે હોય છે.

## મિથ્યાત્વી આત્માને ઉત્પન્ન થતાં દોષો :–

**मद्यमोहाद्यथा जीवो, न जानाति हिताहितम् ।**
**धर्मा–धर्मौ न जानाति, तथा मिथ्यात्वमोहितः ॥८॥**

**ગાથાર્થ :** જેમ મનુષ્યાદિ પ્રાણીઓ મદિરાના ઉન્માદથી ભાન ભૂલીને હિત–અહિતને જાણતાં નથી, તેમ મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ અજ્ઞાન દશામાં વર્તતો હોવાથી ધર્મ–અધર્મને જાણતો નથી.

मिथ्यात्वेनालीढचित्ता नितान्तम्, तत्त्वातत्त्वं जानते नैव जीवाः ।
किं जात्यन्धाः कुत्रचिद्वस्तुजाते–रम्यारम्यव्यक्तिमासादयेयुः ।१।

**ટીકાર્થ:** જન્માંધ પુરુષ કોઈપણ પદાર્થને સુંદર છે કે અસુંદર, તે જોઈ શકે નહિ તેમ અતિગાઢ મિથ્યાત્વયુક્ત જીવો તત્ત્વ શું અને અતત્ત્વ શું ? તે જાણી શકતા નથી.

**મિથ્યાત્વની સ્થિતિ :-**

**अभव्याश्रितमिथ्यात्वे ऽनाद्यनन्ता स्थितिर्भवेत् ।**
**सा भव्याश्रितमिथ्यात्वे ऽनादिसान्ता पुनर्मता ॥९॥**

**ગાથાર્થ :** અભવ્યની અપેક્ષાએ મિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત છે અને ભવ્યની અપેક્ષાએ અનાદિસાંત છે.

શ્રી સિદ્ધાંતમાં કહ્યું છે કે :–

मिच्छत्तमभव्वाणंत–मणाइमणंतयं मुणेयव्वं ।
भव्वाणं तु अणाइ–सपज्जवसियं तु मिच्छत्तं ॥१॥

અભવ્ય જીવનું જે મિથ્યાત્વ છે, તે અનાદિ અનંત કાળ પ્રમાણુ છે. અને ભવ્ય જીવનું જે મિથ્યાત્વ તે, અનાદિ સાંત જાણુવું.

આ સામાન્યથી મિથ્યાત્વની સ્થિતિ દર્શાવી, જો મિથ્યાત્વગુણુસ્થાનની સ્થિતિ વિચારીએ, તો અભવ્યની અપેક્ષાએ સાદિઅનંત અને ભવ્યની અપેક્ષાએ સાદિ-સાંત હોય છે.

આ મિથ્યાત્વગુણુસ્થાને જીવ બંધપ્રાયોગ્ય ૧૨૦ કર્મ પ્રકૃતિઓમાંથી તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક–આ ત્રણુ પ્રકૃતિઓ બાંધતો ન હોવાથી [૧]૧૧૭ કર્મપ્રકૃતિ બાંધે છે.

ઉદય પ્રાયોગ્ય ૧૨૨ કર્મ પ્રકૃતિઓમાંથી મિશ્રમોહ-નીય, સમ્યક્ત્વમોહનીય, આહારકદ્વિક અને જિનનામકર્મ –આ પાંચ પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી [૨]૧૧૭ પ્રકૃતિનો ઉદય હોય છે.

સત્તામાં તો [૩]૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે.

---

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧–૨ | જ્ઞાન | દર્શન૦ | વેદ૦ | મોહ૦ | આયુ – | નામ – | ગોત્ર – | અંતરાય |
| | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ =૧૧૭ |
| ૩ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદ૦ | મોહ | આયુ | નામ | ગોત્ર | અંતરાય |
| | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ =૧૪૮ |

**ભાવાર્થ**: જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવે ત્યારે મિથ્યાત્વગુણુસ્થાનને પામે છે, માટે મિથ્યાત્વ ગુણુસ્થાનની સ્થિતિ સાદિ અને ત્યારબાદ અનંતકાળ સુધી વ્યવહારરાશિમાં જ ગણાય માટે અનંત. આ પ્રમાણે આ પ્રકરણુની માન્યતાનુસાર વ્યવહારરાશિવાળા જીવનું મિથ્યાત્વ, તે મિથ્યાત્વગુણુસ્થાન અને તેની સ્થિતિ અભવ્યની અપેક્ષાએ સાદિ અનંત અને ભવ્યની અપેક્ષાએ સાદિ સાંત છે. કારણુ કે ભવ્ય જીવ વ્યવહારરાશિમાં આવી મિથ્યાત્વ ગુણુસ્થાન પામી ફરીથી તે છોડીને સમ્યક્ત્વાદિ ગુણુસ્થાન પામે છે.

અહિં ૧૨૦ કર્મપ્રકૃતિના બંધવાળો જીવ મિથ્યાત્વ યુક્ત નહિ પણુ મિથ્યાત્વ ગુણુસ્થાનયુક્ત ગણાય છે. અને તે પણુ વ્યક્તમિથ્યાત્વયુક્ત સમજવો. દેવગતિઆદિ કેટલીક પ્રકૃતિઓ વ્યક્તમિથ્યાત્વવાળો જ બાંધી શકે છે, પણુ અવ્યવહારરાશિમાં રહેલો અવ્યક્તમિથ્યાત્વવાળો જીવ બાંધી શકતો નથી.

ઉદય અને સત્તામાં પણુ ૧૧૭ નો ઉદય અને ૧૪૮ ની સત્તા વ્યવહારરાશિમાં રહેલા જીવને હોય છે. અવ્યવહારરાશિમાં રહેલા જીવને હોય નહિ. તેથી આ સ્થાને "મિથ્યાત્વમાં વર્તતા જીવને અનુક્રમે ૧૧૭ – ૧૧૭ – ૧૪૮ પ્રકૃતિની બંધ, ઉદય, સત્તા હોય" એમ ન કહેતાં "મિથ્યાત્વગુણુસ્થાનમાં વર્તતા જીવને અનુક્રમે ૧૧૭ – ૧૧૭ – ૧૪૮ પ્રકૃતિનો બંધ ઉદય–સત્તા હોય કારણુકે દેવગતિઆદિ પ્રકૃતિઓ અવ્યવહારી

જીવને બંધ–ઉદય–સત્તામાં હોતી નથી. જિનનામકર્મ આહારકશરીરનામકર્મ અને આહારક ઉપાંગનામકર્મ–આ ત્રણ પ્રકૃતિઓનો બંધ મિથ્યાત્વમાં અને મિથ્યાત્વગુણ-સ્થાનમાં પણ ન હોય.

કારણ :– જિનનામકર્મ સમ્યક્ત્વથી બંધાય છે અને આહારકદ્વિક અપ્રમત્તચારિત્રથી બંધાય છે.

*

# ૨ સાસ્વાદનગુણસ્થાન

## ઉપશમસમ્યક્ત્વનું સ્વરૂપ :–

**अनादिकालसंभूत–मिथ्याकर्मोपशान्तितः ।**
**स्यादौपशमिकं नाम, जीवे सम्यक्त्वमादितः ॥१०॥**

ગાથાર્થ :– અનાદિકાળથી ઉત્પન્ન થયેલ મિથ્યાત્વ-મોહનીય કર્મ ઉપશાંત થવાથી જીવને પ્રથમ ઉપશમ-સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :– ભવ્યજીવને અનાદિકાળથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વમોહનીયકર્મના ઉપશમથી ગ્રંથિભેદ કર્યા પછી પ્રથમ ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

**ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા —**

ઉપશમસમ્યક્ત્વના બે પ્રકાર છે.

(૧) અન્તરકરણઉપશમસમ્યક્ત્વ.

(૨) ઉપશમ શ્રેણિગત ઉપશમ સમ્યક્ત્વ.

## (૧) અન્તરકરણ ઉપશમસમ્યક્ત્વ—

જે જીવે અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદ કર્યો છે. અને [1]ત્રણ પુંજ કર્યા નથી એવા જીવનને ઉદયમાં[2] આવેલું મિથ્યાત્વ ક્ષય પામ્યું હોય, અને [3]અનુદીર્ણ મિથ્યાત્વના ઉદય પામવાને હજુ અંતર્મુહૂર્ત જેટલો વિલંબ છે એવા જીવનો અન્તરકરણ સંબંધી અન્તર્મુહૂર્ત્તનો કાળ સર્વ મિથ્યાત્વનાં ઉદય રહિત હોવાથી તે વખતે અન્તરકરણ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

આ અંતરકરણ ઉપશમસમ્યક્ત્વ આખા ભવચક્રમાં એકવાર જ પ્રાપ્ત થાય છે, તે બહુલતાએ જાણવું. (બીજા કોઈ વખતે ન થાય તેવો એકાંત નિષેધ નથી.)

**ભાવાર્થ :-** અંતરકરણોપશમસમ્યક્ત્વ અનાદિ મિથ્યાદૃષ્ટિને પ્રથમવાર પામવાનું હોય છે, તેથી તે જીવે પહેલાં કોઈપણ વાર ત્રણપુંજ કરેલા નથી. કારણ કે પુંજ-

---

૧ **ત્રણ પુંજ**- મિથ્યાત્વમોહનીય કર્મના પુદ્ગલ રાશિમાંથી

(૧) અશુદ્ધ પુદ્ગલો તે મિથ્યાત્વપુંજ.

(૨) અર્ધવિશુદ્ધ પુદ્ગલો તે મિશ્રપુંજ

(૩) શુદ્ધ પુદ્ગલો તે સમ્યક્ત્વપુંજ.

૨ આ વચન અંતરકરણના ક્રિયાકાળ વખતનું જાણવું.

૩ આ વચન અંતરકરણના અનુભવકાળ વખતનું જાણવું.

કરણ તો સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે, સિદ્ધાંત મતે અપૂર્વ-કરણમાં, કર્મગ્રંથમતે ઉપશમસમ્યક્ત્વના કાળમાં અને કર્મપ્રકૃતિમતે અનિવૃત્તિકરણના અંત્ય સમયે હોય છે.

**પ્રશ્ન** :- જ્યારે જ્યારે જીવ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે ત્યારે અંતરકરણ તો અવશ્ય કરવું પડે છે, તો પહેલું ઉપશમસમ્યક્ત્વ તે અન્તરકરણોપશમ ઉપશમ-સમ્યક્ત્વ અને બીજીવારનાં ચાર ઉપશમસમ્યક્ત્વ સ્વશ્રેણિગત ઉપશમસમ્યક્ત્વ એવો ભેદ કેવી રીતે ?

**ઉત્તર** :- અનાદિ મિથ્યાદૃષ્ટિ જ્યારે પ્રારંભમાં ઉપશમસમ્યક્ત્વ પામે છે ત્યારે ઉદય આવેલા મિથ્યાત્વનું જ અંતરકરણ કરવું પડે છે અને શેષ ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે ઉદયમાં મિથ્યાત્વમોહનીય નહીં પણ સમ્યક્ત્વમોહનીય હોય છે, તેનું અંતરકરણ થાય છે, માટે મિથ્યાત્વોદયના અંતરકરણની મુખ્યતાએ અહિં પહેલાં ઉપશમસમ્યક્ત્વને જ અંતરકરણોપશમ કહ્યું અને શેષ ચારે ઉપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહના વિપાકોદયનું અને શેષ બે મોહનીયના પ્રદેશોદયનું અથવા અપેક્ષાએ એક જ મિથ્યાત્વમોહનીયના પ્રદેશોદયનું અન્તરકરણ હોય છે, માટે મિથ્યાત્વના પ્રદેશોદયનું અન્તરકરણ ગૌણ ગણાય અને મિથ્યાત્વના વિપાકોદયનું અન્તરકરણ પ્રધાન ગણાય, તે કારણથી પહેલું ઉપશમસમ્યક્ત્વ અંતરકરણો-પશમ કહ્યું અને બીજા સમ્યક્ત્વને શ્રેણિગત કહ્યા. કારણ કે તે ચારે ઉપશમસમ્યક્ત્વો ઉપશમ-શ્રેણિમાં જ પ્રાપ્ત થાય છે.

(૨) ઉપશમશ્રેણિગત ઉપશમ સમ્યકત્વ—

જે જીવે ઉપશમશ્રેણિ પ્રારંભી હોય, તે જીવને પ્રથમ અનંતાનુબંધિ કષાયો અને ત્યારબાદ મિથ્યાત્વ-મોહનીય (ઉપલક્ષણથી ત્રણે દર્શનમોહનીય) ઉપશાંત થતાં સ્વશ્રેણિગત (ઉપશમ શ્રેણિગત) ઉપશમસમ્યકત્વ થાય છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે—

अकयतिपुंजो ऊसरदव–ईलियदव्वुलक्खनाएहिं ।
अंतरकरणउवसमिओ, उवसमिओ वाससेणिगओ ॥१॥

જેણે ત્રણ પુંજ કર્યા નથી એવો જીવ ઉષરક્ષેત્ર, ઇલિકા અને દવદગ્ધ દૃષ્ટાંતથી અંતરકરણઉપશમસમ્યકત્વ અથવા સ્વશ્રેણિગતઉપશમસમ્યકત્વ પામે છે.

આ બંને પ્રકારનું ઉપશમસમ્યકત્વ સાસ્વાદનગુણ-સ્થાનની પ્રાપ્તિમાં મુખ્ય કારણ છે.

**ભાવાર્થ**:– ઉષરક્ષેત્રમાં (ક્ષારભૂમિમાં) વાવેલું બીજ પુનઃ નષ્ટ થઈ જાય છે, તેમ ઉપશાંતમિથ્યાત્વવાળા જીવને પ્રાપ્ત થયેલું સમ્યકત્વ પુનઃ નષ્ટ થાય છે.

ઇયળ જેમ પોતાના શરીરનો અગ્રભાગ પ્રથમ લંબાવી આગળના સ્થાને મૂકી તેથી આગળના સ્થાનનું આલંબન ન પામતાં પુનઃ તે અગ્રભાગ સંકોચી મૂળ સ્થાને પાછી આવી જાય છે, તેમ ઉપશમ સમ્યકત્વથી ચ્યવેલા ઉપશમસમ્યગ્દૃષ્ટિજીવે ત્રણ પુંજ નહિ કરેલા હોવાથી મિશ્રપુંજ અથવા સમ્યકત્વપુંજરૂપ આલંબન ન પામવાથી પુનઃ મિથ્યાત્વ પામે છે.

દાવાનળથી બળેલું વૃક્ષ પુનઃ પલ્લવિત થાય છે, તેમ ઉપશમસમ્યક્ત્વ યોગ્ય અધ્યવસાયથી અનુદિત થયેલું મિથ્યાત્વ પુનઃ ઉદયમાં આવે છે.

અહિં જો કે સમ્યક્ત્વની પ્રાપ્તિસંબંધી એ ત્રણ દૃષ્ટાંત કહ્યાં, પરંતુ સમ્યક્ત્વનો નાશ પામી મિથ્યાત્વની પ્રાપ્તિના અર્થમાં પણ એ ત્રણ દૃષ્ટાંત જાણવા.

## સાસ્વાદનસમ્યક્ત્વની પ્રાપ્તિ

**एकस्मिन्नुदिते मध्या–च्छान्तानन्तानुबन्धिनाम् ।**
**आद्यौपशमिकसम्यक्त्वशैलमौलेः परिच्युतः ॥११॥**
**समयादावलिषट्कं, यावन्मिथ्यात्वभूतलं ।**
**नासादयति जीवोऽयं, तावत्सास्वादनो भवेत् ॥१२॥**

પ્રથમવાર ઔપશમિકસમ્યક્ત્વરૂપ પર્વતના શિખર ઉપરથી પડતા જીવને ઉપશાંત પામેલા ચાર અનંતાનુબન્ધિ કષાયમાંથી ક્રોધાદિ એક કષાયનો ઉદય થતાં જ્યાં સુધી મિથ્યાત્વરૂપ ભૂમિતલને પામતો નથી. ત્યાં સુધી જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટ ૬ આવલિકા કાળ સુધી સાસ્વાદનસમ્યક્ત્વ હોય છે.

**ભાવાર્થઃ**- પર્વતના શિખર જેવું ઉપશમસમ્યક્ત્વ છે, ત્યાંથી પડતા જીવને અનંતાનુબન્ધિ ક્રોધ, માન, માયા, લોભમાંથી એક કષાયનો ઉદય થવાથી મિથ્યાત્વરૂપ ભૂમિતલ સન્મુખ જાય છે. જ્યાં સુધી ભૂમિતલ ઉપર પડ્યો નથી ત્યાં સુધી એટલે-

જઘન્યથી ૧ સમય,

ઉત્કૃષ્ટથી ૬ આવલિકા સુધી જીવને સાસ્વાદન ગુણસ્થાનક હોય છે.

## સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે-

उवसमअद्धाइठिओ, मिच्छमपत्तो तमेव गंतुमणो ।
सम्मं आसायंतो, सासायणिमो मुणेयव्वो ।।१।।

ઉપશાંત અદ્ધામાં (કાળમાં) વર્તતો મિથ્યાત્વની સન્મુખ થયેલો જીવ, સમ્યક્ત્વના કાંઈક અનુભવવાળો છે, તે સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ જાણવો.

**પ્રશ્ન :** વ્યક્તમિથ્યાત્વની પ્રાપ્તિરૂપ મિથ્યાત્વ-ગુણસ્થાનને અને અધિક ગુણની પ્રાપ્તિરૂપ મિશ્રાદિ ગુણ-સ્થાનને ગુણસ્થાન કહેવું યુક્ત છે, પરંતુ સમ્યક્ત્વ ગુણથી પડવારૂપ સાસ્વાદનભાવને ગુણસ્થાન કેવી રીતે કહેવાય?

**ઉત્તર** :–મિથ્યાત્વ ગુણસ્થાનની અપેક્ષાએ સાસ્વા-દનભાવ પણ ઊંચા સ્થાને ચડવારૂપ જ છે, કારણકે મિથ્યાત્વગુણસ્થાન અભવ્યોને હોય છે, જ્યારે સાસ્વાદન-ગુણસ્થાન તો ભવ્ય જીવમાં પણ જેમનો અર્દ્ધપુદ્ગલ પરાવર્ત માત્ર સંસાર બાકી રહ્યો હોય તેવા જીવને હોય છે.

## સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે :–

अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल–परिअट्टो चेव संसारो ।।

જે જીવોને અન્તર્મુહૂર્ત્ત પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય તેમનો અર્દ્ધપુદ્ગલપરાવર્ત જેટલો સંસાર બાકી છે.

આ પ્રમાણે સાસ્વાદન પણ મિથ્યાત્વથી અધિક ગુણવાળું સ્થાન છે, તેથી કોઈ દોષ નથી.

## સાસ્વાદનગુણસ્થાનમાં બંધ-ઉદય-સત્તા

સાસ્વાદનગુણસ્થાનમાં મિથ્યાત્વ-નરકત્રિક એકેન્દ્રિયાદિ જાતિ ચતુષ્ક, સ્થાવરચતુષ્ક, આતપ, હુંડકસંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, નપુંસકવેદ, આ ૧૬ પ્રકૃત્તિનો બંધ વિચ્છેદ થવાથી ૧૦૧ પ્રકૃત્તિનો બંધ હોય છે.

તથા સૂક્ષ્મત્રિક-આતપ અને મિથ્યાત્વ-આ પાંચ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ (મિથ્યાત્વને અંતે) થવાથી અને નરકાનુપૂર્વીનો અનુદય થવાથી ૧૧૧ પ્રકૃત્તિનો ઉદય,

તથા તીર્થંકરનામકર્મની સત્તા સાસ્વાદનગુણસ્થાને ન હોવાથી ૧૪૭ પ્રકૃતિની સત્તા હોય છે.

*

# ૩ મિશ્ર ગુણસ્થાન

**मिश्रकर्मोदयाज्जीवे, सम्यग्मिथ्यात्वमिश्रितः ।**
**यो भावो ऽन्तर्मुहूर्तं स्या–त्तन्मिश्रस्थानमुच्यते ॥१३॥**

**ગાથાર્થ :** જીવને મિશ્રમોહનીયકર્મના ઉદયથી અન્તર્મુહૂર્ત્ત કાળ પ્રમાણ સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્રિત ભાવ થાય તે મિશ્રગુણસ્થાનક કહેવાય છે.

**ટીકાર્થ :** દર્શનમોહનીયકર્મની બીજી પ્રકૃતિ મિશ્રમોહનીય છે. તેના ઉદયથી જીવને અંતર્મુહૂર્ત્ત સુધી સમકાળે

સમ્યક્ત્વ અને મિથ્યાત્વથી મિશ્રિતભાવ થાય છે. પરંતુ જે જીવ સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ કોઈપણ એક જ ભાવમાં વર્તતો હોય, તો તે જીવ મિશ્રગુણસ્થાનવર્તી ન કહેવાય, કારણકે અહીં મિશ્રપણું એટલે બે ભાવ એકત્ર થઈને નવો ત્રીજો ભાવ ઉત્પન્ન થવા રૂપ છે.

## દૃષ્ટાંત

जात्यन्तरसमुद्भूति–र्वडवाखरयोर्यथा ।
गुडदध्नोः समायोगे, रसभेदान्तरं यथा ॥१४॥
तथा धर्मद्वये श्रद्धा, जायते समबुद्धितः ।
मिश्रोऽसौ भण्यते तस्माद्भावो–जात्यन्तरात्मकः ॥१५॥

**ગાથાર્થ :** જેમ ઘોડી અને ગર્દભના સંયોગથી ખચ્ચર રૂપ એક નવી જાતિ ઉત્પન્ન થાય છે, ગોળ અને દહિંના સંયોગથી એક નવો જ સ્વાદ ઉત્પન્ન થાય છે, તેમ જે જીવની બુદ્ધિ સર્વજ્ઞભાષિત અને અસર્વજ્ઞભાષિત બન્ને ધર્મમાં સમાન શ્રદ્ધાવાળી થાય, તે મિશ્રગુણસ્થાનવાળો કહેવાય છે.

**ભાવાર્થઃ**– સિદ્ધાંતમાં કહ્યું છે કે–

जह गुडदहीणि महियाणि, भावसहिआणि हुंति मीसाणि ।
भुंजतस्स तहोभय, तद्दिट्ठी मीसदिट्ठी य ॥

જેમ ગોળ અને દહિંને સાથે કરીને ભોજન કરનારને મિશ્ર નવીન રસ લાગે છે, તેમ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ બન્ને મિશ્રિત થતાં નવીન મિશ્રદૃષ્ટિ થાય છે.

## મિશ્રગુણસ્થાનની વિશેષતા

**आयुर्बध्नाति नो जीवो मिश्रस्थो म्रियते न वा ।**
**सद्दृष्टिर्वा कुदृष्टिर्वा, भूत्वा मरणमश्नुते ॥१६॥**

**ગાથાર્થ** :– મિશ્રગુણસ્થાનમાં રહેલો જીવ આયુષ્ય બાંધતો નથી, મૃત્યુ પામતો નથી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ થઇને મરણ પામે છે.

**ટીકાર્થ** :– [1]મિશ્રગુણસ્થાનમાં રહેલો જીવ પરભવમાં ઉપજવા માટે આયુષ્યનો બંધ કરતો નથી, પરંતુ ચોથા સમ્યગ્દૃષ્ટિગુણસ્થાને જઈને અથવા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં આવીને મરણ પામે છે.

**ભાવાર્થ** :– મિથ્યાત્વ, સાસ્વાદન, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ અને અયોગિકેવલી, આ ૧૧ ગુણસ્થાનોમાં વર્તતો જીવ મરણ પામી શકે છે,

તથા મરણપ્રાયોગ્ય ૧૧ ગુણસ્થાનમાંથી મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતસમ્યગ્દૃષ્ટિ, આ ત્રણ ગુણસ્થાન પરભવમાં જીવની સાથે જાય છે.

## સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે :–

मीसखीणसंजोगे न मरइ, अवरेसु मरइ इगारससु ।
अविरयमिच्छदुगं सम्मं, परभवमणुजंति नो अट्ठं ॥

---

૧. જેમ મિશ્રગુણસ્થાનમાં મરણ પામતો નથી તેમ ૧૨ મા ક્ષીણમોહ અને ૧૩ મા સયોગિગુણસ્થાનમાં પણ મરણ પામતો નથી.

મિશ્ર, ક્ષીણમોહ અને સયોગી એ ત્રણ ગુણસ્થાનમાં જીવ મરણ પામતો નથી બાકીના ૧૧ ગુણસ્થાનમાં મરણ પામે છે. તથા અવિરત, મિથ્યાત્વ અને સાસ્વાદન એ ત્રણ ગુણસ્થાનો પરભવમાં જીવની સાથે જાય છે, બાકીના ૮ ગુણસ્થાન ( સર્વ મળી ૧૧ ગુણસ્થાન ) પરભવમાં સાથે જતાં નથી.

## પૂર્વ બદ્ધાયુ મિશ્રગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ –

**सम्यग्मिथ्यात्वयोर्मध्ये, ह्यायुर्येनार्जितं पुरा ।**
**म्रियते तेन भावेन, गतिं याति तदाश्रिताम् ॥१७॥**

**ગાથાર્થ** :- મિશ્રગુણસ્થાનની પ્રાપ્તિ પૂર્વે જીવે સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ જે ભાવે આયુષ્ય બાંધ્યું હોય, તે ભાવ સહિત જીવમરણ પામે છે, અને તે ભાવ અનુસાર સદ્ગતિ અથવા દુર્ગતિમાં જાય છે.

**ભાવાર્થ** :- મિશ્રભાવ પામ્યા પહેલાં જીવ, મિથ્યાત્વે હોય અથવા અવિરતિગુણસ્થાને હોય, ત્યાં આયુષ્ય કર્મ બાંધ્યું હોય અને ત્યાર પછી મિશ્રગુણસ્થાન પામે, તો મિશ્રભાવને અનુભવીને પૂર્વભાવને અનુસારે જ ગતિ પામે છે.

**ટીકાર્થ** :- મિશ્રગુણસ્થાને બંધ–ઉદય–સત્તા

મિશ્રગુણસ્થાનવર્તી જીવ તિર્યંચત્રિક, સ્ત્યાનર્દ્ધિત્રિક, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અનંતાનુબંધિચતુષ્ક, મધ્યસંસ્થાન-

ચતુષ્ક, મધ્યસંઘયણચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોત, અશુભ-વિહાયોગતિ અને સ્રીવેદ–આ ૨૫ પ્રકૃતિનો સાસ્વાદનને અંતે બંધવિચ્છેદ થવાથી તથા મનુષ્યઆયુષ્ય અને દેવાયુષ્ય –એ બે આયુષ્યનો અબંધ હોવાથી ૭૪ પ્રકૃતિ બાંધે છે.

તથા અનંતાનુબંધિ ચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિય, વિકલેન્દ્રિયત્રિક–આ ૯ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી, દેવાનુપૂર્વી, નરકાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીનો અનુદય થવાથી તેમજ મિશ્રમોહનીયનો ઉદય થવાથી ૧૦૦ પ્રકૃતિનો ઉદય હોય છે,

તથા સાસ્વાદન પ્રમાણે ૧૪૭ પ્રકૃતિની સત્તા હોય છે.

* * *

# ૪ અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાન :

**यथोक्तेषु च तत्त्वेषु रुचिर्जीवस्य जायते।**
**निसर्गादुपदेशाद्वा सम्यक्त्वं हि तदुच्यते ॥१८॥**

**ગાથાર્થ** :– જીવની, સર્વજ્ઞે કહેલા તત્ત્વોમાં સ્વાભાવિક અથવા ઉપદેશ આદિથી જે રૂચિ થવી, તે સમ્યક્ત્વ.

## (૧) નિસર્ગ સમ્યક્ત્વ :–

**ભાવાર્થ** :– સંજ્ઞિપંચેન્દ્રિય ભવ્ય પ્રાણીને પૂર્વ-ભવના અભ્યાસ વિશેષથી ઉત્પન્ન થયેલા અતિનિર્મળ ગુણયુક્ત આત્માના સ્વભાવથી જીવાદિ પદાર્થમાં જે શ્રદ્ધા થાય, તે નિસર્ગસમ્યક્ત્વ.

### (૨) અધિગમ સમ્યક્ત્વ :-

સદ્‌ગુરુએ ઉપદેશેલાં શાસ્ત્રોના શ્રવણુથી જીવાદિ પદાર્થોમાં જે શ્રદ્ધા થાય, તે અધિગમસમ્યક્ત્વ.

### સિદ્ધાંતમાં પણુ કહ્યું છે કે;

रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक् श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥

જિનેશ્વરભાષિત તત્ત્વોમાં રૂચિ થવી તે સમ્યક્ત્વ કહેવાય છે, તે શ્રદ્ધા સ્વાભાવિક પણુ થાય અને ગુરુના પ્રયત્નથી પણુ થાય છે.

### અવિરત સમ્યગ્દૃષ્ટિની વિશેષતા :-

**द्वितीयानां कषायाणा-मुदयाद्व्रतवर्जितम् ।**
**सम्यक्त्वं केवलं यत्र, तच्चतुर्थं गुणास्पदम् ॥१९॥**

**ગાથાર્થ** :- બીજા અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી વ્રતપ્રત્યાખ્યાન રહિત કેવળ સમ્યક્ત્વ માત્ર જ હોય, તે ચોથું ગુણુસ્થાન કહેવાય.

**ભાવાર્થ** :- અવિરત સમ્યગ્દૃષ્ટિ નામનું ચોથું ગુણુસ્થાન છે.

ભોગ, વિલાસ, સુખ અને સૌન્દર્યયુક્ત કુળમાં ઉત્પન્ન થયેલ કોઇ પુરુષે ન્યાયથી ધન ઉપાર્જન કરેલું છે, છતાં જુગાર આદિ દુર્વ્યસનો આચરવાથી અન્યાય કર્યો તેથી રાજ્યદંડ મળ્યો, અભિમાન નાશ પામ્યું, પ્રચંડ કોટવાલોએ અત્યંત વિટંબના કરી, એવો પુરુષ

પોતાના વ્યસનથી ઉત્પન્ન થયેલ નિંદ્ય કર્મ ખોટું છે એમ જાણે છે. તેમજ પોતાના કુળના સુખ, સૌંદર્ય અને સંપદાને ઈચ્છે છે, છતાં કોટવાલો અત્યંત વિટંબણા કરતા હોવાથી સુખે શ્વાસ પણ લઈ શકતો નથી.

તેમ આ જીવ અવિરતપણાને કુત્સિતકર્મ જેવું જાણે છે અને વિરતિના સુખની અતિઅભિલાષા કરે છે, પરંતુ કોટવાલ સરખા અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી વ્રત અંગીકાર કરી શકતો નથી. તેથી વ્રતરહિત કેવળ સમ્યગ્દૃષ્ટિપણું જ આ ગુણઠાણે અનુભવે છે.

## ચોથા ગુણસ્થાનની સ્થિતિ.

**उत्कृष्टाऽस्य त्रयस्त्रिंशत्सागरा साधिका स्थितिः ।**
**तदर्धपुद्गलावर्त्त–भवैर्भव्यैरवाप्यते ॥२०॥**

**ગાથાર્થ** :– અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે, અને ભવ્ય જીવ અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે ત્યારે આ સમ્યક્ત્વ પામે છે.

**ભાવાર્થ** :– ચોથા ગુણસ્થાનની સ્થિતિ સાધિક ૩૩ સાગરોપમ કહી, તે સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તર વિમાનગત દેવોના આયુષ્યરૂપ[૧] જાણવી અને મનુષ્યભવની અધિકતા સમજવી.

અભવ્યજીવોને આ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

---

૧. આ સ્થિતિ સમ્યક્ત્વની નહિ પણ સમ્યક્ત્વગુણસ્થાનની છે, કારણ કે સમ્યક્ત્વની સ્થિતિ સાધિક ૬૬ સાગરોપમ છે જ્યારે સમ્યક્ત્વગુણસ્થાનની સ્થિતિ સાધિક ૩૩ સાગરોપમ છે. અહિં અધિક સ્થિતિ કહી તે દેશોન પૂર્વક્રોડ વર્ષ સમજવી તે આ રીતે–

## સમ્યગ્દૃષ્ટિના લક્ષણો :–

**कृपाप्रशमसंवेग–निर्वेदास्तिक्यलक्षणाः ।**
**गुणा भवन्ति यच्चित्ते, स स्यात्सम्यक्त्वभूषितः ॥२१॥**

**ગાથાર્થ** :– જેના ચિત્તમાં દયા (કૃપા) શાંતતા સંવેગ–નિર્વેદ અને આસ્તિક્ય આ પાંચ ગુણો છે, તે સમ્યક્ત્વથી અલંકૃત છે.

**ભાવાર્થ** :– (૧) **કૃપા** (દયા) દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની ચિન્તા તે દયા (અનુકંપા.)

(૨) **પ્રશમ** :– ક્રોધાદિનાં કારણ ઉત્પન્ન થવા છતાં તીવ્ર ક્રોધનો અભાવ, તે ઉપશમ.

(૩) **સંવેગ** :– સિદ્ધિરૂપી મહેલમાં જવા માટે પગથીઆ સમાન સમ્યગ્જ્ઞાનદર્શનાદિ માર્ગમાં ઉત્સાહરૂપ મોક્ષનો અભિલાષ, તે સંવેગ.

(૪) **નિર્વેદ** :– અત્યંત બિભત્સ અને કુત્સિત આ સંસારરૂપ બંદીખાનામાંથી નીકળવાની ચાહનારૂપ જે ખેદ, તે નિર્વેદ.

---

પૂર્વ ભવે કોઈ જીવે ચારિત્ર પાળ્યું, અનુત્તરવિમાનનું આયુષ્ય બાંધ્યું, મૃત્યુ પામતાં સમકિતગુણસ્થાન પામી અનુત્તરમાં ગયો, ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય થયો, તે ચારિત્ર લઈ ઉપરના ગુણઠાણે ચડે તેટલો સર્વ કાળ ચોથું ગુણસ્થાન હોય છે, તે પહેલાં છઠ્ઠું, સાતમું યાવત્ ૧૧ મું ગુણસ્થાન હોય, તે પછી પણ ગુણસ્થાન અવશ્ય પરાવર્તન પામે છે.

(૫) **આસ્તિક્ય :-** સર્વજ્ઞભાષિત સર્વ ભાવો નિશ્ચય " જેમ કહ્યા છે તેમજ છે" એ રીતે સર્વજ્ઞોક્ત ભાવોનું અસ્તિત્વ વિચારવું, તે આસ્તિક્ય.

## સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનવર્તી જીવોની ગતિ :-

**क्षायोपशमिकी दृष्टिः, स्यान्नरामरसंपदे ।**
**क्षायिकी तु भवे तत्र, त्रितुर्ये वा विमुक्तये ॥२२॥**

**ગાથાર્થ :-** ક્ષયોપશમ સમ્યક્ત્વ જીવોને મનુષ્ય-ગતિ અને દેવગતિની સંપત્તિ આપે છે અને ક્ષાયિકદૃષ્ટિ, જીવોને તે જ ભવમાં અથવા ત્રીજે, ચોથે ભવે મોક્ષ આપે છે.

**ટીકાર્થ :-** જીવના અમુક પ્રકારના પરિણામ વિશેષ તે [૧]કરણ કહેવાય.

કરણો ૩ પ્રકારે છે.

(૧) યથાપ્રવૃત્તકરણ,

(૨) અપૂર્વકરણ,

(૩) અનિવૃત્તિકરણ,

### (૧) યથાપ્રવૃત્તકરણ :-

જે અધ્યવસાય વિશેષથી આયુષ્ય કર્મ સિવાયના ૭

---

૧. ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયિકસમ્યક્દૃષ્ટિની ગતિ કહેવાનો ઉદ્દેશ છોડીને આ કરણનું સ્વરૂપ કેમ કહ્યું ? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય, પરંતુ આ કરણ વિગેરેથી પ્રથમ ક્ષયોપશમ-સમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ કહી પછી બન્નેની ગતિ કહેવાશે માટે આ વ્યાખ્યા વિષયાંતર રૂપ ન સમજવી.

કર્મોની સ્થિતિ કંઈક ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ પ્રમાણે કરી ગ્રંથિસ્થાને આવે તે અધ્યવસાયનું નામ યથાપ્રવૃત્તકરણ.

(૨) અપૂર્વકરણ :–

પૂર્વે પ્રાપ્ત ન થયેલા એવા જે અધ્યવસાયથી અતિ ગાઢ રાગદ્વેષના પરિણામરૂપ ગ્રંથિભેદ કરે, તે અધ્યવસાયનું નામ અપૂર્વકરણ.

(૩) અનિવૃત્તિકરણ :–

નિવૃત્તિ વિનાના[૧] જે અધ્યવસાયથી અતિપરમ આનંદદાયક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, તે અધ્યવસાયનું નામ અનિવૃત્તિકરણ કહેવાય.

---

૧. અપૂર્વકરણથી ગ્રંથિભેદ કર્યા બાદ અનિવૃત્તિકરણમાં આવેલો જીવ, અવશ્ય આગળ વધી સમ્યક્ત્વ પામે છે, પણ પાછો વળતો નથી, માટે અનિવૃત્તિકરણના અધ્યવસાય નિવૃત્તિ એટલે વ્યાવૃત્તિ રહિત છે (પાછા ન વળે એવા છે.)

અથવા વ્યાવૃત્તિ એટલે ફેરફાર,

આ કરણના અધ્યવસાય ફેરફાર વિનાના છે. કારણ કે આ કરણમાં જે અધ્યવસાય પહેલા સમયે છે તે જ જાતિના અધ્યવસાય પહેલા સમયમાં આવેલા સર્વ જીવોના સરખા હોય છે. બીજે સમયે પણ સર્વ જીવોના અધ્યવસાય એક સરખા હોય છે. આ પ્રમાણે અનિવૃત્તિકરણના દરેક સમયમાં અનુક્રમે અનંતગુણ અનંતગુણ વિશુદ્ધ એક સરખા અધ્યવસાય હોય છે, તે તે સમયમાં પ્રવેશ કરેલા સર્વ શ્રેણિગત જીવોના અધ્યવસાય પરસ્પર સરખા હોય છે પણ ફેરફારવાળા હોતા નથી, તે કારણથી પણ આ કારણનું અનિવૃત્તિકરણ નામ છે.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ મહારાજે કહ્યું છે કેઃ-

अंतिमकोडाकोडी सव्वकम्माणमाउवज्जाणं ।
पलिआसंखिज्ज इमे भागेखीणे हवइ गंठी ॥१॥

આયુષ્ય વર્જીને સર્વે કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ન્યૂન એક કોડાકોડી સાગરોપમની થાય ત્યારે ગ્રંથિસ્થાન પ્રાપ્ત થાય છે.

गंठित्ति अ सुच्चे तु, क्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥२॥

ગ્રંથિ એટલે [1]કર્કશ, ઘન, રૂઢ અને ગૂઢ એવી [2]વાંસની ગાંઠ સમાન અને અત્યંત દુઃખે ભેદવા યોગ્ય જીવના કર્મથી ઉત્પન્ન થયેલ રાગદ્વેષરૂપ પરિણામ.

भिन्नंमि तम्मि लाभो संमताईणसुखहेउण सो उ ।
दुलंभोपरिसम चित्तविघायाइविग्घेहिं ॥३॥

તે ગ્રંથિભેદ થાય તો જ મોક્ષના કારણરૂપ સમ્ય-

---

૧. કર્કશ એટલે કઠોર, ઘન એટલે અંદરના ભાગમાં છિદ્રરહિત. રૂઢ એટલે સુકાઈ ગયેલી, ગૂઢ એટલે ઉકેલી ન શકાય એવી. આ પ્રમાણે વિશેષાવશ્યકમાં શબ્દાર્થ જણાવેલ છે.

૨. અહીં કેટલાક ગ્રંથમાં વાંસની ગાંઠ કહી છે. કારણ કે તે બહુ ચીકણી હોય છે, અને શ્રી વિશેષાવશ્યક વૃત્તિમાં બલ્ક આદિ કાષ્ઠવિશેષની ગાંઠ એમ કહ્યું છે.

કૃત્વાદિ ગુણુનો લાભ થાય પરન્તુ પરિશ્રમ અને ચિત્તના વ્યાઘાત આદિ વિઘ્નોથી ગ્રંથિભેદ થવો અતિદુર્લભ છે.

जा गंठी ता पढमं, गंठि समइत्थउ भवे बीअं ।
अनियट्टीकरणं पुण, समत्तपुरक्खडे जीवे ॥४॥

ગ્રંથિસ્થાનની અતિનજીકમાં આવે તેવા અધ્યવસાય, તે યથાપ્રવૃત્તકરણુ, ગ્રંથિનો ભેદ થાય, તેવા અધ્યવસાય તે બીજું અપૂર્વકરણુ અને જીવ સમ્યક્ત્વ પામે તેવા અધ્યવસાય તે અનિવૃત્તિકરણુ કહેવાય.

## ત્રણ મુસાફરનું દૃષ્ટાંત

जह वा तिन्नि मणूसा जंति पहं सहावगमणेणं ।
कालाइक्कमभीया, तुरंति पत्ता य दो चोरा ॥१॥
दट्ठुं मग्गसम्मत्थे, ते एगो मग्गओ पडिनियत्तो ।
बीओ गहिओ तइओ, समइक्कंतो पुरं पत्तो ॥२॥

ત્રણુ મનુષ્યો સ્વાભાવિક ગતિથી કોઈક નગરમાં જવાની ઇચ્છાથી અટવીમાં ચાલવા લાગ્યા, નગરનો રસ્તો ઘણો લાંબો હતો તેથી સંધ્યાવેળા થઈ જતાં રાત્રિ પડશે એમ ભયથી ઉતાવળે ચાલ્યા, તેટલામાં માર્ગમાં બે ચોર મળ્યા, બન્ને ચોર માર્ગના કિનારા ઉપર શસ્ત્ર સહિત ઉભા હતા, તે જોઈને એક પુરુષ મનમાં અતિક્ષોભ પામી ડરથી તે રસ્તેથી પાછો વળ્યો, બીજા પુરુષને બે ચોરોએ ત્યાં જ પકડી લીધો અને ત્રીજો પુરુષ બન્ને ચોરથી ભય ન પામતાં તેમની સાથે યુદ્ધ કરી, હરાવી ઈષ્ટ નગરે પહોંચ્યો.

अडवीभवा मणुसा, जीवा कम्मठिई पहो दीहो ।
गंठी अ भयट्ठाणं, राग–दोसा य दो चोरा ॥३॥
भग्गो ठिइ परिवुड्ढी गहिओ पुणो गंठिओ गओ तइओ ।
सम्मत्तपुरं एवं, जोइज्जा तिन्नि करणाइं ॥४॥

## દૃષ્ટાંતનો ઉપનય :–

સંસાર અટવી તુલ્ય છે, ત્રણ મુસાફરો તે–

(૧) ગ્રંથિસ્થાને આવી પાછા વળી દીર્ઘ કર્મ સ્થિતિ બંધકજીવ.

(૨) ગ્રંથિસ્થાનમાં રહેનાર (દીર્ઘ સ્થિતિ નહિ વધારનાર) જીવ.

(૩) સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવ.

આ રીતે ત્રણ પ્રકારના સંસારી જીવો જાણવા.

કર્મની દીર્ઘ સ્થિતિ તે દીર્ઘમાર્ગ.

ગ્રંથિ તે ભયસ્થાન.

રાગ–દ્વેષ તે બે ચોર જાણવા.

તથા ગ્રંથિદેશ સુધી આવીને પુનઃ અશુભપરિણામવાળો થઈ જેણે કર્મની સ્થિતિ દીર્ઘ કરી, તે ચોરોથી નાસી ગયેલા પુરુષ સમાન.

પ્રબલ રાગ–દ્વેષના ઉદયવાળો ગ્રંથિસ્થાનમાં રહેનાર જીવ બે ચોરોએ ગ્રહણ કરેલ પુરુષ સમાન.

સમ્યગ્દર્શનાદિ ગુણ પામેલ જીવ, તે ઈષ્ટ નગરે

પહોંચેલા ત્રીજા પુરુષ સમાન સમજવો. આ રીતે ત્રણ કરણનો ઉપનય ત્રણ પુરુષના દૃષ્ટાંતથી [1] સમજવો.

૧ અહિં ઉપનયમાં જેમ કોઈ ત્રણ મનુષ્યો અમુક નગરે જવા નીકળ્યા નથી, પરંતુ હંમેશ પોતાની ભૂમિમાં આમ-તેમ ગમન કરે છે તેની સમાનકરણ સન્મુખ નહિ થયેલા પરંતુ અનાદિ મિથ્યાત્વ ભૂમિમાં જ સામાન્યથી હીન-અધિકઅ ધ્યવસાયોમાં વર્તતા યથાપ્રવૃત્તકરણવાળા સંસારી જીવો જાણવા તથા કોઈ નગર પ્રત્યે જવાની ઈચ્છાથી અટવીના માર્ગમાં પ્રયાણ કરતા ત્રણ મનુષ્યો સમાન કરણ સન્મુખ થયેલા સમ્યક્ત્વાભિમુખી માર્ગમાં આવેલા વિશિષ્ટ યથાપ્રવૃત્તકરણવાળા સંસારી જીવો જાણવા. કારણકે જીવને યથાપ્રવૃત્તકરણ અનાદિ કાળથી પણ કહેલું છે તે આ પ્રમાણે- **जा गंठी ता पढमं** એ પદની વૃત્તિમાં.

**"अनादिकालादारभ्य यावद् ग्रन्थिस्थानं तावत् प्रथमं यथाप्रवृत्तिकरणं भवति, कर्मक्षपणनिबन्धनस्याध्यवसाय-मात्रस्य सर्वदैव भावात्, अष्टानां कर्मप्रकृतिनामुदयप्राप्तनां सर्वदैव क्षपणादिति.**

અનાદિકાળથી પ્રારંભીને જ્યાં સુધી ગ્રંથિસ્થાન પ્રાપ્ત થાય ત્યાં સુધી પહેલું યથાપ્રવૃત્તકરણ હોય છે, કારણ કે કર્મ ખપાવવાના કારણભૂત અધ્યવસાય સદાકાળ હોય જ છે, તેથી ઉદયમાં આવતી કર્મપ્રકૃતિઓ સદાકાળ ક્ષય પામતી જ જાય છે.

આ પ્રમાણે યથાપ્રવૃત્તકરણ કરણાભિમુખ નહિ થયેલા અને કરણાભિમુખ થયેલા, બંને પ્રકારના મિથ્યાદૃષ્ટિ જીવોને હોવાથી દૃષ્ટાંતમાં પણ સ્વાભાવિક ગમન કરતા અને કોઈક નગરમાં જવાની ઈચ્છાથી ગમન કરતા એમ બે વિશેષણવાળા ત્રણ ત્રણ મનુષ્યો કહ્યા છે.

કર્મપ્રકૃતિ આદિમાં તો સમ્યક્ત્વાભિમુખ જીવોને યથાપ્રવૃત્ત-કરણ અન્તર્મુહૂર્ત્ત કાળનું કહેલું છે, પરંતુ અપેક્ષાપૂર્વક બંને અભિપ્રાય સંગત છે.

## કીડીના દૃષ્ટાંતથી ત્રણ કરણની યોજના

खिइसाभाविअगमणं, ठाणुसरणं तओ समुप्पयणं ।
ठाणं ठाणुसिरे वा ओहरणं वा मुइंगीण ॥१॥
खिइगमणंपिव पढमं, ठाणुसरणं व करणमपुव्वं ।
ओप्पयणंपिव तत्तो, जीवाणं करणमनिअट्टिं ॥२॥
ठाणुव्वगंठिदेसो, गंठियपत्तस्स तत्थेव वत्थाणं ।
ओहरणंपिव तत्तो पुणो वि कम्मठिइ विवड्ढी ॥३॥

કેટલીક કીડીઓની પૃથ્વી ઉપર સ્વાભાવિક આડી અવળી ગતિ હોય છે. કેટલીક કીડીઓ કાષ્ઠના ખીલા ઉપર ચડેલી હોય છે, કેટલીક કીડીઓ કાષ્ઠના ખીલા ઉપર ચડીને પાંખ આવતા ઉડી જનારી હોય છે, કેટલીટ કીડીઓ ખીલાના મૂળ આગળ જ ભમતી હોય છે અથવા પડી રહેલી હોય છે અને કેટલીક કીડીઓ તે ખીલા ઉપર ન ચડતાં પાછી વળી ગયેલી હોય છે.

આ પ્રમાણે જેમ પાંચ પ્રકારની કીડીઓ કહી તેમ

---

દૃષ્ટાંત સાથે કરણની યોજના

ત્રણ પુરુષોનું સ્વાભાવિક ગમન અને તે સ્વાભાવિક ગમનથી ગ્રંથિસ્થાન પાસે આવી પહોંચવું તે યથાપ્રવૃત્તકરણ શીઘ્ર ગતિથી ચોરોનું ઉલ્લંઘન કરવું અને ચોરના તાબામાં ન આવવું તે અપૂર્વકરણ.

ઈષ્ટ સમ્યક્ત્વરૂપ નગરે જવું તે અનિવૃત્તિકરણ. આ ભાવાર્થ શ્રી વિશેષાવશ્યકની વૃત્તિને અનુસારે છે.

ત્રણ કરણના સંબંધમાં પણ પાંચ પ્રકારના જીવો હોય છે. તે આ પ્રમાણે–

જે કીડીઓ પૃથ્વી ઉપર ગમે તે સ્થાને આડી અવળી ભમ્યા કરે છે તેના જેવું સદાકાળ સ્વભાવથી પ્રવર્તતું પહેલું **યથાપ્રવૃત્તકરણ જાણવું.**

જે કીડીઓ કાષ્ઠના ખીલા ઉપર ચડેલી છે તેના સમાન બીજું **અપૂર્વકરણ** જાણવું.

જે કીડીઓ પાંખ આવતાં ખીલા ઉપરથી ઉડી ગઈ છે તેના જેવું ત્રીજું **અનિવૃત્તિકરણ** જાણવું. (કારણ કે અનિવૃત્તિકરણના બળથી મિથ્યાત્વથી ઉડીને સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને જવાય છે.)

તથા ખીલાના મૂળ આગળ જ જે કીડીઓ ભમ્યા કરે છે, પરંતુ દૂર જતી નથી તેમજ ખીલા ઉપર પણ ચડતી નથી તે કીડીઓના સમાન ગ્રંથિ નહિ ભેદેલા–ગ્રન્થિ પાસે રહેલા જીવો જાણવા, કારણ કે આ જીવો ગ્રંથિની પાસે જ આવી રહેલા છે, (તેઓ કર્મની દીર્ઘ સ્થિતિ પણ કરતા નથી તેમ અપૂર્વકરણ પણ પામતા નથી.)

તથા જે કીડીઓ કાષ્ઠના ખીલાથી ઘણે દૂર પાછી ચાલી ગઈ છે તેના જેવા ગ્રંથિથી પાછા વળી ગયેલા જીવો જાણવા. કારણ કે તેઓ તો હવે પ્રથમની જેમ કર્મની દીર્ઘસ્થિતિ બાંધનારા અને ગમે ત્યાં ભ્રમણ કરતા હોય છે.[1]

---

૧. આ પાંચ પ્રકારની કીડીઓના દ્રષ્ટાંતનો ભાવાર્થ વિશેષાવશ્યકની વૃત્તિને અનુસારે લખ્યો છે.

આ પ્રમાણે જીવ યથાપ્રવૃત્તકરણથી ગ્રંથિસ્થાન સુધી આવીને, અપૂર્વકરણથી ગ્રંથિભેદ કરીને, કોઈક જીવ મિથ્યાત્વના પુદ્ગલ સમૂહના ભાગ કરીને મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ એ ત્રણ પુંજ (વિભાગ) કરે છે.

ત્યારબાદ અનિવૃત્તિકરણથી વિશુદ્ધિ પામેલો જીવ ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય થતાં અને ઉદયમાં નહિ આવેલ મિથ્યાત્વની ઉપશાન્તિ થતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

## સિદ્ધાંતમાં કહ્યું છે કે :–

पावंति खवेऊणं, कम्माइं अहापवत्तकरणेणं ।
उवलनाएण कहमवि, अभिन्नपुव्वं तओ गंठिं ॥१॥
तं गिरिवरं च भित्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए ।
अंतोमुहुत्तकालं, गंतुं अनियट्टिकरणम्मि ॥२॥
पइसमयं सुज्झंतो, खविउं कम्माइं तत्थ बहुयाइं ।
मिच्छत्तंमि उइन्ने खीणे अणुअंमि उवसंते ॥३॥

પર્વત અને નદીના જળથી ઘસાતા પથ્થરના ન્યાયે યથાપ્રવૃત્તકરણથી કર્મોની દીર્ઘ સ્થિતિ ખપાવી, પૂર્વે નહિં ભેદાયેલી એવી ગ્રંથિના સ્થાને આવે છે.

ત્યારબાદ અપૂર્વકરણરૂપ અતિઉગ્ર વજ્રની ધારથી અન્તર્મુહૂર્તમાં તે ગ્રંથિને ભેદી, અનિવૃત્તિકરણ પામી, પ્રતિસમય વિશુદ્ધિમાં વધતો ત્યાં ઘણા કર્મ ખપાવી, ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય થતાં અને ઉદયમાં ન

આવેલ મિથ્યાત્વનો ઉપશમ થતાં, સંસારરૂપી ગ્રીષ્મઋતુથી તપેલો જીવ, જેમ ચંદનરસના વિલેપનથી અતિ સુખ પામે તેમ અનિવૃત્તિકરણના અંતે તેથી પણ અતિ ઉત્કૃષ્ટ સુખ આપનાર એવું સમ્યક્ત્વ પામે છે.

**વળી પણ સિદ્ધાંતમાં કહ્યું છે કે :–**

अपुव्वकयतिपुंजो, मिच्छमुइण्णं खवित्तु अणुइन्नं ।
उवसामिय अनियट्टी–करणओ परं खओवसमी ॥१॥

અપૂર્વકરણથી ત્રણ [1]પુંજ કરેલો જીવ, ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય કરીને અને ઉદયમાં ન આવેલ મિથ્યાત્વનો ઉપશમ કરીને અનિવૃત્તિકરણથી આગળ (અન્તે) ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે.

ત્યારબાદ જે જીવોને ક્ષયોપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થયું છે, તે મનુષ્ય અને દેવની ઋદ્ધિનું કારણ બને છે. ક્ષયોપશમ સમ્યક્ત્વ દેવને મનુષ્યગતિ અને મનુષ્યને દેવગતિ આપે છે.

તથા અપૂર્વકરણથી જ ત્રણપુંજ કર્યા હોય, એવા જીવને ચોથા ગુણસ્થાનથી ક્ષાયિક સમકિતનો પ્રારંભ થતાં

---

૧. અહીં **अपुव्वकयतिपुंजो** એ પાઠમાં **अपुव्वकय** નો અર્થ "પૂર્વે નથી કરેલ" એ પ્રમાણે ન કરતાં અધિકારને અનુસારે "અપૂર્વકરણથી કરેલ છે ત્રણ પુંજ જેણે" એ પ્રમાણે અર્થ કર્યો છે. પુનઃ જ્યાં જ્યાં અપૂર્વકરણથી ત્રણ પુંજ કરવાનું કહ્યું હોય, ત્યાં ત્યાં સિદ્ધાંતનો અભિપ્રાય છે–એમ જાણવું. કારણ કે કાર્મગ્રંથિકો અપૂર્વકરણમાં ત્રિપુંજકરણ માનતા નથી.

ચાર અનન્તાનુબંધિ તથા મિથ્યાત્વ–મિશ્ર અને સમ્યક્ત્વ એ ત્રણે પુંજનો ક્ષય થવાથી ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

આ ક્ષાયિક સમ્યક્ત્વ જો પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય, તો તે ભવમાં જ મોક્ષ આપે છે. અને આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિકસમ્યક્ત્વ થયું હોય, તેવા જીવને ત્રીજાભવે મોક્ષ આપે છે અને જે જીવે અસંખ્ય વર્ષાયુષ્ય-વાળા યુગલિકોનું આયુષ્ય બાંધેલું હોય, તો તેવા જીવને ચોથે ભવે મોક્ષ આપે છે.

## સિદ્ધાંતમાં કહ્યું છે કે :–

मिच्छाइक्खए खइओ, सो सत्तगखीणो बद्धाउ ।
चउतिभवभाविमुक्खो, तब्भव सिद्धी अ इअरो अ ॥१॥

મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓ ક્ષય પામતાં, તે જીવ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કહેવાય, પણ જો પૂર્વે બાંધેલાં આયુષ્ય-વાળો તે જીવ હોય, તો બીજી પ્રકૃતિઓનો ક્ષય ન કરતા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિપણે જ રહે છે અને ચોથે ભવે અથવા ત્રીજે ભવે મોક્ષ પામે છે અને પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય, એવા જીવે જો સાત પ્રકૃતિઓ ક્ષય કરી હોય, તો તે તે જ ભવમાં મોક્ષ પામે છે.

## અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવનું કર્તવ્ય :–

**देवे गुरौ च संघे च, सद्भक्तिं शासनोन्नतिम् ।**
**अव्रतोऽपि करोत्येव, स्थितस्तुर्ये गुणालये ॥२३॥**

**ગાથાર્થ :-** ચોથા ગુણસ્થાનમાં રહેલો જીવ, વ્રત રહિત છે તો પણ દેવ-ગુરુ અને સંઘની ઉત્તમ ભક્તિ તથા શાસનની ઉન્નતિ તો કરે જ છે.

**ભાવાર્થ :-** ચોથા ગુણસ્થાનમાં રહેલો જીવ, દેવ-ગુરુ અને સંઘની પૂજા, નમસ્કાર અને વાત્સલ્યરૂપ ઉત્તમ ભક્તિ તથા શાસન પ્રભાવના કરે છે. કારણ કે શ્રાવકોમાં પણ પ્રભાવકપણું હોય છે અથવા પ્રભાવક શ્રાવક પણ હોય છે.

## સિદ્ધાંતમાં કહ્યું છે કે :-

जो अविरओ वि संघे भत्ति तित्थुन्नइं सया कुणइ ।
अविरयसम्मदिट्ठी पभावगो सावगो सो वि ॥१॥

જે જીવ વ્રતાદિ રહિત હોવા છતાં પણ, સદાકાળ સંઘની ભક્તિ અને તીર્થની ઉન્નતિ કરે છે, તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ પ્રભાવક શ્રાવક કહેવાય છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનવર્તી જીવ, તીર્થંકર-નામકર્મ, દેવ આયુષ્ય અને મનુષ્ય આયુષ્ય-એ ત્રણ પ્રકૃતિ (મિશ્ર ગુણસ્થાનની અપેક્ષાએ અધિક) બાંધતો હોવાથી ૭૭ પ્રકૃતિનો બંધક છે. તથા મિશ્ર મોહનીયનો ઉદય વિચ્છેદ થવાથી અને ચાર આનુપૂર્વી તથા સમ્યક્ત્વમોહ-નીય એ પાંચનો ઉદય થવાથી ૧૦૪ પ્રકૃતિના ઉદયવાળો છે. તથા (અહિંથી ઉપશમક અને ક્ષપક એવા બે જીવનાં ભેદ પડવાથી) ઉપશમક જીવને ૪ થી ૧૧ ગુણસ્થાન સુધી

૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે અને ક્ષપકને તો પ્રત્યેક ગુણસ્થાને જુદી જુદી [1]સત્તા કહેવાશે.

卐

## ૫ દેશવિરતિગુણસ્થાન :–

**प्रत्याख्यानोय दयाद्देश–विरतिर्यत्र जायते ।**
**तच्छ्राद्धत्वं हि देशोन–पूर्वकोटिगुरुस्थितिः ॥२४॥**

**ગાથાર્થ** :– ત્રીજા પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી દેશથી વ્રતનિયમાદિ ઉત્પન્ન થાય છે, તે દેશવિરતિ ગુણસ્થાન (શ્રાવકપણું) કહેવાય અને તેની સ્થિતિ ઉત્કૃષ્ટથી દેશોન[2] પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે.

**ભાવાર્થ** :– સમ્યક્ત્વ સહિત જ્ઞાન હોવાથી તેવા સમ્યગ્જ્ઞાનથી ઉત્પન્ન થયેલ વૈરાગ્યની વૃદ્ધિથી જીવ જો કે સર્વવિરતિની ઇચ્છા કરે છે, પરંતુ સર્વવિરતિનો ઘાત કરનારા પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ કષાયોના ઉદયથી સર્વ-

---

૧. ક્ષપકને જુદી સત્તા ૪૮ મી ગાથાથી કહી છે માટે અહીં કહી નથી.

૨. સામાન્યતઃ ૮ વર્ષની વય થાય ત્યારે જ દેશવિરતિ અથવા સર્વવિરતિના પરિણામ પ્રાપ્ત થાય, એવો નિયમ હોવાથી તથા ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા મનુષ્ય–તિર્યંચને દેશવિરતિ પ્રાપ્ત થઈ શકતી હોવાથી, તે ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષની સ્થિતિ કહી છે.

અહિં ૮૪ લાખને ૮૪ લાખે ગુણી પુનઃ ૧ ક્રોડથી ગુણતાં ૧ પૂર્વક્રોડના ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ વર્ષ થાય છે.

વિરતિ અંગીકાર કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થતું નથી, પરંતુ જઘન્ય–મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ત્રણ પ્રકારની દેશ-વિરતિ જ ઉત્પન્ન થાય છે. ત્યાં [1]આકુટ્ટિથી થતી જીવ-હિંસાદિનો ત્યાગ કરવાથી, મદ્યમાંસાદિ મહાઅભક્ષ્યના ત્યાગથી અને પંચપરમેષ્ઠિ નમસ્કાર સ્મરણ માત્રનો નિયમ ધારણ કરવાથી, જઘન્ય દેશવિરતિ ગણાય છે.

## સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે :–

आउट्टिस्थूलहिंसाइ, मज्जमांसाइचाइओ ।
जहन्नो सावओ होइ, जो नमुक्कारधारओ ॥१॥

[1]આ આકુટ્ટિથી થતી સ્થૂલ હિંસાદિના તથા મદ્ય-માંસાદિના ત્યાગપૂર્વક, જે જીવ નમસ્કાર માત્ર ગણવાના નિયમને ધારણ કરનાર હોય તે જીવ જઘન્ય શ્રાવક કહેવાય.

તથા અક્ષુદ્રાદિ શ્રાવકના ૨૧ ગુણ અથવા ન્યાય-સંપન્નવિભવ ઈત્યાદિ જે ધર્મની ચોગ્યતા પ્રાપ્ત કરાવનાર છે તેવા માર્ગાનુસારીપણાના ગુણોથી વ્યાપ્ત, ગૃહસ્થને લાયક ષટ્કર્મમાં તત્પર અને બાર વ્રતનું પાલન કરનારા સદાચાર યુક્ત એવા શ્રાવક, મધ્યમદેશવિરતિધર કહેવાય છે.

## સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે,

धम्मजुग्गगुणाइन्नो छ कम्मकारओ जीवो ।
गिहत्थो य सयायारो सावओ होइ मज्झिमो ॥१॥

---

૧. જાણી જોઈને સંકલ્પ બુદ્ધિપૂર્વક જે હિંસા કરવી તે આકુટ્ટિહિસા કહેવાય.

ધર્મ પામવાની યોગ્યતાવાળા ગુણોથી વ્યાપ્ત, ષટ્કર્મ આચરનાર, બાર વ્રત ધારણ કરનાર અને સદાચારી એવો ગૃહસ્થ, મધ્યમશ્રાવક હોય છે.

સચિત્ત આહારનો ત્યાગ કરનાર, હંમેશાં એકાસણું કરનાર, શ્રેષ્ઠ બ્રહ્મચર્યવ્રત પાળનાર અને મહાવ્રત અંગીકાર કરવાની ઇચ્છાથી ગૃહવ્યાપારનો ત્યાગ કરનાર એવા શ્રાવકને ઉત્કૃષ્ટદેશવિરતિ હોય છે.

**સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે—**

उक्कोसेणं तु सड्ढोउ, सच्चित्ताहारवज्जओ ।
एगासणभोईअ, बंभयारी तहेव य ॥१॥

સચિત્ત આહારનો ત્યાગ કરનાર, એકાસને ભોજન કરનાર તેમજ બ્રહ્મચારી હોય તે ઉત્કૃષ્ટશ્રાવક છે.

આ પ્રમાણે જે ગુણસ્થાનમાં ત્રણે પ્રકારની દેશવિરતિ જ હોય, તે સ્પષ્ટ રીતે શ્રાવક જ ગણાય. તે શ્રાવકપણાની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે.

**ભાષ્યમાં કહ્યું છે કે—**

छावलिअं सासायण, समहिअतित्तीससागरचउत्थं ।
देसूणपुव्वकोडी, पंचमगं तेरसं व पुढो ॥१॥

સાસ્વાદનની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬ આવલિકા, ચોથા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઈક અધિક ૩૩ સાગરોપમ અને પાંચમા તથા તેરમા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોનપૂર્વક્રોડ વર્ષ છે.

## દેશવિરતિ ગુણસ્થાને ધ્યાનસંભવ-

**आर्त्तं रौद्रं भवेदत्र, मन्दं धर्म्यं तु मध्यमम् ।**
**षट्कर्मप्रतिमाश्राद्ध व्रतपालनसंभवम् ॥२५॥**

**ગાથાર્થ** :- દેશવિરતિ ગુણસ્થાનમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન મંદ હોય છે અને શ્રાવકનાં ષટ્કર્મ, ૧૧ પ્રતિમા અને ૧૨ વ્રતના પાલનથી ઉત્પન્ન થયેલું જે ધર્મધ્યાન તે મધ્યમ હોય છે.

**ભાવાર્થ** :- આ દેશવિરતિ ગુણસ્થાનમાં અનિષ્ટ-સંયોગ, ઇષ્ટવિયોગ, રોગ અને નિદાન સંબંધી ચાર પ્રકારનું આર્તધ્યાન તથા હિંસામાં આનંદ રૌદ્રધ્યાન, મૃષાવાદ આનન્દ રૌદ્રધ્યાન, ચોરીમાં આનંદ રૌદ્રધ્યાન અને સંરક્ષણમાં આનંદ રૌદ્રધ્યાન-આ ૪ પ્રકારનું રૌદ્ર-ધ્યાન મંદ હોય છે.

દેશવિરતિ પરિણામ જેમ અધિક-અધિકતર હોય છે, તેમ-તેમ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન મંદ મંદ હોય છે અને દેશવિરતિ જેમ અધિક-અધિકતર હોય તેમ ધર્મધ્યાન મધ્યમ તો પણ અધિકાધિક હોય છે પરંતુ દેશવિરતિમાં ઉત્કૃષ્ટ ધર્મધ્યાન ન હોય.

અને જો આ ગુણસ્થાનમાં જ ઉત્કૃષ્ટ ધર્મધ્યાન પરિણમી જાય, તો ભાવથી સર્વવિરતિ જ પ્રાપ્ત થાય છે.

## દેશવિરતિગત ધર્મધ્યાનનું સ્વરૂપ :-

ષટ્કર્મ, પ્રતિમા અને શ્રાવકવ્રતના પાલનથી ઉત્પન્ન થયેલ ધર્મધ્યાન હોય છે.

**ષટ્કર્મ** :- દેવપૂજા વિગેરે છ આવશ્યક કૃત્ય. કહ્યું છે કે-

देवपूजा गुरुपास्तिः, स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षट् कर्माणि दिने दिने ॥१॥

"દેવપૂજા-ગુરુભક્તિ-સ્વાધ્યાય-સંયમ-તપ અને દાન એ ગૃહસ્થને દરરોજ કરવા યોગ્ય છ કૃત્ય છે"

**પ્રતિમા** :- અભિગ્રહ વિશેષ-અમુક પ્રકારનો અભિગ્રહ તે પ્રતિમા કહેવાય, તે દર્શનપ્રતિમા વિગેરે ૧૧ છે. કહ્યું છે કે-

दंसणवयसामाइअ-पोसहपडिमा अबंभसच्चित्ते ।
आरंभपेसउद्दिट्ठ, वज्जए समणभूए अ ॥१॥

૧ દર્શનપ્રતિમા, ૨ વ્રતપ્રતિમા, ૩ સામાયિકપ્રતિમા, ૪ પૌષધપ્રતિમા, ૫ કાયોત્સર્ગપ્રતિમા, ૬ બ્રહ્મચર્યપ્રતિમા, ૭ સચિત્તવર્જનપ્રતિમા, ૮ આરંભવર્જનપ્રતિમા, ૯ પ્રેષ્યવર્જનપ્રતિમા, ૧૦ ઉદ્દિષ્ટવર્જનપ્રતિમા, ૧૧ શ્રમણભૂતપ્રતિમા તથા પાંચ અણુવ્રતાદિ ૧૨ પ્રકારનાં શ્રાવકના વ્રત છે.

**તે સંબંધમાં કહ્યું છે કે :-**

पाणिवहमुसावाए, अदत्तमेहूणपरिग्गहे चेव ।
दिसिभोगदंडसमईअ, देसे पोसह तह विभागे ॥

"૧ સ્થૂલપ્રાણાતિપાતવિરમણ. ૨ સ્થૂલમૃષાવાદવિરમણ, ૩ સ્થૂલઅદત્તાદાનવિરમણ, ૪ સ્થૂલમૈથુનવિરમણ, ૫ સ્થૂલપરિગ્રહવિરમણ (પરિમાણ), ૬ દિગ્ વિરમણ (પરિમાણ), ૭ ભોગોપભોગવિરમણ (પરિમાણ),

૮ અનર્થદંડવિરમણ, ૯ સામાયિક, ૧૦ દેશાવગાસિક, ૧૧ પૌષધ, ૧૨ અતિથિસંવિભાગ-આબાર શ્રાવકના વ્રત છે.

આ ષટ્કર્મ ૧૧ પ્રતિમા અને ૧૨ શ્રાવકવ્રતનો વિસ્તાર બીજા ગ્રંથોથી જાણવો.

તથા એ ષટ્કર્માદિ આચારોનું પાલન કરવામાં જે ધર્મધ્યાન સંભવે, તે ષટ્કર્મ-પ્રતિમા-શ્રાદ્ધવ્રત પાલનથી સંભવતું ધર્મધ્યાન કહેવાય.

દેશવિરતિ ગુણસ્થાનમાં વર્તતો જીવ ચાર અપ્રત્યાખ્યાની કષાય-મનુષ્યત્રિક-પ્રથમસંઘયણ અને ઔદારિકદ્વિક-આ ૧૦ પ્રકૃતિનો બંધવિચ્છેદ (૪ થા ગુણસ્થાનને અન્તે) થવાથી ૬૭ પ્રકૃતિના બંધક હોય છે.

ચાર અપ્રત્યાખ્યાનીકષાય-મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, નરકત્રિક, દેવત્રિક, વૈક્રિયદ્વિક, દૌર્ભાગ્ય, અનાદેય, અપયશ-એ ૧૭ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી ૮૭ પ્રકૃતિનો ઉદયવાળો હોય છે. અને [1]૧૩૮ની સત્તાવાળો (૧૪૮ ની સત્તાવાળો) હોય છે.

---

૧ છાપેલી પ્રતની વૃત્તિમાં "**अष्टत्रिंशदधिकशत सत्ताको भवति**' આ પાઠ પ્રમાણે ૧૩૮ ની સત્તા કહી તે અભિપ્રાય વિચારવા યોગ્ય છે. કારણ કે ૨૩ મી ગાથાની વૃત્તિમાં પણ ૪ થી ૧૧ સુધીના ગુણસ્થાનમાં ૧૪૮ ની સત્તા કહી ગયા છીએ, જો કે ૧૩૮ ની સત્તા કહી હોય તો પણ ૧૪૮ ની સત્તા ગણી શકાય છે, કારણ કે ૫ શરીરનામકર્મ માત્ર ગણીને ૧૫ બંધન અને ૫ સંઘાતન ન ગણે તો ૧૩૮ થાય, અને ૫ સંઘાતન તથા ૧૫ બંધન જ ગણે તો ૧૪૮ ની સત્તા ગણાય. અહીં જે પાઠભેદ છે તે જ વિચારવાનો છે, બંને રીતે અર્થભેદ નથી જ.

### પ્રમત્તાદિ સાત ગુણસ્થાનોની સ્થિતિ :

अतःपरं प्रमत्तादि गुणस्थानकसप्तके ।
अन्तर्मुहूर्त्तमेकैकं, प्रत्येकं गदिता स्थितिः ॥२६॥

ગાથાર્થ :– દેશવિરતિ ગુણસ્થાનથી આગળના પ્રમત્ત–અપ્રમત્ત–અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ–સૂક્ષ્મસંપરાય ઉપશાંતમોહ અને ક્ષીણમોહ એ સાત ગુણસ્થાનોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ એકેક અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

ભાવાર્થ :– પ્રમત્ત અપ્રમત્ત બે મળીને દેશોન પૂર્વકોડની છે. તેમ બીજા પાંચ ગુણસ્થાન માટે નથી. તે ગુણસ્થાનની સ્થિતિ સર્વ મળીને પણ અંતર્મુહૂર્ત્તની જ છે.

## ૬. પ્રમત્તગુણસ્થાન

कषायाणां चतुर्थानां, व्रती तीव्रोदये सति ।
भवेत्प्रमादयुक्तत्वात्प्रमत्तस्थानगो मुनिः ॥२७॥

ગાથાર્થ :– ચોથા સંજ્વલન કષાયોના તીવ્ર ઉદયથી મુનિ પ્રમાદયુક્ત થાય છે. તેથી તેવા મુનિ પ્રમત્તગુણસ્થાનવર્તી કહેવાય છે.

ભાવાર્થ : સર્વવિરતિવંત સાધુ પ્રમત્તગુણસ્થાનવર્તી કહેવાય. મુનિને અહિંસાદિ મહાવ્રતો વિદ્યમાન હોવાથી વ્રતી કહેવાય. એ મુનિ પ્રમાદયુક્ત થાય છે માટે પ્રમત્ત કહેવાય છે.

પ્રમાદના પાંચ પ્રકાર છે:- ૧. મદ્ય, ૨. વિષય, ૩. કષાય, ૪. નિદ્રા, ૫. વિકથા.

આ પાંચ પ્રકારના પ્રમાદો જીવને સંસારમાં પાડે છે. આ પાંચ પ્રમાદ સહિત થવાથી મુનિ પ્રમત્ત કહેવાય. અને પ્રમાદ, સંજ્વલન નામના ચોથા કષાયોના તીવ્ર ઉદયથી થાય છે.

તાત્પર્ય એ છે કે-

જ્યારે મહાવ્રતધારી એવા મુનિ મહાત્માને પણ સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય થાય, ત્યારે અવશ્ય અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી પ્રમાદીપણું થવાથી તે મુનિ પ્રમાદી કહેવાય છે. અને જો અન્તર્મુહૂર્ત્ત કાળથી પણ અધિક પ્રમાદીપણું રહે, તો પ્રમત્તગુણસ્થાનથી નીચે પડે છે. અને જો અન્તર્મુહૂર્ત્તથી અધિક કાળ અપ્રમાદીપણું રહે, તો અપ્રમત્તગુણસ્થાનથી ઉપર ચડે છે.

## છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાને ધ્યાન સંભવ:-

**अस्तित्वान्नोकषायणा-मत्रार्त्तस्यैव मुख्यता ।**
**आज्ञाद्यालंबनोपेत-धर्मध्यानस्य गौणता ॥२८॥**

**ગાથાર્થ**:- પ્રમત્તગુણસ્થાનમાં પણ નોકષાયોનો ઉદય હોવાથી આર્તધ્યાનની જ મુખ્યતા છે અને આજ્ઞાવિચયાદિના આલંબનવાળા ધર્મધ્યાનની ગૌણતા છે.

**ભાવાર્થ**:- પ્રમત્તગુણસ્થાનમાં મુખ્યતા આર્ત્તધ્યાનની અને ઉપલક્ષણથી રૌદ્રધ્યાનની પણ છે. કારણ કે

હાસ્યાદિ ૬ (હાસ્ય–રતિ–અરતિ-શોક-ભય–જુગુપ્સા) તેમજ हास्याषट्कादीनाम् એ પદમાં આદિ પદ હોવાથી સ્ત્રીવેદાદિ ત્રણ વેદોનું અસ્તિત્વ હોવાથી આર્ત્ત-રૌદ્ર ધ્યાનની મુખ્યતા છે.

આજ્ઞાવિચય–અપાયવિચય- વિપાકવિચય અને સંસ્થાન વિચય–એ ચાર પ્રકારના આલંબન તે આજ્ઞાદિ આલંબન કહેવાય અને આજ્ઞાદિ આલંબન સહિતનું ધર્મધ્યાન, તે આજ્ઞાદ્યાલંબનોપેત ધર્મધ્યાન કહેવાય. તેવા ધર્મધ્યાનની અહિં ગૌણતા છે.

ધર્મધ્યાનના ચાર પ્રકારો :–

૧. જિનેશ્વરની આજ્ઞાનું ચિંતવન
૨. અપાયનું (સાંસારિક કષ્ટોનું) ચિંતવન
૩. વિપાકનું (કર્મફળનું) ચિંતવન
૪. સંસ્થાનનું (લોકાકૃતિનું) ચિંતવન

આ પ્રમાણે ધ્યેયના (ધ્યાન કરવા યોગ્ય વસ્તુના) ભેદથી આ ધર્મધ્યાન ચાર પ્રકારનું છે.

## ચાર ભેદનો વિશેષાર્થ :–

૧. સર્વજ્ઞોને અબાધિત એવી આજ્ઞાનું, મુખ્યતાએ તત્ત્વથી પદાર્થોનું ચિંતવન કરવું, તે **આજ્ઞાવિચય ધર્મધ્યાન.**

૨. રાગદ્વેષ આદિ કષાયોથી થતાં અપાયોનું-કષ્ટોનું ચિંતવન કરવું, તે **અપાયવિચય ધર્મધ્યાન.**

૩. પ્રતિસમય ઉત્પન્ન થતાં વિચિત્ર એવા કર્મફળનો ઉદય વિચારવો, તે **વિપાકવિચય ધર્મધ્યાન.**

૪. ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ અનાદિ અનંત સ્થિતિવાળા લોકની આકૃતિનું ચિંતવન કરવું, તે **સંસ્થાન-વિચય ધર્મધ્યાન.**

આ પ્રમાણે આ ગુણસ્થાનમાં પ્રમાદીપણું હોવાથી આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાનની ગૌણતા છે.

## પ્રમત્ત ગુણસ્થાને નિરાલંબન ધ્યાનનો નિષેધ :–

**यावत्प्रमादसंयुक्तस्तावत्तस्य न तिष्ठति ।**
**धर्मध्यानं निरालम्बमित्युचुर्जिनभास्कराः ॥२९॥**

**ગાથાર્થ** :– સામાન્ય કેવળીઓમાં સૂર્ય સમાન શ્રી જિનેશ્વર ભગવંતો કહે છે કે, સાધુ જ્યાં સુધી પ્રમાદ યુક્ત છે, ત્યાં સુધી નિરાલંબન ધ્યાન ટકતું નથી.

**ભાવાર્થ** :– પ્રમત્ત ગુણસ્થાનમાં મધ્યમ ધર્મધ્યાનની પણ ગૌણતા કહી છે, તો ત્યાં નિરાલંબન એવા ઉત્કૃષ્ટ ધર્મધ્યાનનો સંભવ કેવી રીતે હોય? અર્થાત્ નિરાલંબન ધર્મધ્યાન ન જ હોય.

આવશ્યક ક્રિયાઓ છોડી, લોકમાં મોટા થવાનો પ્રયત્ન જે કરે છે, તે સર્વ ચેષ્ટા શાસ્ત્રાજ્ઞાની અજ્ઞાનતા સૂચવે છે.

**प्रमाद्यावश्यकत्यागान्निश्चलं ध्यानमाश्रयेत् ।**
**योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥३०॥**

**ગાથાર્થ**:- પ્રમાદી એવા જે જીવો, આવશ્યક

ક્રિયાઓનો ત્યાગ કરી નિરાલંબન ધ્યાનનો આશ્રય કરે છે, તે જીવો મિથ્યાત્વથી મોહિત થયેલા હોવાથી શ્રી જિનેશ્વરભગવાનના સિદ્ધાન્તનું તત્ત્વ જાણતા નથી.

ભાવાર્થઃ- જે સાધુ પ્રમાદયુક્ત હોવા છતાં પણ સામાયિક વિગેરે ષડાવશ્યક જે સાધક અનુષ્ઠાન છે, તેનો ત્યાગ કરીને નિરાલંબન ધ્યાનનો આશ્રય કરે છે, તે મિથ્યાત્વથી મોહિત થવાથી સર્વજ્ઞભાષિત સિદ્ધાંતને જાણતો જ નથી. કારણ કે એ સાધુ વ્યવહાર ક્રિયાને આદરતો નથી અને નિશ્ચયને પામતો પણ નથી. શ્રી જિનેશ્વરભાષિત સિદ્ધાન્તના તત્ત્વજ્ઞોએ તો વ્યવહારપૂર્વક જ નિશ્ચય સાધવા યોગ્ય છે.

સિદ્ધાન્તમાં કહ્યું છે કે-

जइ जिणमयं एव जहा, ता मा ववहार निच्छए मुअह ।
ववहारनउच्छेए, तिच्छुच्छेओ जओ भणिओ ॥१॥

જો જૈન સિદ્ધાંતને જાણતો હોય, તો તું વ્યવહાર અને નિશ્ચય એ બેને ન છોડીશ, કારણ કે વ્યવહારનયનો વિચ્છેદ થતાં તીર્થનો-જૈનશાસનનો પણ વિચ્છેદ થાય છે.

અહીં દૃષ્ટાંત આ પ્રમાણે-

જેમ પોતાને ઘેર હંમેશાં હલકું ભોજન કરનારા એવા કોઈ પુરુષને કોઈએ જમવાનું નોતરૂં આપ્યું, ત્યાં કોઈવખત ન ખાધેલું એવું અપૂર્વ મિષ્ટાન્ન ખાધું, ત્યારથી માંડીને તે પુરુષ તે મિષ્ટાન્નના સ્વાદના રસની લોલુપતાથી પોતાના ઘરનું હલકું ભોજન સ્વાદરહિત હોવાથી જમતો

નથી, અને અત્યંત દુઃખથી પ્રાપ્ત થઈ શકે તેવા મિષ્ટાન્નની અભિલાષા કરે છે, તે પોતાના ઘરનું હલકું ભોજન પણ નહિ કરવાથી અને મિષ્ટાન્નને પણ નહિ પામવાથી બન્ને ભોજનના અભાવે દુઃખી થાય છે.

**દૃષ્ટાંતનો ઉપનય :-**

કદાગ્રહથી ગ્રહિત એવો જીવ પ્રમત્તગુણસ્થાનમાં સાધવા યોગ્ય અને [1]સ્થૂલ પુણ્યની પુષ્ટિનું કારણ જે ષડાવશ્યક વગેરે કષ્ટકારી ક્રિયાકાંડ છે, તેને કરતો નથી અને કોઇક વખત અપ્રમત્તગુણસ્થાનમાં પ્રાપ્ત થવા યોગ્ય નિર્વિકલ્પ મનથી ઉત્પન્ન થયેલી સમાધિરૂપ નિરાલંબન ધ્યાનનો અમૃત સરખો અંશ પામ્યો હોય તેથી, તે અમૃત સરખા નિરાલંબન ધ્યાનના અંશથી ઉત્પન્ન થયેલ પરમ આનંદ સુખનો આસ્વાદ મળવાથી પ્રમત્તગુણસ્થાનમાં કરવા યોગ્ય ષડાવશ્યક વિગેરે કષ્ટક્રિયાકાંડને હલકા ભોજનતુલ્યમાનતો તે ક્રિયાકાંડ સાધતો નથી અને પ્રથમ સંઘયણ વિગેરે તથાવિધ સંયોગના અભાવે મિષ્ટાન્ન આહાર સરખા નિરાલંબન ધ્યાનને પણ પામતો નથી, આ રીતે ઉભયભ્રષ્ટ થવાથી નિશ્ચય દુઃખી થાય છે.

તથા પરમસંવેગરૂપી પર્વતના શિખર ઉપર આરૂઢ થયેલા પૂર્વકાળના મુનિ મહાત્માઓએ પણ નિરાલંબન-

---

૧. સ્થૂલપુણ્ય એટલે જે પુણ્યનો બંધ આત્માને થવા છતાં તે પુણ્યબંધ તે આત્માને સંસારમાં રખડાવવાના કારણવાળો ન હોય પરંતુ મોક્ષના સાધનોમાં અનુકૂળતા મેળવી આપનાર હોય, તેવો સ્થૂલ નયની અપેક્ષાવાળો પુણ્યબંધ તે સ્થૂલપુણ્ય છે.

ધ્યાન સાધવાના મનોરથ માત્ર કરેલા શાસ્ત્રમાં સંભળાય છે અને તે સંબંધમાં તે પૂર્વ મહર્ષિઓએ આ પ્રમાણે કહ્યું છે, કે :-

" ચિત્તની વૃત્તિઓ રોકવાપૂર્વક ઇન્દ્રિયોના સમૂહને વશ કરી તથા જતા-આવતા પવનને (શરીરની અંદર રહેલા વાયુની ગતિને) રોકી અથવા શ્વાસોચ્છ્‌વાસ સંબંધી જતો-આવતો પવન રોકી અને ધૈર્ય અંગીકાર કરી. મોક્ષને માટે પર્યંકાસને બેસી વિધિપૂર્વક કોઈ પર્વતની શૂન્ય ગુફામાં રહી, કોઈ વસ્તુ ઉપર એક દૃષ્ટિ સ્થાપી, મારે કોઈ વખત આત્મસ્વરૂપની સન્મુખ રહેવું યોગ્ય છે.

હે પ્રભુ ! ચિત્તવૃત્તિનિશ્ચલ થતાં રાગાદિ અવિદ્યા અને મદ શાંત થતાં, ઇન્દ્રિયો વિકાર રહિત થતાં, ભ્રમ ઉત્પન્ન કરનાર અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાં, પરમ આનંદ પ્રગટ થતાં અને જ્ઞાનરૂપ સૂર્યનો વિકાસ થતાં વનમાં રહેલા એવા મને વનપશુઓ [1]પ્રશસ્ત આશયવાળા ક્યારે જોશે ?

શ્રી સુરપ્રભ આચાર્ય મહારાજ કહે છે કે-

હે પ્રભુ ! તારા સિદ્ધાંતના ઉત્તમ જ્ઞાનથી નિર્મલ એવી વાણીરૂપ ઔષધથી હું રાગ-દ્વેષાદિ રોગોને દૂર કરી, મોક્ષમાર્ગને અનુકૂળ એવી મહાન્ સમાધિરૂપ લક્ષ્મી ક્યારે ઉપાર્જન કરીશ ?

---

૧. અહીં કહેવાનો ભાવાર્થ એ છે કે હું એવી સ્થિતિમાં ક્યારે આવું કે ક્રૂર એવા સિંહાદિ વનપશુઓ પણ મને જોઇને દયાદિ પરિણામવાળા થઈ જાય !

હોમાતાં રાગાદિ દ્રવ્યોનું વારંવાર ભક્ષણ કરતા એવા ધ્યાનરૂપી અગ્નિની સાક્ષીએ શરીરનો પણ નાશ થતાં પાછળ આવનારી કેવલજ્ઞાનરૂપ લક્ષ્મી મારી સ્ત્રી ક્યારે થશે ?

શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ પણ કહે છે કે–

"વનમાં પદ્માસને બેઠેલા અને ખોળામાં રહેલા મૃગના બાળકવાળા એવા મને, મૃગના ટોળાના અધિપતિ વૃદ્ધ મૃગો મારા મુખને ક્યારે સુંઘશે ?" (કહેવાનો તાત્પર્ય એ છે કે હું સમાધિથી ચલાયમાન ન થઉં એવો વખત ક્યારે આવશે ?)

શત્રુ તથા મિત્રમાં, તૃણ તથા રત્નોમાં, સુવર્ણ તથા પથ્થરમાં, મણિ તથા માટીમાં અને મોક્ષ અને સંસારમાં હું તુલ્ય મતિવાળો ક્યારે થઇશ ?

વસ્તુપાળ મન્ત્રીએ પણ ભાવના ભાવી છે કે–

હે શ્રી આદીશ્વર ભગવાન ! સંસારવ્યવહારથી વિરક્ત ચિત્તવાળો, અકર્તવ્યની વાર્તા છોડી નિર્મળજ્ઞાનથી ત્રણેલોકના સ્વરૂપને જોતો, શ્રી શત્રુંજય પર્વતની અતિ ઊંડી ગહન ગુફામાં બેસેલો, હું જ્ઞેયના અભિમાન રહિત એવું મન ક્યારે પામીશ ? (અભિમાન રહિત મનવાળો ક્યારે થઇશ ?)

હે સ્વામિન્ ! ગિરનાર પર્વતની સુંદર ગુફાના ખૂણામાં રચેલા આસનવાળો ( બેઠેલો ) અને 'પ્રત્યાહાર-

---

૧. અભિધાન ચિંતામણિમાં કહ્યું છે, કેઃ

પ્રત્યાહાર એટલે વિષય વિકારોમાંથી ઈન્દ્રિયોને પાછી ખેંચવી અથવા પ્રાણાયામનો એક સ્થાનથી બીજે સ્થાને વાયુ ખેંચવા રૂપ જે પહેલો ભેદ તે પ્રત્યાહાર, કહ્યું છે કે :–**स्थानास्थानान्तरोत्कर्षः प्रत्याहारः प्रकीर्तितः** નાભિઆદિ સ્થાનમાં સ્થિર કરેલા વાયુને હૃદયાદિ સ્થાનોમાં ખેંચીને લઇ જવો તે પ્રત્યાહાર કહેવાય.

રૂપ ત્યાગવૃત્તિથી મનોહર તથા કલ્લોલથી ચપળ એવા મનને સંવૃત્ત કરતો હું ચન્દ્ર અને સૂર્યના કિરણોના પ્રકાશમંડલ સરખી કાન્તિવાળા તથા જ્ઞાનરૂપ પરમ આનંદની ઉર્મિ-તરંગોથી ઢંકાયેલા એવા આપને સાક્ષાત્ ક્યારે જોઈશ?

અન્ય દર્શનીય શાસ્ત્રોમાં ભર્તુહરિએ કહ્યું છે કે:—

ગંગાનદીના કિનારે, હિમાલય પર્વતની શિલા ઉપર, પદ્માસન રચેલા, બ્રહ્મજ્ઞાનના અભ્યાસની વિધિથી યોગ-નિદ્રા પામેલા (સમાધિથી નિદ્રારહિત ચેષ્ટાવાળા) એવા મારા સુદિવસો ક્યારે આવશે કે, જે દિવસે વૃદ્ધ હરિણો નિઃશંકપણે મારા શરીરને પોતાનાં શિંગડા ખંજવાળી વિનોદ પામશે? (અર્થાત્ હું એવો સમાધિસ્થ ક્યારે થઈશ કે હરિણો મારા શરીરને ઠુંઠાની માફક સમજી પોતાનાં શિંગડા ઘસી ખંજવાળ મટાડી આનંદ પામે.)

તથા સર્વસ્વનો ત્યાગ કરીને અત્યંત દયાથી પૂર્ણ-હૃદયવાળા અને ગુરુએ કહેલા તત્ત્વના જ એક શરણવાળા એવા અમે પવિત્ર અરણ્યમાં ઉદય પામેલા શરદઋતુના ચંદ્રવાળી રાત્રિને સાંસારિક વિષયવૃત્તિના પરિણામને વિચારતાં ક્યારે પસાર કરીશું?

આ પ્રમાણે જૈનદર્શન અને અન્યદર્શનના પ્રસિદ્ધ પુરુષોએ પણ પરમાત્માનું સ્વરૂપ જાણવાના માત્ર મનોરથ જ કરેલા છે અને લોકમાં મનોરથો દુષ્કર વસ્તુઓના જ હોય છે, પરંતુ સુલભ વસ્તુની પ્રાપ્તિના મનોરથ માત્ર ન હોય, કારણ કે જે કોઈ હંમેશા મિષ્ટાન્ન આહારનું ભોજન કરતો

હોય, તે મિષ્ટાન્ન આહારના મનોરથ કરતો નથી, તેમજ કોઈપણ મનુષ્ય વિશાળ સામ્રાજ્યનું પાલન કરતો હોય, તે "હું રાજા ક્યારે થઇશ" એમ વિચારતો નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, પરમ સંવેગને પ્રાપ્ત થયેલા એવા પ્રમત્તગુણસ્થાનમાં રહેલા વિવેકી મુનિઓએ વારંવાર અપ્રમત્તદશા પામવા છતાં પણ શુદ્ધ પરમાત્મ-સ્વરૂપ પામવાના અને જાણવાના મનોરથો અવશ્ય કરવા, પરંતુ ષટ્કર્મ અને ષડાવશ્યક વગેરે ક્રિયાકાંડનો ત્યાગ ન કરવો.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :-

યોગીઓ કલ્પલતા સમાન સમતા પામીને સમતામાં રહેલા તેઓ સદાચારમયી બાહ્યપ્રવૃત્તિ અવશ્ય કરે છે.

પરંતુ યોગના આગ્રહથી વ્યાપ્ત થયેલા જે જીવો સદાચારથી વિમુખ થઈ જાય છે, તે જીવોને યોગ પ્રાપ્ત થતો નથી એટલું જ નહિ પરંતુ તે જડ આત્માઓને લોક પણ પ્રાપ્ત થતો નથી. (આલોકના સુખથી પણ ભ્રષ્ટ થાય છે અથવા લોક એટલે સદ્‌ગતિ પણ પામતા નથી.)

## પ્રમત્ત મુનિઓનું કર્તવ્ય :-

**तस्मादावश्यकैः कुर्यात्, प्राप्तदोषनिकृन्तनम् ।**
**यावन्नाप्नोतिसद्ध्यान-मप्रमत्तगुणाश्रितम् ॥३१॥**

ગાથાર્થ :-જ્યાં સુધી અપ્રમત્તગુણસ્થાનથી સાધ્ય એવું શ્રેષ્ઠ ધ્યાન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી પ્રાપ્ત થયેલા દોષોનો આવશ્યકાદિ ક્રિયાઓથી ક્ષય કરવો.

**ભાવાર્થ** :–અપ્રમત્તગુણસ્થાને જ્યાં સુધી સાધ્ય એવું નિરાલંબન ધ્યાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દિવસ–રાત્રિ વગેરે સંબંધી સેવેલા અતિચારોના પ્રાયશ્ચિત્ત માટે આવશ્યક ક્રિયાઓ કરવાની છે.

## છટ્ઠા પ્રમત્તગુણસ્થાને બંધ–ઉદય સત્તા :–

દેશવિરતિગુણસ્થાને જે ૬૭ પ્રકૃતિનો બંધ કહ્યો તેમાંથી ૪ અપ્રત્યાખ્યાની કષાયનો બંધ વિચ્છેદ થવાથી પ્રમત્તગુણસ્થાને ૬૩ પ્રકૃતિનો બંધ હોય છે.

તથા તિર્યંચગતિ, તિર્યંચઆયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોત અને ૪ પ્રત્યાખ્યાની કષાય–એ આઠ પ્રકૃતિનો ઉદય–વિચ્છેદ થવાથી અને આહારકદ્વિકનો ઉદય થવાથી ૮૧ પ્રકૃતિનો ઉદય હોય છે.

તથા ૧૩૮ ની સત્તા હોય છે. (૧૩૮ ની સત્તા કહી પરંતુ ૧૪૮ ની પણ સત્તા ગણાય આ સંબંધમાં અર્થ ભેદ નથી પરંતુ પાઠભેદ છે.)

# ૭. અપ્રમત્તગુસ્રાન :–

**चतुर्थानां कषायाणां, जाते मंदोदये सति ।**
**भवेत्प्रमादहीनत्वा–दप्रमत्तो महाव्रती ॥३२॥**

**ગાથાર્થ** :–ચોથા સંજ્વલન કષાયોનો મંદ ઉદય થાય ત્યારે સાધુ પ્રમાદરહિત થવાથી અપ્રમત્ત થાય છે.

**ભાવાર્થ** :–સંજ્વલન કષાયોનો અને નોકષાયોનો મંદ ઉદય થતો જાય તેમ તેમ સાધુ અપ્રમત્ત થાય છે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :-

જેમ જેમ વિષયો સુલભતાથી પ્રાપ્ત થવા છતાં પણ આત્માને ન રૂચે, તેમ તેમ સંવિત્તમાં ( ચેતનામાં ) ઉત્તમ તત્ત્વ ( ઉત્કૃષ્ટ સ્વરૂપ ) પ્રાપ્ત થાય છે અને જેમ જેમ ઉત્તમતત્ત્વ પ્રાપ્ત થતું જાય છે તેમ તેમ સુલભ એવા પણ વિષયો આત્માને ગમતા નથી.

**અપ્રમત્તગુણસ્થાને શું કરે ?**

**नष्टाशेषप्रमादात्मा, व्रतशीलगुणान्वितः ।**
**ज्ञानध्यानधनो मौनी शमन क्षपणोन्मुखः ॥३३॥**
**सप्तकोत्तरमोहस्य, प्रशमाय क्षयाय वा ।**
**सद्ध्यानसाधनारम्भं, कुरुते मुनिपुङ्गवः ॥३४॥**

**ગાથાર્થ**:-સર્વ પ્રમાદોનો નાશ થવાથી આત્મા વ્રત અને શીલ આદિ ગુણયુક્ત, જ્ઞાન અને ધ્યાનરૂપી ધનવાળો, મૌની તથા મોહનીયકર્મનો ઉપશમ તથા ક્ષય કરવા ઉદ્યત થયેલો એવો શ્રેષ્ઠ મુનિ, દર્શનસપ્તક સિવાયની મોહનીયની ૨૧ પ્રકૃતિનો ઉપશમ અથવા ક્ષય કરવા માટે અતિ શ્રેષ્ઠ ધ્યાન સાધવાનો પ્રારંભ કરે છે.

**ભાવાર્થ**:-મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા -એ પાંચ પ્રમાદ છે. તે પ્રમાદો જેના નાશ પામ્યા છે, તે "નષ્ટાશેષપ્રમાદાત્મા" કહેવાય.

-વ્રત એટલે મહાવ્રત વગેરે.

-શીલ એટલે ૧૮૦૦૦ શીલાંગરૂપ ગુણો, તેના સહિત તે વ્રતશીલગુણાન્વિત કહેવાય.

–જ્ઞાન એટલે સિદ્ધાંતના અભ્યાસરૂપ જ્ઞાન અને એકાગ્રતારૂપ જે ધ્યાનધન એ બે જ જેનું સર્વ છે, તે જ્ઞાન–ધ્યાનધન કહેવાય.

–મૌની એટલે મૌનવાળો, કારણ કે જે મૌની હોય, તેને જ ધ્યાનરૂપ ધન હોય.

શાસ્ત્રમાં કહ્યું છે કે :–

मनोगृहीताखिल–कालत्रयगतजगत्रय–व्याप्तिः ।
यत्रास्तमेति सहसा, सकलोऽपि हि वाक्परिस्पंदः ॥१॥

મનથી ગ્રહણ કરેલ, ત્રણ કાળમાં રહેલી, ત્રણે જગતની વ્યાપ્તિ ત્યાં અસ્ત પામે છે. કે જ્યાં સઘળી વચન–સ્ફુરણા શીઘ્ર અસ્ત [1]પામે છે

આવો ઉત્તમમુનિ જ અનન્તાનુબન્ધિ અને ૩ દર્શન-મોહનીયથી ભિન્ન ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિ ઉપ-શમાવવા અથવા ક્ષય કરવા માટે ઉપશમ સન્મુખ અથવા ક્ષય સન્મુખ થઈ નિરાલંબન ધ્યાનમાં પ્રવેશ કરવાનો પ્રારંભ કરે છે.

નિરાલંબન ધ્યાનમાં પ્રવેશ કરનાર ૩ પ્રકારના યોગીઓઃ–૧. પ્રારંભકયોગી, ૨. તન્નિષ્ઠયોગી, ૩. નિષ્પન્નયોગી.

---

૧. આ શ્લોકનું તાત્પર્ય એ છે કે, જીવ જ્યારે મૌન અંગી-કાર કરે છે, ત્યારે ત્રણે જગતમાં ત્રણે કાળમાં વર્તતા ભાવો (પદાર્થો)માં વ્યાપ્ત થયેલી ચિત્તની ઈષ્ટમાં મમત્વ અને અનિષ્ટમાં વર્જ્યત્વ ઈત્યાદિ વિકલ્પદશા દૂર થાય છે.

૧. **પ્રારંભકયોગી** :– સમ્યક્ પ્રકારને સ્વાભાવિક વિરતિ પરિણામ અથવા સાંસર્ગિક વિરતિ પરિણામ પામીને વાનર સરખી ચપળ ચાલવાળા મનને રોકવા માટે એકાંત સ્થાનમાં બેસી, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપી, ધીરતાપૂર્વક વીરાસન કરી, નિશ્ચલ થયેલા એવા જે યોગીઓ, વિધિપૂર્વક સમાધિને આરંભ કરે છે, તે આરંભકયોગી કહેવાય.

૨. **તન્નિષ્ઠયોગી** :– પવન–આસન–ઇંદ્રિય–મન–ક્ષુધા–તૃષા અને નિદ્રાને જય કરનારા, અન્તર્જલ્પાકાર વચનથી ( અભ્યંતર ચિંતનથી, વારંવાર તત્ત્વોને અભ્યાસ કરનારા, પ્રાણીઓ ઉપર અત્યંત પ્રમોદ–કરૂણા અને મૈત્રીભાવ ભાવનારા) તથા ધ્યાનગત ક્રિયામાં પ્રતિક્ષણ વૃદ્ધિ પામનારા યોગીઓ તન્નિષ્ઠયોગી કહેવાય.

૩. **નિષ્પન્નયોગી** :–બહિર્જલ્પ તથા અન્તર્જલ્પરૂપી કલ્લોલની શ્રેણિઓ જ્યાં વિરામ પામી છે ( અર્થાત્ મન, વચન અને કાયાના તરંગો શમી ગયા હોવાથી યોગસ્થિરતા જ્યાં પ્રાપ્ત થઇ છે ) તથા સમ્યગ્ વિદ્યારૂપી કમલિનીઓવાળા ચિત્તરૂપી માનસસરોવરમાં નિર્લેપતાથી હંમેશા જેને હંસરૂપ આત્મા અમૃતપાન કરે છે. ( આત્મસ્વરૂપમાં રમણતા કરે છે ) તે નિષ્પન્નયોગી કહેવાય.

**અપ્રમત્ત ગુણસ્થાને ધ્યાનસંભવ :–**

**धर्मध्यानं भवत्यत्र, मुख्यवृत्त्या जिनोदितम् ।**
**रूपातीततया शुक्ल–मपि स्यादंशमात्रतः ॥३५॥**

**ગાથાર્થ**:-સાતમા ગુણસ્થાનમાં મુખ્યતયા જિનેશ્વર ભગવંતે કહેલા સ્વરૂપવાળું ધર્મધ્યાન હોય છે તથા રૂપાતીતધ્યાનના અંશથી (ગૌણતાએ) શુક્લધ્યાન પણ હોય છે.

**ભાવાર્થ**:-ધર્મધ્યાન મૈત્ર્યાદિભેદથી અનેક પ્રકારનું છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે:-

મૈત્ર્યાદિભેદથી, પિંડસ્થાદિ ભેદથી અને આજ્ઞાવિચયાદિભેદથી ચાર ચાર પ્રકારનું ધર્મધ્યાન છે.

તેમાં ધર્મધ્યાનને [1]સંસ્કારિત કરવા માટે મૈત્રી, પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ યોજવી, કારણ કે મૈત્ર્યાદિ ભાવના ધર્મધ્યાનને પુષ્ટ કરવા માટે રસાયણ સમાન છે.

સર્વ જીવો મારે મિત્ર સમાન છે, કોઈ જીવ મારું કાંઈપણ નુકશાન કરતો નથી, દુઃખ આપનારો જીવ પણ મારા અસાતાવેદનીયના ક્ષયમાં નિમિત્તરૂપ હોવાથી મિત્ર સમાન છે તથા સર્વજીવોનું મારાથી હિત કઈ રીતે થાય? ઇત્યાદિ ભાવના તે **મૈત્રીભાવના.**

પર જીવને દુઃખમાંથી મુક્ત કરવાની ચિંતા. જીવો સંસારી ઉપાધિથી મુક્ત કેમ થાય? ઇત્યાદિ ભાવના તે **કરૂણાભાવના.**

---

૧. **त्रुटयतो ध्यानस्य पुनर्ध्यानान्तरेण सन्धानंकर्तुं...** તૂટતા ધ્યાનને પુનઃ બીજા ધ્યાન સાથે સાંધવા માટે આવો **उपस्कर्तुम्** નો અર્થ યોગશાસ્ત્રની વૃત્તિમાં કહ્યો છે.

પર જીવને સુખી જોઈ સંતોષ માનવો અને સુખના સાધન જે રીતે પ્રાપ્ત કરી શકે તે રીતે તેને પ્રેરણા કરવી ઇત્યાદિ ભાવના તે **પ્રમોદભાવના.**

પર જીવોના દોષ અવગુણો જોઈ તેમના ઉપર અરૂચિથી, ઇર્ષ્યા દૃષ્ટિથી ન જોતાં, એ જીવો કર્મવશ છે, એમનો કાંઈ દોષ નથી, મોહ ચેષ્ટા કરાવે છે તેમ કરે છે ઇત્યાદિ મનમાં સમજી તે જીવોના દોષો તરફ ઉપેક્ષા-દુર્લક્ષ કરવું તે **ઉપેક્ષાભાવના.**

**શાસ્ત્રમાં કહ્યું છે કે:-**

परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥१॥

પરજીવના હિતનો વિચાર કરવો તે **મૈત્રીભાવના,**

પરદુઃખનો વિનાશ કરવાની ચિંતા તે **કરૂણાભાવના,**

પરના સુખમાં સંતોષ માનવો તે **પ્રમોદભાવના** અને પરના દોષોની ઉપેક્ષા કરવી તે **મધ્યસ્થભાવના** છે.

અથવા આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનને ચિંતવવું. આ રીતે પણ ધ્યેયના ભેદથી આજ્ઞાવિચય આદિ ચાર ધર્મધ્યાન કહ્યા છે. ધ્યેયના ભેદની અપેક્ષાએ આ ધ્યાનના ભેદ છે.

આજ્ઞાવિચયમાં પ્રભુની આજ્ઞા એ ધ્યેય છે.

અપાયવિચયમાં ઉપાધિ-કષ્ટમય સંસાર ધ્યેય છે.

સંસ્થાનવિચયમાં ચૌદરાજલોકનું સ્વરૂપ ધ્યેય છે અને વિપાકવિચયમાં કર્મફળ એ ધ્યેય છે.

જો કે કોઈ પણ પ્રકારનું ધ્યાન ધ્યેય વિના તો ન જ હોય પરંતુ આ વિશિષ્ટધ્યેયની અપેક્ષાએ ધ્યાનના ભેદ કહ્યા છે, જેમ પિંડસ્થાદિ ધ્યાનભેદ કેવળ એક ધ્યેયના છે અને આ [1]આજ્ઞાવિચયાદિ ભેદના ધ્યેય ભિન્ન ભિન્ન છે માટે ધ્યેયના ભેદે આ ચાર ધ્યાનભેદ છે.

તથા આત્મા અને શરીર એ બેના સંબંધવાળું જે હૃદયમાં ધ્યાન તે **પિંડસ્થધ્યાન**, હૃદયમાં વ્યાપ્ત કરેલ અર્હન્ આદિ પદરૂપ તે **પદસ્થધ્યાન**, અમુક આકારે કલ્પેલું આત્મસ્વરૂપ વિચારવું તે **રૂપસ્થધ્યાન**, કલ્પના રહિત એવું આત્મસ્વરૂપ વિચારવું તે **રૂપાતીતધ્યાન** છે.

પ્રભુના જીવસહિત સાક્ષાત શરીરના આલંબનથી જે ધ્યાન તે પિંડસ્થધ્યાન. અહીં પિંડ એટલે શરીર એવો અર્થ છે. पिण्डं शरीरे तत्र तिष्ठति इति पिण्डस्थम् ध्येयम् (યોગશાસ્ત્ર ૭મો પ્રકાશ)

તેથી પિંડસ્થધ્યાન શરીરના આલંબનવાળું છે.

પદસ્થ ધ્યાન તે અરિહંત ઈત્યાદિ પદનું ધ્યાન છે.

यत्पदानि पवित्राणि, समालम्ब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं, ध्यानं सिद्धान्तपारगैः ॥

(યોગશાસ્ત્ર ૮ મો પ્રકાશ)

પવિત્ર પદોનું આલંબન કરીને ધ્યાન કરવું તેને સિદ્ધાંતના પારગામી મુનિઓએ **પદસ્થધ્યાન** કહ્યું છે.

---

૧. આજ્ઞાવિચયાદિનું વિવરણ ૨૮ મી ગાથામાં છે.

૫

શ્રી અરિહંત શ્વેત વર્ણના, સિદ્ધ પરમાત્મા રક્ત-વર્ણના ઈત્યાદિ કોઈ પણ આકારે રૂપ કલ્પીને અરિહંતાદિ ધ્યેયનું જે ધ્યાન કરવું તે **રૂપસ્થધ્યાન** છે.

વર્ણ-રૂપ-આકાર ઈત્યાદિ રહિત નિરંજન-નિરાકાર સ્વરૂપે ધ્યાન કરવું, તે **રૂપાતીતધ્યાન** છે.

અથવા બીજી રીતે વિચારીએ તો -

પિંડ એટલે ધ્યાતાનું શરીર. તેમાં સ્થ-એટલે રહેલું જે ધ્યાન તે પિંડસ્થધ્યાન કહેવાય.

પોતાના શરીરમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી, અને તત્રભૂ આ પાંચ ધારણાપૂર્વક ધ્યાન શ્રી યોગશાસ્ત્રના ૭ મા પ્રકાશમાં કહ્યું છે.

પોતાના શરીરની અંદર નાભિમાં કમળ ચિંતવી ધ્યાન કરવું ઈત્યાદિ અનેક પ્રકારે પોતાના શરીરના આલંબનવાળું ધર્મધ્યાન, તે आत्माङ्गसङ्गिस्वान्तं આત્મા અને શરીરના સંગવાળું ધ્યાન, એટલે પોતાના શરીરમાં પોતાના આત્માનું ધ્યાન અથવા નવપદાદિનું ધ્યાન તે **પિંડસ્થધ્યાન.**

સિદ્ધાન્તના પદ-મન્ત્રનાં પદ અથવા શ્રી જિનેશ્વર અને મુનિ વિગેરે ધ્યેય વસ્તુઓ ઉપર ચિત્તને એકાગ્ર કરવું તે **પદસ્થધ્યાન** અહીં પદ એટલે કૈવલ્યાદિ પદ (પદવી આત્મઋદ્ધિ) ને પામેલા તીર્થંકરાદિ અથવા પદ એટલે આગમાદિની વચનપંક્તિઓનું જે ધ્યાન તે પદસ્થધ્યાન.

જિનેશ્વરાદિની પ્રતિમા વિગેરે સ્થાપના નિક્ષેપાનું જે ધ્યાન તે **રૂપસ્થધ્યાન,** અહીં રૂપ એટલે પ્રતિબિંબ પ્રતિકૃતી ઈત્યાદિ સ્થાપનારૂપ અર્થ છે.

પ્રતિબિંબાદિરૂપ રહિત એવા સિદ્ધ ભગવંતનું અથવા પોતાના આત્માનું સ્વરૂપ ચિંતવવું તે **રૂપાતીતધ્યાન.** અહીં રૂપ એટલે શરીર–પ્રતિબિંબ–શ્વેતાદિ વર્ણ તેના આલંબન વગરનું ધ્યાન તે રૂપાતીતધ્યાન છે.

આ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા **સ્વરૂપવાળું ધર્મધ્યાન,** અપ્રમત્તગુણસ્થાનમાં મુખ્ય હોય છે અને [1]રૂપાતીતપણાથી શુક્લધ્યાન પણ અંશમાત્ર–ગૌણતાએ હોય છે.

અપ્રમત્તગુણસ્થાને આવશ્યકાદિ ક્રિયાનો અભાવ હોવા છતાં અતિચારાદિની શુદ્ધિ હોય છે, તે અંગે.

**इत्येतस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट् ।**
**संततध्यानसद्योगा- च्छुद्धिः स्वाभाविकी यतः ॥३६॥**

**ગાથાર્થ** :– અપ્રમત્તગુણસ્થાનમાં છ આવશ્યક નથી તો પણ સતત ઉત્તમ ધ્યાનના યોગથી સ્વાભાવિક આત્મશુદ્ધિ થાય છે.

---

૧. ધર્મધ્યાનનો ચોથો ભેદ રૂપાતીતધ્યાન હોવાથી, એ ચોથા ભેદનું ધ્યાન જેમ રૂપાતીત છે, તેમ શુક્લધ્યાન પણ રૂપાતીત ધ્યાનરૂપ જ છે, માટે ધર્મધ્યાનના ચોથા પાયાના ધ્યાનવાળા આત્માને રૂપાતીતપણાનું ધ્યાન હોવાથી ગૌણતાએ શુક્લધ્યાન સ્વરૂપ છે. (અર્થાત્ રૂપાતીત ધર્મધ્યાન તે મુખ્યતાએ ધર્મધ્યાન સ્વરૂપ છે અને ગૌણતાએ શુક્લધ્યાન છે.

વિચારસારગ્રંથમાં ધર્મધ્યાનના ચાર ભેદ ગણાવીને પ્રથમ ત્રણ ભેદને ધર્મધ્યાન કહ્યું છે, (તેથી ચોથો ભેદ શુક્લધ્યાનની ગૌણતા તરીકે જ સમજાય છે.)

**ભાવાર્થ**:- આ ગુણસ્થાને સામાયિકાદિ વ્યવહાર ક્રિયારૂપ છએ આવશ્યકો નથી. (પરંતુ નિશ્ચય દૃષ્ટિથી તો છએ આવશ્યકો વિદ્યમાન છે.) કારણકે તે (નિશ્ચયિક) આવશ્યકો આત્માના ગુણરૂપ છે.

સિદ્ધાન્તમાં કહ્યું છે, કે-

'आया सामाइए' । 'आया सामाइअस्स अठठे ।'

આત્મા એ જ સામાયિક છે, આત્મા જ સામાયિકનો અર્થ છે, ઈત્યાદિ.

અપ્રમત્તપણામાં નિરંતર ઉત્તમ આત્મસ્વરૂપ ધ્યાનનો સદ્ભાવ હોવાથી, સ્વાભાવિક ધ્યાનની સાથે જ ઉત્પન્ન થયેલી અને સંકલ્પ-વિકલ્પની પરંપરાના અભાવથી આત્મ-સ્વભાવરૂપ નિર્મળતા હોય છે.

આ ગુણસ્થાનમાં વર્તતો જીવ ભાવતીર્થમાં સ્નાન કરવાથી પરમ વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે.

શાસ્ત્રમાં કહ્યું છે, કે:-

"દાહ-તાપની ઉપશાંતિ, તૃષાદિનો નાશ અને શરીરના મેલને દૂર કરે, તેને (નદી સમુદ્રાદિને) દ્રવ્ય-તીર્થ કહેવાય.

તપસંયમ, ક્રોધનો નિગ્રહ કરનાર, દાહને શમાવનાર, લોભનો જય કરનાર અને ઘણા ભવોમાં એકઠી કરેલી કર્મરજને ધોનાર હોવાથી તે (તપસંયમ) ભાવતીર્થ કહેવાય.

બીજી રીતે શાસ્ત્રમાં કહ્યું છે કે:-

શ્વાસોચ્છ્વાસને રોકી, શરીરને નિશ્ચલ કરી, ઇન્દ્રિયોના વિકારને રોકી, નેત્રના પલકાર બંધ કરી, મનના વિકલ્પોની

ઈન્દ્રજાળ નાશ પામવાથી, મોહરૂપી અંધકાર ક્ષય પામવાથી, જગતના દીપક સમાન (સૂર્ય જેવું) કોઈક મહાતેજ (આત્મજ્ઞાનરૂપ તેજ) પ્રસરે, ત્યારે ધ્યાની મહાત્મા પરમ આનંદરૂપી સમુદ્રમાં પ્રવેશ કરે છે, તે ધ્યાની મહાત્માને ધન્ય છે.

### અપ્રમત્તગુણસ્થાને બંધ-ઉદય-સત્તા :-

અપ્રમત્તગુણસ્થાનવર્તી જીવ; શોક, અરતિ, અસ્થિર, અશુભ, અયશ અને અસાતા એ ૬ પ્રકૃતિનો પ્રમત્તના અંતે બંધ વિચ્છેદ થવાથી અને આહારકદ્વિકનો બંધ થવાથી ૫૯ પ્રકૃતિ બાંધે છે અને જો દેવાયુષ્ય પણ ન બાંધે તો ૫૮ પ્રકૃતિ બાંધે છે.

થિણદ્ધિત્રિક, આહારકદ્વિક-એ પાંચ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી ૭૬ પ્રકૃતિનો ઉદય છે.

૧૩૮ની સત્તા અપ્રમત્તગુણસ્થાને હોય છે.

### આઠથી બાર ગુણસ્થાનોનો સામાન્ય અર્થ :-

अपूर्वात्मगुणाप्तित्वा–दपूर्वकरणं मतम् ।
भावानामनिवृत्तित्वा–दनिवृत्तिगुणास्पदम् ॥३७॥
अस्तित्त्वात्सूक्ष्मलोभस्य, भवेत्सूक्ष्मकषायकं ।
शमनाच्छान्तमोहं स्यात्, क्षपणात्क्षीणमोहकम् ॥३८॥

ગાથાર્થ :-૮. આત્માના અપૂર્વ ગુણની પ્રાપ્તિ થતી હોવાથી આઠમું અપૂર્વકરણગુણસ્થાન કહેવાય છે.

૯. અધ્યવસાયોની અનિવૃત્તિ થતી હોવાથી અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાન કહેવાય છે.

૧૦. સૂક્ષ્મલોભનો ઉદયરહેતો હોવાથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન કહેવાય છે.

૧૧. મોહનીયને ઉપશમાવવાથી ઉપશાંતમોહ ગુણસ્થાન અને

૧૨. મોહનીયનો સર્વથા ક્ષય થવાથી ક્ષીણમોહ ગુણસ્થાન કહેવાય છે.

**ભાવાર્થ–૮. અપૂર્વકરણગુણસ્થાન :**-અપ્રમત્ત મુનિ સંજ્વલન કષાયોનો તથા નોકષાયોનો મંદ ઉદય થાય ત્યારે, પૂર્વે નહિ પામેલા એવા અપૂર્વ–પરમ આહ્લાદ (આનંદમય પરિણામ) રૂપ આત્મપરિણામ, જે ગુણસ્થાનમાં પામે, તેને અપૂર્વકરણ ગુણસ્થાન કહ્યું છે. અપૂર્વ એવા આત્મગુણોની પ્રાપ્તિ આ ગુણસ્થાને થતી હોવાથી આ ગુણસ્થાનને અપૂર્વકરણ ગુણસ્થાન કહ્યું છે.

**૯. અનિવૃત્તિબાદરગુણસ્થાન :**- જોયેલા, સાંભળેલા અને ભોગવેલા વિષયોની આકાંક્ષારૂપ સંકલ્પ વિકલ્પ રહિત અને નિશ્ચલપણે કેવળ પરમાત્મ સ્વરૂપમાં જ એકાગ્ર ધ્યાન પરિણતિરૂપ, જે અધ્યવસાયો તેની અનિવૃત્તિ થતી હોવાથી ( અધ્યવસાયો પુનઃ વિષય સન્મુખ નહિ જવાથી ) અનિવૃત્તિગુણસ્થાન કહેવાય.

આ અનિવૃત્તિગુણસ્થાને અપ્રત્યાખ્યાનાદિ બાર બાદર કષાયોને અને બાદર નવ નોકષાયોને ઉપશમક ઉપશમાવવાને અને ક્ષપક ખપાવવાને તત્પર થયેલો હોય છે. તેથી [1]અનિવૃત્તિબાદરગુણસ્થાન કહેવાય છે.

---

૧ બાદર કષાયોનો ઉદય અહીં સુધી જ રહેતો હોવાના કારણે પણ અનિવૃત્તિબાદર નામ છે.

**૧૦. સૂક્ષ્મસંપરાયગુણસ્થાન :–** પરમાત્માના સૂક્ષ્મતત્ત્વની ભાવનાના બળથી મોહનીય કર્મની ૨૦ પ્રકૃતિઓ ઉપશાંત અથવા ક્ષય થયા પછી ફક્ત સૂક્ષ્મખંડ-રૂપ ( કીટ્ટીરૂપ ) થયેલા એક લોભ કષાયનું જ અસ્તિત્વ ( સૂક્ષ્મ લોભમાત્રનો જ ઉદય ) જે ગુણસ્થાનમાં હોય છે તે સૂક્ષ્મસંપરાય ( સૂક્ષ્મકષાય ) ગુણસ્થાન છે.

**૧૧. ઉપશાંતમોહગુણસ્થાન :–**આત્માના સહજ સ્વભાવના બળથી મોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓ ઉપશાંત કરીને પરમ ઉપશમ મૂર્તિવાળા થયેલા ઉપશમક જીવને ઉપશાંતમોહગુણસ્થાન હોય છે.

**૧૨. ક્ષીણમોહગુણસ્થાન :–** ક્ષપકશ્રેણિના માર્ગે ૧૦ મા ગુણસ્થાન પછી ( ૧૧ મું ગુણસ્થાન પામ્યા વિના ) તરત જ કષાય રહિત શુદ્ધ આત્મભાવનાના બળથી સર્વ મોહકર્મનો સર્વાંશે ક્ષય કરીને ક્ષપકને જ ક્ષીણમોહ ગુણ-સ્થાન હોય છે.

## ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનો પ્રારંભ ક્યાંથી ?:–

**तत्रापूर्वगुणस्थाना–द्यांशादेवाधिरोहति ।**
**शमको हि शमश्रेणिं, क्षपकः क्षपकावलीम् ॥३९॥**

**ગાથાર્થ :–** અપૂર્વકરણ ગુણસ્થાનનાં પ્રારંભથી જ [1]ઉપશમકે, જીવ ઉપશમશ્રેણિએ અને [2]ક્ષપકશ્રેણિએ ચડે છે.

---

૧ અહીં ચારિત્રમોહનીયને ઉપશાંત કરવા સન્મુખ થયેલો જીવ, એક પણ પ્રકૃતિ ઉપશાંત ન થઈ હોય, તો પણ ઉપશમક કહેવાય અને તે ૮–૯–૧૦મા ગુણસ્થાનવાળો જાણવો.

૨ ચારિત્રમોહનીયને ક્ષય કરવા સન્મુખ થયેલો જીવ એક પણ પ્રકૃતિ ન ખપાવી હોય તો પણ ક્ષપક કહેવાય અને તે ૮–૯–૧૦ મા ગુણસ્થાનવાળો જાણવો.

## ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરનારની યોગ્યતા :-

**पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैः संहननैस्त्रिभिः ।**
**संध्यायन्नाद्यशुक्लांशं, स्वां श्रेणिं शमकः श्रयेत् ॥४०॥**

**ગાથાર્થ** :-પૂર્વના જ્ઞાનવાળો, વિશુદ્ધ ચારિત્રવાન્ અને પહેલાં ત્રણ સંઘયણથી યુક્ત એવો ઉપશમક જીવ, શુક્લધ્યાનના પહેલા ભેદને ધ્યાવતો ઉપશમશ્રેણિને અંગીકાર કરે.

**ભાવાર્થ** :-ઉપશમશ્રેણિને અંગીકાર કરનાર જીવ પૂર્વગત શ્રુતજ્ઞાનવાળો, નિરતિચાર ચારિત્રવાળો અને વજ્રઋષભનારાચ, ઋષભનારાચ અને નારાચ એ ત્રણ સંઘયણવાળો હોય છે.

## ઉપશમશ્રેણિ પામેલા મુનિનું કર્તવ્ય :-

**श्रेण्यारूढः कृतेकाले ऽहमिन्द्रेष्वेव गच्छति ।**
**पुष्टायुस्तूपशान्तान्तं नयेच्चारित्रमोहनम् ॥४१॥**

**ગાથાર્થ** :-ઉપશમશ્રેણિએ ચડેલો મુનિ કાળ કરે, તો અનુત્તર વિમાનમાં જ ઉત્પન્ન થાય અને દીર્ઘ આયુષ્ય હોય, તો ઉપશાંતમોહગુણસ્થાન સુધી જઈ મોહનીયકર્મને ઉપશાંત કરે.

**ભાવાર્થ** :-ઉપશમશ્રેણિ ઉપર ચડેલો મુનિ, આયુષ્ય પૂર્ણ થવાથી જો કાળ કરે, તો સર્વાર્થસિદ્ધ આદિ દેવોમાં જ ઉત્પન્ન થાય છે, પરંતુ જે પ્રથમ સંઘયણવાળો હોય, તે જ સર્વાર્થાદિમાં જાય એમ જાણવું કારણ કે બીજા પાંચ સંઘયણવાળા અનુત્તર વિમાનમાં જઈ શકતાં નથી.

સિદ્ધાંતમાં કહ્યું છે કે:-

छेवट्ठेण उ गम्मइ, चउरो जा कप्पकीलिआईसु ।
चउसु दु दु कप्पवुड्ढी, पढमेणं जाव सिद्धो वि ॥

છેવઠ્ઠા સંઘયણથી ચાર દેવલોક સુધી, ત્યારપછી કિલિકાદિ સંઘયણોમાં બે દેવલોકની [1]વૃદ્ધિ કરવી અને પ્રથમ સંઘયણથી તો મોક્ષ સુધી પણ જવાય છે.

જે સાતલવ અધિક [2]આયુષ્યવાળો અને મોક્ષે જવા યોગ્ય હોય, તે જ સર્વાર્થસિદ્ધ આદિ વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે:-

सव्वट्ठसिद्धिनामे उक्कोसठिईसु विजयमाईसु ।
एगावसेसगब्भा, हवंति लवसत्तमा देवा ॥

જો સાત લવ પ્રમાણ અધિક આયુષ્ય હોત, તો નિશ્ચય મોક્ષે જાત, પરંતુ તેટલું આયુષ્ય ઓછું હોવાથી લવ સપ્તમ દેવો અનુત્તર દેવમાં ઉત્પન્ન થાય છે.

---

૧ છેવઠ્ઠા સંઘયણથી ૧–૨–૩–૪ કલ્પ સુધી, કિલિકાથી ૫–૬ કલ્પ સુધી, અર્ધનારાચથી ૭–૮ કલ્પ સુધી, નારાચથી ૯–૧૦ કલ્પ સુધી, ઋષભનારાચથી ૧૧–૧૨ કલ્પ સુધી અને વજ્રઋષભ-નારાચથી મોક્ષ સુધી જવાય છે.

૨ "જો સાત લવ અધિક આયુષ્ય હોત, તો તે મોક્ષે જવા યોગ્ય જ હતો." એવું સ્પષ્ટ વાકચ આ સ્થાને જોઈએ; પરંતુ વૃત્તિમાં કહેલા આ વાકચનો વૃત્તિકાર સ્વયં બીજી રીતે ખુલાસો કરે છે.

સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં તથા વિજયાદિ ચાર વિમાનમાં જે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અને એકાવતારી દેવો છે તે જ લવસપ્તમ દેવો છે બાકીના અનુત્તર દેવો લવસપ્તમ ન કહેવાય.

**પ્રશ્ન** :–અહીં વૃત્તિમાં ઉપશમશ્રેણિવાળાને મુક્તિ જવા યોગ્ય કહ્યો તે કેવી રીતે?

**ઉત્તર** :–સાત લવ તે એક મુહૂર્ત્તનો અગીઆરમો ભાગ છે. કારણ કે "૭૭ લવે ૧ મુહૂર્ત્ત થાય" એ વચન છે. તેથી સાત લવ જેટલું બાકી રહેલ આયુષ્યવાળો ઉપશમક જીવ ખંડ [૧]શ્રેણિવાળો થયેલો પાછો વળી જાય છે, અને સાતમે ગુણસ્થાને આવી પુનઃ ક્ષપકશ્રેણિ પ્રારંભી સાત લવની અંદર ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જઇને અન્તકૃત્ કેવલી થઈ મોક્ષમાં જાય છે.

તથા જે પુષ્ટ (દીર્ઘ) આયુષ્યવાળો મુનિ ઉપશમશ્રેણિ અંગીકાર કરે છે, તે [૨]અખંડ શ્રેણિવાળો થઇને ચારિત્રમોહનીયકર્મને અગીઆરમા ઉપશાંતમોહ ગુણ-

---

૧ આઠમા ગુણસ્થાને ઉપશમશ્રેણિ પ્રારંભીને ૧૧મા ગુણસ્થાનના અંત સુધી ન પહોંચતા વચ્ચેથી જ પાછો વળી જાય તો તે **ખંડશ્રેણિ** કહેવાય.

૨ આઠમા ગુણસ્થાને ઉપશમશ્રેણિ પ્રારંભીને વચ્ચેથી પાછો ન વળતાં ૧૧મા ગુણસ્થાનના અંત સુધી પહોંચે તે **અખંડશ્રેણિ** કહેવાય.

સ્થાનના અંત સુધી [1]ઉપશમ કરે છે.

## ઉપશમકજીવની અપૂર્વકરણાદિ ગુણસ્થાનોમાં કરણીઃ-

**अपूर्वादिद्वयैकैक-गुणेषु शमकः क्रमात् ।**
**करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमम् ॥४२॥**

**ગાથાર્થ**:-ઉપશમકજીવ અપૂર્વકરણાદિ બે ગુણસ્થાનમાં વીશ પ્રકૃતિને ઉપશાંત કરે છે, ૧૦મા ગુણસ્થાનમાં સંજ્વલનલોભને સૂક્ષ્મ કરે, અને ૧૧મા ગુણસ્થાનમાં સંજ્વલનલોભને ઉપશાંત કરે.

**ભાવાર્થ**:-ઉપશમકજીવ, દર્શનમોહનીયની સાત પ્રકૃતિ અને સંજ્વલનલોભ એ ૮ પ્રકૃતિ સિવાયની ૨૦ પ્રકૃતિઓને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ બે [2]ગુણસ્થાનમાં ઉપશાંત કરે છે, ત્યારબાદ સંજ્વલનલોભને

૧. ઉપશમ કરે એટલે ૧૧મા સુધી ઉપશમાવતો જાય એમ નહીં, પરંતુ આઠમા ગુણસ્થાને એક પણ પ્રકૃતિ ઉપશાંત થતી નથી, નવમા ગુણસ્થાને સંજ્વલનલોભ સિવાયની સર્વે પ્રકૃતિ ઉપશાંત થાય છે અને ૧૦મા ગુણસ્થાનને અંતે સર્વ મોહનીય ઉપશાંત હોય છે, ત્યારબાદ અન્તર્મુહૂર્ત્ત સુધી પ્રાપ્ત થતી ઉપશાંતતા એ જ ૧૧મું ગુણસ્થાન છે.

૨. ૨૦ પ્રકૃતિઓ તો અનિવૃત્તિગુણસ્થાનમાં જ ઉપશાંત થાય છે અને ઉપશમ ક્રિયા પણ અનિવૃત્તિગુણસ્થાને જ પ્રવર્ત્તે છે, તો પણ અહીં એ ૨૦ પ્રકૃતિઓને ઉપશાંત કરવાનું બે ગુણસ્થાનમાં દર્શાવ્યું, તે અપૂર્વકરણગુણસ્થાનને અનિવૃત્તિગુણસ્થાનમાં ઉપશાંત થતી પ્રકૃતિઓ માટે અતિ સાધનભૂત છે, તે

**[1]સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં [2]સૂક્ષ્મ કરે છે, ત્યારબાદ**

---

અપેક્ષાએ કહેલું લાગે છે, કારણ કે પ્રકૃતિઓને ઉપશાંત યોગ્ય કરવા માટે પ્રથમ જે સ્થિતિક્ષય, પુદ્ગલક્ષય, રસક્ષય ઇત્યાદિ ક્રિયાઓ કરવી પડે છે, તે સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ આદિ ક્રિયાઓ અપૂર્વકરણથી જ શરૂ થાય છે અને અનિવૃત્તિગુણસ્થાને ઉપશમ ક્રિયાથી ઉપશાંત થાય છે, માટે અવશ્ય કારણરૂપ અપૂર્વકરણને પણ ઉપશાંત પ્રકૃતિઓનું સ્થાન કહ્યું છે.

અહીં આપ્ત પૂર્વાચાર્યના વચનને અને બીજાં શાસ્ત્રોના વચનને કોઈપણ સમ્યગ્ નયથી પરસ્પર અબાધિત કરવાં, એ જૈનશાસ્ત્રની શૈલી છે. કારણ કે વચનમાર્ગ બહુ વિચિત્ર પ્રકારના છે, તેથી વસ્તુતત્ત્વ સાચવીને વચનમાર્ગ અંગીકાર કરવો, તે શ્રેય છે. આ ગાથાની વૃત્તિમાં ઘણાં ખરાં વાક્યો એ જ પદ્ધતિનાં છે.

૧. લોભને સૂક્ષ્મ કરે છે, એટલે સંજ્વલનલોભના રસ સ્પર્ધકો જે વિદ્યમાન છે, તેમાંથી અસંત હીન રસ કરી અપૂર્વ સ્પર્ધકો બનાવે છે. એ વખતે કેટલાંક રસસ્પર્ધકો હીન રસવાળા અપૂર્વસ્પર્ધકો બને છે અને કેટલાંક રસસ્પર્ધકો ચાલુ સ્થિતિમાં જેવાં હતાં તેવાં પણ રહે છે, તે પૂર્વસ્પર્ધકો કહેવાય છે. આ પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોમાં રસની વર્ગણાઓ જે એકેક રસાંશે અધિકના અનુક્રમવાળી છે, તે વર્ગણાઓમાંથી કેટલીક વર્ગણાઓનો એવી રીતે ક્ષય કરવો કે જેથી વર્ગણાનો અનુક્રમ તદ્દન તૂટીને છિન્નભિન્ન થઈ જાય, આ પ્રમાણે વર્ગણાઓની એકાંશાધિકતાનો અનુક્રમ તોડી રસસ્પર્ધકોને છિન્નભિન્ન અનુક્રમવાળી વર્ગણાયુક્ત બનાવવા, તે કિટ્ટિ કરી કહેવાય અને આ કિટ્ટિ તે જ લોભની સૂક્ષ્મતા થઈ એમ જાણવું.

૨. અહીં "સૂક્ષ્મસંપરાયગુણસ્થાને સંજ્વલનલોભને સૂક્ષ્મ કરે છે." આ વાક્ય પણ સમ્યક્ પ્રકારે વિચારવું, કારણ કે અનિવૃત્તિ ગુણસ્થાને જ લોભને સૂક્ષ્મ કરે છે અને સૂક્ષ્મસંપરાય

ઉપશાંતમોહગુણસ્થાનમાં સૂક્ષ્મ થયેલા સંજ્વલનલોભનો સર્વથા [1]ઉપશાંત કરે છે.

## ઉપશાંતમોહગુણસ્થાને બંધ, ઉદય, સત્તા :-

ઉપશાંતમોહ ગુણસ્થાનમાં વર્તતો જીવ એક પ્રકૃતિનો (સાતા વેદનીયનો) [2]બંધક, ૫૯ પ્રકૃતિનો ઉદય અને ૧૪૮ પ્રકૃતિની સત્તાવાળો હોય છે.

---

ગુણસ્થાને તો તે સૂક્ષ્મ થયેલા લોભને ઉદયમાં વેદે છે, માટે "કરે છે" એ વર્તમાનકાળનો પ્રયોગ "વેદે છે" એવા અર્થમાં સમજવો.

૧. અહીં પણ "૧૧મે ગુણસ્થાને સંજ્વલનલોભને ઉપશાંત કરે છે." એમ કહ્યું તે પણ ઉપરોક્ત રીતે વિચારવું. કારણ કે વાસ્તવિક રીતે તો ૧૦મે ગુણસ્થાને જ સંજ્વલનલોભને ઉપશમ ક્રિયાપૂર્વક ઉપશાંત પમાડતો પમાડતો જ્યારે સંપૂર્ણ ઉપશાંત થઈ જાય છે, ત્યારે ૧૦મું ગુણસ્થાન મટી ૧૧મું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. જેથી ૧૧મે ગુણસ્થાને સંજ્વલન લોભ પ્રથમ સમયથી ઉપશાંત થયેલો જ હોય છે, એ ઉપશાંતતા જેટલો કાળ ટકે તેટલો કાળ ૧૧મું ગુણસ્થાન ગણાય.

૨. પૂર્વે સાતમા ગુણસ્થાન સુધી પ્રકૃતિઓનો બંધ, ઉદય અને સત્તા વૃત્તિકાર મહારાજશ્રી જણાવી ગયા છે, ત્યારબાદ ૧૧મા ગુણસ્થાને ૧નો બન્ધ, ૫૯નો ઉદય અને ૧૪૮ની સત્તા કહી છે માટે બાકી રહેલ આઠમા નવમા અને દશમા ગુણસ્થાનના બંધ, ઉદય, સત્તા ઉપર પ્રમાણે જાણવાં.

# ૮. અપૂર્વકરણગુણસ્થાને બંધ, ઉદય, સત્તા

અપૂર્વકરણના પહેલા ભાગે ૫૮ પ્રકૃતિનો બંધ, ત્યારપછી નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ થયે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગે ૫૬ પ્રકૃતિનો બંધ હોય, ત્યારપછી દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસાદિ ૯, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, તૈજસ, કાર્મણ–એ ૩૦ પ્રકૃતિનો બંધવિચ્છેદ થતાં સાતમે ભાગે ૨૬ પ્રકૃતિનો બંધ હોય.

તથા સમ્યક્ત્વમોહનીય અને છેલ્લાં ત્રણ સંઘયણનો ઉદય વિચ્છેદ થતાં ૭૨ પ્રકૃતિનો ઉદય હોય.

તથા ૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે.

# ૯. અનિવૃત્તિગુણસ્થાને બંધ, ઉદય, સત્તા

ઉપર કહેલી ૨૬ પ્રકૃતિમાંથી હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા એ ચારનો બંધ વિચ્છેદ થવાથી પહેલે ભાગે ૨૨ નો બંધ.

પુરુષવેદનો બંધવિચ્છેદ થવાથી બીજે ભાગે ૨૧નો બંધ.

સંજ્વલનક્રોધનો બંધવિચ્છેદ થવાથી ત્રીજે ભાગે ૨૦ નો બંધ.

સંજ્વલનમાનનો બંધવિચ્છેદ થવાથી ચોથે ભાગે ૧૯નો બંધ.

સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ થવાથી પાંચમે ભાગે ૧૮નો બંધ.

તથા હાસ્યાદિ ૬નો ઉદયવિચ્છેદ થવાથી ૬૬ પ્રકૃતિનો ઉદય.

તથા ૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે.

## ૧૦. સૂક્ષ્મસંપરાયગુણસ્થાને બંધ, ઉદય, સત્તા

પૂર્વોક્ત ૧૮માંથી સંજ્વલનલોભનો બંધવિચ્છેદ થવાથી ૧૭ પ્રકૃતિનો બંધ હોય.

તથા ૩ વેદ અને સંજ્વલન ક્રોધ, માન, માયા એ ૬ નો ઉદયવિચ્છેદ થતાં ૬૦ પ્રકૃતિનો ઉદય.

તથા ૧૪૮ પ્રકૃતિની સત્તા હોય છે.

## ઉપશાંતમોહગુણસ્થાનમાં સમ્યક્ત્વ, ચારિત્ર અને ભાવ

**शान्तदृग्वृत्तमोहत्वा-दत्रौपशमिकाभिधे ।**
**स्यातां सम्यक्त्वचारित्रे, भावश्चोपशमात्मकः ॥४३॥**

ગાથાર્થ :-ઉપશાંતમોહગુણસ્થાને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય ઉપશાંત થવાથી સમ્યક્ત્વ અને ચારિત્ર બંને ઉપશમભાવના હોય, તેમજ ભાવ પણ

ઔપશમિક જ હોય પરંતુ ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ ન હોય.'

## ઉપશાંતમોહી જીવનું પતન–ઉર્ધ્વગમનનો નિષેધઃ–

**वृत्तमोहोदयं प्राप्यो–पशमी च्यवते ततः ।**
**अधःकृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥४४॥**

**ગાથાર્થ**:– ઉપશાંતમોહ ગુણસ્થાનેથી ઉપશમક જીવ ચારિત્રમોહનીયનો ઉદય થતાં પુનઃ નીચે પડે છે, કારણ કે પાણીનો મેલ પાલની નીચે ઠરી રહ્યો હોય તે પાણી ડહોળાવાથી પુનઃ મલીન થાય છે.

**ભાવાર્થ**:– જેમ તળીએ બેઠેલા મેલથી જળ, જો કે ઉપરથી નિર્મલ થાય પરંતુ કોઈ પ્રેરણાનું નિમિત્ત પામીને પુનઃમલિન થાય છે તેમ ઉપશમી જીવ ચારિત્રમોહનીયને ઉદય પામીને મોહથી ઉત્પન્ન થયેલા મલિન અધ્યવસાયોથી ઉપશાંતમોહગુણસ્થાનથી પુનઃ નીચે પડે છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કેઃ–

सुअकेवलि आहारंग, उजुमई उवसंतगा विहु पमाया ।
हिडंति भावणंतं तयणंतरमेव चउगई आ ॥

---

૧. અહીં આ વાકય ઉપરથી ઉપશાંતમોહી જીવને ક્ષાયિક અને ક્ષયોપશમ ભાવ સર્વથા હોય જ નહિ એમ ન જાણવું. કારણ કે આ વાકય "મોહનીયકર્મના ક્ષાયિક અને ક્ષયોપશમ ભાવ ન હોય." એ અર્થની અપેક્ષાએ બાહુલ્યતાથી કહ્યું છે. અન્યથા તો ઉપશાંત-મોહીને દર્શનમોહનીય સપ્તકનો ક્ષય થયેલો હોય, તો સમ્યક્ત્વ ક્ષાયિકભાવે પણ હોય અને જ્ઞાનાવરણીયાદિનો ક્ષયોપશમ હોવાથી જ્ઞાન વિગેરે ક્ષયોપશમ ભાવના હોય.

શ્રુતકેવલિ, આહારકશરીરી, ઋજુ-મતિ-મનઃપર્યવ-જ્ઞાની અને ઉપશાંતમોહગુણસ્થાની મહાત્માઓ પણ પ્રમાદના વશથી અનંતભવભ્રમણ કરે છે અને તે તે ભવથી અનંતર ભવમાં ચારે ગતિમાં જાય છે.

## ઉપશમક જીવોનો ચડવા–ઉતરવાનો ક્રમ :–

**अपूर्वाद्यास्त्रयोप्यूर्ध्व मेकं यान्ति शमोद्यताः ।**
**चत्वारोऽपि च्युतावाद्यं, सप्तमं वान्त्यदेहिनः ॥४५॥**

**ગાથાર્થ** :– અપૂર્વકરણાદિ ત્રણે ગુણસ્થાનવાળા ઉપશમક જીવો ઉપર ચડે, તો એકેક ગુણસ્થાન જ અનુક્રમે ચડે, અને તે ચારે ગુણસ્થાનવાળા ઉપશમક જીવો જો પડે, તો પહેલા મિથ્યાત્વગુણસ્થાને આવે અથવા ચરમ શરીરી હોય તો અપ્રમત્તગુણસ્થાને આવે.

**ભાવાર્થ** :– અપૂર્વકરણાદિ ત્રણે ગુણસ્થાનવાળા ચડવાની અપેક્ષાએ અપૂર્વકરણવાળા અનિવૃત્તિબાદરમાં, અનિવૃત્તિબાદરવાળા સૂક્ષ્મસંપરાયમાં અને સૂક્ષ્મસંપરાયવાળા ઉપશાંતમોહગુણ સ્થાનમાં જાય.

તથા અપૂર્વકરણાદિ ચાર ગુણસ્થાનવાળા ઉપશમક જીવો પડવાની અપેક્ષાએ પહેલા મિથ્યાત્વગુણસ્થાને આવે.[1]

---

૧. અહીં અપૂર્વાદિથી વચ્ચેનાં ગુણસ્થાન પામ્યા વિના એકદમ મિથ્યાત્વે આવે એવો અર્થ સ્પષ્ટ રીતે વૃત્તિના વાક્ય ઉપરથી પ્રાપ્ત થાય છે, તો પણ વચનપ્રણાલિકાઓ અનેક પ્રકારની હોવાથી એવો અર્થ ગ્રહણ ન કરતાં "અપૂર્વકરણાદિ ચાર ગુણસ્થાનવાળા જીવો પડે તો પહેલાં મિથ્યાત્વગુણસ્થાન સુધી પણ જાય." એવો અર્થ ગ્રહણ કરવો.

**અથવા તે ઉપશમક જીવો જો ચરમશરીરી એટલે તદ્ભવ મોક્ષગામી હોય, તો સાતમા ગુણસ્થાન સુધી આવે અને તેઓ સાતમા ગુણસ્થાનથી પુનઃ ક્ષપકશ્રેણિ માંડે પરંતુ જેણે એકવાર જ ઉપશમશ્રેણિ કરી હોય તે જીવો જ તે ભવમાં ક્ષપકશ્રેણિ કરે છે. પરંતુ તે ભવમાં જેણે બે વાર ઉપશમશ્રેણિ કરી હોય, તેવા જીવો તે ભવમાં ક્ષપકશ્રેણિ પ્રારંભતા નથી.**

**શાસ્ત્રમાં કહ્યું છે કે-**

जीवो हु एगजम्मंमि, इक्कसि उवसामगो ।
खयंपि कुज्जा नो कुज्जा दो वारे उवसामगो ॥१॥

---

કારણ કે ઉપશમકનું પડવું શાસ્ત્રમાં બે પ્રકારે કહ્યું છે.

૧. ભવક્ષયથી, ૨. કાળક્ષયથી

જેઓ ભવક્ષયથી એટલે આયુષ્યના ક્ષયથી પડે છે, તે જીવો તો અનુત્તરમાં જવાથી અનંતરપણે ચોથું ગુણસ્થાન પામી જાય છે અને કોઈ ગ્રંથના મતે સાસ્વાદનપણું પણ પામે છે. પરંતુ અહીં તે ચર્ચાસ્પદ હોવાથી પ્રયોજન નથી.

તથા જે ઉપશમક જીવો કાળક્ષયથી એટલે ઉપશાંતમોહનો કાળ સમાપ્ત થવાથી પડે છે, તે જીવો જે રીતે શ્રેણિ ચડ્યા હતા તે રીતે અનુક્રમે પાછા પડે છે, જેથી ૧૧ માંથી ૧૦ મે, ૧૦માંથી ૯ મે, ૯ માંથી ૮ મે અને ૮ માંથી ૭ મે આવે છે. અહીં સાતમે આવેલા જીવોમાંના કેટલાએક ચરમશરીરી હોય તો પુનઃ ક્ષપકશ્રેણિ પ્રારંભી ઉપર ચડી કેવલજ્ઞાન પામે છે, કોઈક જીવો ત્યાંથી છઠ્ઠે સાતમે અનેકવાર ગત્યાગતિ કરી પુનઃ ઉપશમશ્રેણિ પણ પ્રારંભે છે અને કેટલાક જીવો ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ સન્મુખ ન થતાં સાતમેથી પુનઃ નીચે ઉતરતા ઉતરતા યાવત્ મિથ્યાત્વે પણ જાય છે.

જીવ જો એકભવમાં નિશ્ચય એક જ વાર ઉપશમક થયો હોય, તો ક્ષપકશ્રેણિ કરે પણ ખરો, પરંતુ એક ભવમાં બે[1] વાર ઉપશમક થયો હોય, તો (તે ભવમાં) ક્ષપકશ્રેણિ ન જ કરે.

શ્રી કલ્પાધ્યાનમાં કહ્યું છે કે—

एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुयजम्मेसु ।
अन्नयरसेढिवज्जं, एगभवेणं च सव्वाई ॥१॥

દેવ અને મનુષ્ય ભવોમાં જો સમ્યક્ત્વ પતિત ન થયું હોય, તો કોઈપણ એક શ્રેણિ વર્જીને બાકીના સર્વે ભાવ એક જ ભવમાં પ્રાપ્ત થાય છે. (આ અભિપ્રાય એક ભવમાં બે જુદી જુદી શ્રેણિ ન હોય, જો ઉપશમ કરી તો પછી ક્ષપક ન જ કરે તે માટે છે.)

અહીં સર્વ ભાવ એટલે એક જ ભવમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, શ્રુતસામાયિક, સર્વવિરતિસામાયિક અને ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ બેમાંથી કોઈપણ એક—એ સર્વે ભાવ પ્રાપ્ત થાય છે.

આ ગાથાના જ અર્થમાં શ્રી વિશેષાવશ્યકમાં કહ્યું છે કે, "કોઈપણ એક શ્રેણિ વર્જીને" એમ કહેવાનું કારણ કે સિદ્ધાંતના અભિપ્રાયથી એકભવમાં બે શ્રેણિ ન જ થાય. પરંતુ ૧ ઉપશમશ્રેણિ અથવા તો ૧ ક્ષપકશ્રેણિ જ થાય છે.

---

૧. અહીં એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ કરવાનું કહ્યું તે કાર્મગ્રન્થિક અભિપ્રાય જાણવો. સિદ્ધાંતના અભિપ્રાયથી તો એક ભવમાં એક જ વાર શ્રેણિ હોય.

## ઉપશમશ્રેણિ એક ભવમાં તથા અનેક ભવમાં કેટલીવાર તે સંખ્યા :-

**आसंसारं चतुर्वार–मेव स्याच्छमनावली ।**
**जीवस्यैकभवे वार–द्वयं सा यदि जायते ॥४६॥**

ગાથાર્થ :- આખા સંસારચક્રમાં એક જીવને ચાર વાર જ ઉપશમશ્રેણિ થાય અને એક જીવને એકભવમાં જો થાય તો બે વાર જ ઉપશમશ્રેણિ થાય.

ભાવાર્થ :- શમનાવલી=ઉપશમશ્રેણિ.

શાસ્ત્રમાં કહ્યું છે કે: -

उवसमसेणि-चउक्कं, जायइ जीवस्स आभवं नूणं ।
सा पुण दो एगभवे, खवगस्सेणी पुणो एगा ॥१॥

ભવચક્રમાં જીવને ચાર વાર જ ઉપશમશ્રેણિ થાય છે. પરંતુ એક ભવમાં બે ઉપશમશ્રેણિ થાય અને ક્ષપક શ્રેણિ તો એક ભવમાં એક જ હોય ( અને સંસારમાં પણ એક જ વાર હોય છે. )

## ઉપશમશ્રેણિની સ્થાપના આ પ્રમાણે :-

પ્રથમ અનંતાનુબન્ધિ ચાર કષાયને ઉપશમાવે, ત્યારબાદ ૩ દર્શનમોહનીયને, ત્યારબાદ નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ છ, પુરુષવેદ અને એકેક કષાયને અન્તરે બે બે સરખા કષાયને અનુક્રમે ઉપશમાવે.

| |
|---|
| ઉપશાંતમોહ |
| સંજ્વલન લોભ |
| અપ્રત્યાખ્યાનીયલોભ પ્રત્યાખ્યાનીયલોભ |
| સંજ્વલનમાયા |
| અપ્રત્યાખ્યાનીયમાયા પ્રત્યાખ્યાનીયમાયા |
| સંજ્વલનમાન |
| અપ્રત્યાખ્યાનીયમાન પ્રત્યાખ્યાનીયમાન |
| સંજ્વલનક્રોધ |
| અપ્રત્યાખ્યાનીયક્રોધ પ્રત્યાખ્યાનીયક્રોધ |
| પુરૂષ વેદ ૧ |
| હાસ્યાદિ ૬ |
| સ્ત્રી વેદ ૧ |
| નપુંસકવેદ ૧ |
| ૩ મિથ્યાત્વ–મિશ્ર–સમ્યક્ત્વમોહનીય |
| ૪ અનંતાનુબન્ધિ |

આ પ્રરૂપણા ઉર્ધ્વમુખી જાણવી. જેમકે પ્રથમ ચાર અનંતાનુબંધી ઉપશમાવે, પછી ત્રણ દર્શનમોહનીય સમકાળે ઉપશમાવે.

(અહીં એકેક ખાનામાં સમકાળે ઉપશમતી પ્રકૃતિઓ લખેલી છે.)

**ક્ષપકશ્રેણિનું સ્વરૂપ :-**

**अतो वक्ष्ये समासेन क्षपकश्रेणि-लक्षणम् ।**
**योगी कर्मक्षयं कर्तुं, यामारुह्य प्रवर्तते ॥४७॥**

ગાથાર્થ :- હવે અહીંથી પ્રારંભીને સંક્ષેપમાં ક્ષપકશ્રેણિનું લક્ષણ કહીશ કે જે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને યોગી ( ક્ષપક મુનિ ) કર્મક્ષય કરવાનો પ્રારંભ કરે છે.

**ક્ષપકમુનિને કર્મક્ષયને પામતી પ્રકૃતિઓ :-**

**अनिबद्धायुषः प्रान्त्य-देहिनो लघुकर्मणः ।**
**असंयतगुणस्थाने नरकायुः क्षयं व्रजेत् ॥४८॥**
**तिर्यगायुः क्षयं याति, गुणस्थाने तु पञ्चमे ।**
**सप्तमे त्रिदशायुश्च, दृग्मोहस्यापि सप्तकम् ॥४९॥**
**दशैताः प्रकृतीः साधुः क्षयं नीत्वा विशुद्धधीः ।**
**धर्मध्यानेकृताभ्यासः प्राप्नोति स्थानमष्टमम् ॥५०॥**

ગાથાર્થ :- [1]અબદ્ધાયુ ચરમશરીરી લઘુકર્મી જીવને ચોથા ગુણસ્થાને નરકાયુષ્ય, પાંચમા ગુણસ્થાને તિર્યંચાયુષ્ય, સાતમા ગુણસ્થાને દેવાયુષ્ય અને દર્શન-

---

૧. જે જીવ ચરમશરીરી એટલે તે ભવમાં જ મોક્ષે જવાનો હોય, તેવા ક્ષપકમુનિને જન્મથી જ મનુષ્યાયુષ્ય સિવાય ત્રણ આયુષ્યની સત્તા (મિથ્યાત્વગુણસ્થાને પણ) નથી હોતી, છતાં ક્ષપકને આ ત્રણ ગુણસ્થાને ક્ષય કહ્યો, તે કેવળ સંભવ સત્તાની અપેક્ષાએ અક્ષપક જીવ આશ્રયી છે, કારણ કે જો ક્ષપક ન હોય તો તે ગુણસ્થાને તે આયુષ્યની સત્તાનો સંભવ હોય છે અને ક્ષપક થવાથી હવે તે સંભવ રહ્યો નથી.

મોહનીયની સાત પ્રકૃતિનો ક્ષય થાય છે.

આ પ્રમાણે ૧૦ પ્રકૃતિઓનો ક્ષય કરી વિશુદ્ધ અધ્યવસાયયુક્ત મુનિ ધર્મધ્યાન ધ્યાતો આઠમું ગુણસ્થાન પામે છે.

**ભાવાર્થ** :– આઠમા ગુણસ્થાનને પામનાર શ્રમણે રૂપાતીત ધર્મધ્યાનનો અભ્યાસ કરેલ હોય છે.

અભ્યાસ=વારંવાર આસેવન.

વારંવાર આસેવનરૂપ અભ્યાસના યોગથીજ તત્ત્વ પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :–

અભ્યાસથી આહાર, આસન, શ્વાસ (અનિલત્રુટિ) એટલે પવનનો જય, ચિત્તની સ્થિરતા, ઈન્દ્રિયજય, પરમ આનંદની પ્રાપ્તિ અને આત્મસ્વરૂપનું દર્શન થાય છે.

શાસ્ત્રમાં કહેલું ધ્યાનનું સ્વરૂપ જાણીને શાસ્ત્રમાં જ રહેવા દીધું હોય પરંતુ જો તે ધ્યાનનો અભ્યાસ ન કર્યો હોય, તો તેવા ધ્યાનથી ફળપ્રાપ્તિ થતી નથી, જેમ પાણીમાં ફળનાં પ્રતિબિંબ માત્ર પડ્યા હોય તો તેવા ફળના પ્રતિબિંબ માત્રથી લેશ પણ તૃપ્તિ થતી નથી. માટે અભ્યાસથી જ તત્ત્વને અનુસરતી ( આત્મસ્વરૂપને અનુસરતી ) નિર્મળ બુદ્ધિ થાય છે.

## આઠમા ગુણસ્થાને ક્ષપક મુનિને શુક્લધ્યાનનો પ્રારંભ :–

**तत्राष्टमे गुणस्थाने, शुक्लसद्ध्यानमादिमम् ।**
**ध्यातुं प्रक्रमते साधु राद्यसंहननान्वितः ॥५१॥**

**ગાથાર્થ** :- આઠમા ગુણસ્થાને વજ્રઋષભનારાચ-સંઘયણયુક્ત ક્ષપકમુનિ પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર નામનું પહેલું શુક્લધ્યાન ધ્યાવવાનો પ્રારંભ કરે છે.

**શુક્લધ્યાનના ધ્યાતાનું સ્વરૂપ** :-

**निष्प्रकम्पं विधायाथ, दृढं पर्यंकमासनम् ।**
**नासाग्रदत्तसन्नेत्रः, किंचिदुन्मिलितेक्षणः ॥५२॥**
**विकल्पवागुराजाला—दूरोत्सारितमानसः ।**
**संसारोच्छेदनोत्साहो, योगीन्द्रो ध्यातुमर्हति ॥५३॥**

**ગાથાર્થ** :- નિશ્ચલ અને દૃઢ પર્યંકાસન કરીને, નાસિકાના અગ્ર ભાગે સ્થાપેલ ઉત્તમ દૃષ્ટિ યુક્ત, કંઈક અલ્પ ખુલ્લા નેત્ર સહિત, કલ્પનારૂપી જાળના બંધનથી રહિત (કલ્પના રહિત) ચિત્તવાળો, સંસારનો ક્ષય કરવાને ઉત્સુક, એવો મહાયોગી ધ્યાન કરવા યોગ્ય છે.

**ભાવાર્થ** :-ક્ષપક મુનીન્દ્ર [1]વ્યવહારનયની અપેક્ષાએ ધ્યાનનો પ્રારંભક છે.

**ધ્યાન પ્રારંભકની વિશેષતા** :-

નિબિડ બંધવાળું પદ્માસન રચીને યોગી, ધ્યાન પ્રારંભ કરે, આસનનો જય એ જ ધ્યાનનો પ્રથમ પ્રાણ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-

---

૧. અહીં ધ્યાનપ્રારંભી યોગીની જે યોગ્યતા દર્શાવી તે સર્વ વ્યવહારનયની અપેક્ષાએ જાણવી. કારણ કે નિશ્ચયનયની અપેક્ષાએ તો મરૂદેવા-ભરત આદિ જીવો આસનજય આદિ યોગ વ્યવહાર સિદ્ધ કર્યા વગર જ યોગીન્દ્ર થઈ ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરી કેવળ-જ્ઞાન પામ્યા છે.

आहारासणनिद्दा—जयं च काऊण जिणवरमएण ।
झाइज्जइ निअअप्पा, उवइट्ठं जिणवरिंदेण ।।

શ્રી જિનેશ્વર ભગવંતના સિદ્ધાંત પ્રમાણે આહારજય, આસનજય અને નિદ્રાજય કરીને, પોતાના આત્માનું ધ્યાન કરે, એમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે.

**પર્યંકાસનનું સ્વરૂપ :–**

બંને જંઘાના નીચેના ભાગને પગ ઉપર સ્થાપન કરી નાભિની પાસે જમણો અને ડાબો હાથ ઉત્તાન (ચત્તો) ઉપરા ઉપરી સ્થાપન કરે, તે પર્યંકાસન કહેવાય.

કેટલાક આચાર્યોએ સિદ્ધાસન કહ્યું છે;

તે સિદ્ધાસનનું સ્વરૂપ :

ડાબા [1]પગથી [2]યોનિને અને બીજા જમણા [3]પગથી [4]લિંગને દાબીને હૃદય ઉપર હનુ[5] સ્થાપીને નિશ્ચલ ઇન્દ્રિય યુક્ત અને સ્થિર મનયુક્ત એવો યોગી જીહ્વાને તાળુના

---

૧. ડાબા પગની એડીથી.

૨. ગુદા અને લિંગ એ બેની વચ્ચેનો ભાગ તે યોનિ અથવા લિંગનું મૂળ તે યોનિ. પરંતુ સ્ત્રીના ચિહ્નરૂપ યોનિ નહિ. (ઈતિ હઠપ્રદીપિકા)

૩. જમણા પગની એડીથી.

૪. લિંગનો ઉપરનો ભાગ જે પેઢુની પાસેનો હોય તે ભાગ દાબીને.

૫. હૃદયભાગથી ૪ અંગુલ દૂર હનુ રાખીને, હનુ એટલે હડપચી. જે મુખની નીચે દાઢીવાળો ભાગ છે તે. આ **જાલંધર-બંધ** કહેવાય.

અંતરમાં *સ્થાપી, [1]વંશ સ્થિરતાથી નિશ્ચલદૃષ્ટિએ બે ભ્રૂના મધ્યભાગને જોતો યોગવિધિને સિદ્ધ કરવા માટે સિદ્ધાસન નામનું આસન સિદ્ધ કરે છે.

અથવા આસનનો પણ નિયમ નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે :–

જે જે આસનનો અભ્યાસ કરતાં ચિત્તની સ્થિરતા થાય, તે તે પ્રકારના [2]પદ્માસન, [3]પર્યંકાસન, [4]કાયોત્સ-

---

*બે દાઢોના મૂળસ્થાનમાં જીહ્વાથી ઉર્ધ્વસ્તંભન કરવું તે **જીહ્વાબંધ** છે. એ જીહ્વાબંધનું સ્વરૂપ ગુરુમુખથી જાણવું.

૧. વંશસ્થિરતાથી એટલે નાસિકા દંડ ઉપર સ્થિર થવાથી નિશ્ચય થયેલી દૃષ્ટિથી, વંશ એટલે નાશાવંશ–એ જ ભાવાર્થ આગળના શ્લોકની વૃત્તિમાં છે.

૨. એક જંઘાના મધ્યભાગમાં બીજી જંઘાનો સંબંધ થાય તે પદ્માસન.

**जङ्घया मध्यभागे तु, संश्लेषो यत्र जङ्घया ।**
**पद्मासनमिति प्रोक्तं, तदासन-विचक्षणै: ॥** યોગશાસ્ત્ર

૩. પર્યંકાસનનું સ્વરૂપ પ્રથમ કહ્યું છે, વાસ્તવિક રીતે પર્યંકાસન અને પદ્માસન એ ભિન્ન આસન છે, તો પણ કોઈક સ્થાને પર્યંકાસનને પદ્માસનના અર્થ તરીકે કહ્યું છે.

૪. કાયોત્સર્ગાસન :–

**प्रावम्बितभुजद्वन्द्व मुदूर्ध्वस्थस्यासितस्य वा ।**
**स्थानं कायानपेक्षं यत् , कायोत्सर्ग: स कीर्तित: ॥** યોગશાસ્ત્ર

બે ભુજા લંબાવીને ઉભા રહેલા અથવા બેઠેલા યોગીને જે કાયચેષ્ટાનો ત્યાગ થવો, તે કાયોત્સર્ગાસન છે.

અહીં જિનકલ્પી મહાત્માઓ ઉભા ઉભા જ કાયોત્સર્ગાસન કરે, સ્થવિરકલ્પીઓને ઉભાં, બેઠાં અથવા સૂતાં પણ કાયોત્સર્ગાસન કહ્યું છે.

ગાસન, [1]એકાંહ્રિઆસન, [2]દ્વિઅંહ્રિઆસન અને [3]વજ્રાસન ઈત્યાદિમાં પ્રયત્ન કરવો.

## ધ્યાન પ્રારંભક યોગીન્દ્રની વિશેષતાઓ :–

(૧) ધ્યાનસિદ્ધિ કરનારા યોગીન્દ્રે નાસિકાના અગ્રભાગે દૃષ્ટિ સ્થાપન કરેલી હોવી જોઈએ.

ધ્યાનદંડક સ્તુતિમાં કહ્યું છે કે–

ધ્યાનસ્થ જિનેન્દ્રભગવંતો નાસિકાની દાંડીના અગ્ર ભાગે સ્થિર કરેલ દૃષ્ટિયુગલવાળા, નેત્રની કીકીને આમતેમ ફરતી બંધ કરી, શેષ ચાર ઇન્દ્રિયોના વિકારોનો પણ ક્ષય કરી, પર્યંકાસનપૂર્વક પીડારહિત, નિબિડ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસવાયુને વશ કરી, ધ્યાનારૂઢ કાયાયુક્ત એવા જિનેશ્વર ભગવંતો ત્રણ ભુવનના વિવરમાં યોગરૂપી ચક્ષુને ભમાવતા જન્મમરણના ભયથી અમારું દીર્ઘકાળ સુધી રક્ષણ કરો.

(૨) સમાધિ વખતે યોગીના નેત્રો કાંઈક ખુલ્લાં હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે –

---

૧. એક પગે ઉભા રહી ધ્યાન કરવું, તે એકાંઘ્રિ આસન.

૨. બે પગે ઉભા રહી ધ્યાન કરવું, તે દ્વયંઘ્રિ આસન.

(આ બે આસનનો વિશેષ વિધિ ગુરુગમથી જાણવો)

૩. વજ્રાસન :–

पृष्ठे वज्राकृतीभूते दोर्भ्यां वीरासने सति ।
गृह्णीयात्पादयोर्यत्रांगुष्ठौ वज्रासनं तु तत् ।। યોગશાસ્ત્ર

વીરાસન કર્યા પછી પીઠ ઉપર વજ્રની આકૃતિવાળા બે હાથ રાખી, તેનાથી બન્ને પગના અંગુઠા પકડવામાં આવે તે વજ્રાસન કહેવાય. [ ઈતિ યોગશાસ્ત્રે ]

ગંભીર અને સ્થિર મૂર્તિવાળા, ઈન્દ્રિયોના વ્યાપારનો વિનાશ કરનાર, મંદ મંદ પ્રાણાયામવાળા, લલાટ ઉપર સ્થાપન કરેલ મનવાળા, નાસિકાના અગ્રભાગે સ્થાપન કરેલ દૃષ્ટિવાળા, ચક્ષુને અત્યંત ઉઘાડ, મીંચ નહિ કરનારા પર્યંકાસન રચેલા શુક્લધ્યાનના ધ્યાતા, સર્વજ્ઞ અને સર્વદોષ રહિત થયેલા એવા જિનેશ્વર ભગવંતો તમારૂં રક્ષણ કરો,

(૩) સમાધિસ્થ યોગીઓ કલ્પનાથી રહિત મનવાળા હોય છે, કારણ કે મનના વિકલ્પો જ અત્યંત કર્મબંધના હેતુ છે. શાસ્ત્રમાં કહ્યું છે, કે–

જેના ચિત્તમાં અશુભ અથવા શુભ પણ વિકલ્પો વર્તે છે, તે જીવ પોતાને [1]લોખંડ અથવા સુવર્ણના બંધન સમાન કર્મબંધથી બાંધે છે.

નિદ્રાવસ્થા, મૂર્ચ્છાવસ્થા તેમ વિકલતાપણું, (ગાંડાપણું અથવા અસંજ્ઞિપણું) પણ સારું પરંતુ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી યુક્ત દુષ્ટ લેશ્યાયુક્ત વિકલ્પોથી વ્યાકુળ મન સારું નહીં.

૪. ધ્યાનસ્થ યોગી સંસારના ત્યાગ માટે ઉદ્યમવાળા હોય કારણ કે સંસારનો ઉચ્છેદ કરનાર ધ્યાન માટે જેઓ ઉત્સાહવાળા હોય તે યોગીઓને જ યોગ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

---

૧. લોખંડની બેડી તે લોખંડનું બંધન અને સોનાની બેડી તે સોનાનું બંધન.

તાત્પર્ય એ છે કે જીવ અશુભ વિકલ્પોથી પોતાના આત્માને લોખંડની બેડી સમાન અશુભ કર્મોથી અને શુભ વિકલ્પોથી સુવર્ણની બેડી સમાન શુભ કર્મોથી બાંધે છે. માટે લોખંડની બેડી હોય કે સુવર્ણની હોય પરંતુ વિકલ્પોના કારણે આત્મા કર્મોથી બંધાય જ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :-

૧ ઉત્સાહથી, ૨ નિશ્ચયથી, ૩ ધૈર્યથી, ૪ સંતોષથી, ૫ તત્ત્વજ્ઞાનથી અને ૬ જનપદનો (દેશનો) ત્યાગ કરવાથી યોગ સિદ્ધ થાય છે.

**ધ્યાન કરનાર યોગીઓ પ્રાણાયામ કરે તેનું સ્વરૂપ :**

**अपानद्वारमार्गेण, निस्सरन्तं यथेच्छया ।**
**निरुन्ध्योर्ध्वप्रचाराप्तिं, प्रापयत्यनिलं मुनिः ॥५४॥**

**ગાથાર્થ** :- મુનિ અપાન (ગુદાના) દ્વાર માર્ગે સ્વભાવથી નીકળતા વાયુને રોકી ઊર્ધ્વગતિવાળો કરે તે પ્રાણાયામ કહેવાય.

**ભાવાર્થ** :- યોગીન્દ્ર પવનને મૂળબંધથી ગુદાના પવનને સંકોચીને બ્રહ્મરંધ્ર નામના દશમા દ્વાર સુષુમ્ણામાં લઈ જાય, તે પ્રાણાયામ કહેવાય.

મૂલબંધનું સ્વરૂપ :-

પગની એડીથી યોનિને (ગુદા અને લિંગ એ બેની વચ્ચેના મધ્યભાગને) દબાવી ગુદાદ્વારને સંકોચી અપાન-વાયુને જે ઊર્ધ્વ ખેંચવો તે મૂલબંધ કહેવાય

આ આકુંચન (સંકોચન કર્મ (ક્રિયા) એજ પ્રાણાયામનું મૂળ છે.

ધ્યાનદંડક સ્તુતિમાં કહ્યું છે કે :

અગ્નિ અને તંતુ સમાન સૂક્ષ્મ એવા ગુદારન્ધ્રને સંકોચીને, [1] પ્રાણશક્તિને હૃદયકમળના મધ્યભાગે

૧. પ્રાણશક્તિ એટલે કુંડલી. (પેજ ૯૪ ઉપર)

ધારણ કરીને ત્યાર પછી ગળામાં, તાળુમાં ધારણ કરી શૂન્યથી પણ [1]અતિ શૂન્ય કરીને પુનઃ [2]ખગતિ પમાડીને જેને શ્રી તીર્થંકર ભગવંત તુષ્ટમાન થયા હોય તે જ જીવ ઉપરોક્ત પ્રાણાયામથી સર્વ બાજુ દેદીપ્યમાન થતી એવી લોકાલોકને દેખાડનારી કલાને અનુભવે છે.

---

"सशैलवनधात्रीणां, यथा ऽऽधारो ऽहिनायकः ।
सर्वेषां योगतन्त्राणां, तथा ऽऽधारो हि कुंडली ॥

પર્વત, વન અને પૃથ્વીના આધાર જેમ શેષનાગ છે તેમ સર્વે યોગશાસ્ત્રનો (યોગવ્યવહારનો) આધાર કુંડલી છે.

હઠ પ્રદીપિકામાં કહ્યું છે કે :—

"कुण्डली आधारशक्तिः आश्रय."

પ્રાણશક્તિ એટલે કુંડલી અથવા સામાન્ય અર્થ પ્રાણશક્તિ એટલે શ્વાસોચ્છ્વાસની પ્રવૃત્તિ વિશેષ.

૧. અહીં શૂન્યાતિશૂન્ય પદથી સુષુમ્ણા નાડી અર્થાત્ બ્રહ્મરન્ધ્ર સમજાય છે.

હઠપ્રદીપિકામાં કહ્યું છે કે :-

सुषुम्णा शून्यपदवी, ब्रह्मरन्ध्रं महापथः ।
श्मशानं शाम्भवी मध्य मार्गश्चेत्येकवाचकाः ॥

સુષુમ્ણા, શૂન્યપદવી, બ્રહ્મરન્ધ્ર, મહાપથ, શ્મશાન, શામ્ભવી અને મધ્યમાર્ગ આ સાતે પર્યાય શબ્દો છે.

૨. "પુનઃ પણ પ્રાણશક્તિને–ઉચ્છ્વાસ વાયુને ખગતિ પમાડવી" આ વાક્યનો ભાવ યોગવ્યવહારના જ્ઞાતા પાસેથી જાણવો.

## પ્રાણાયામના મુખ્ય ત્રણ ભેદ, પૂરક રેચક અને કુંભક પૂરક પ્રાણાયામનું સ્વરૂપ :—

**द्वादशांगुलपर्यन्तं, समाकृष्य समीरणम् ।**
**पूरयत्यतियत्नेन, पूरकध्यानयोगतः ।।५५।।**

**ગાથાર્થ** :– ૧૨ અંગુલ સુધી પવનને ખેંચીને (ઉદરને વિષે) અતિ પ્રયત્ન વડે પૂરક ધ્યાનના યોગથી યોગીઓ પૂરે છે.

**ભાવાર્થ** := યોગી પૂરક ધ્યાનના યોગથી ઉદરમાં અથવા શરીરમાં વ્યાપ્ત થયેલી સર્વ નાડીઓના સમૂહને ૧૨-અંગુલ સુધીના બહાર રહેલા [1]પવનને સર્વ બાજુથી આકર્ષીને પૂરે છે.

અહીં તાત્પર્ય એ છે કે –

પવન આકાશતત્ત્વ વહેતું હોય ત્યારે નાસિકાની અંદર જ રહેલો હોય છે, અગ્નિતત્ત્વ ચાલતું હોય ત્યારે પવન ચાર અંગુલ બહાર ઉંચે જતો હોય છે, વાયુતત્ત્વ ચાલતું હોય ત્યારે નાસિકાથી ૬ અંગુલ બહાર તીર્ચ્છો ચાલે છે, પૃથ્વીતત્ત્વ વહેતું હોય ત્યારે આઠ અંગુલ સુધી બહાર [2]મધ્યમ ભાવે રહે છે અને જળતત્ત્વ વહેતું હોય હોય ત્યારે ૧૨ અંગુલ સુધી નીચો વહે છે.

**શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :—**

---

૧. અહીં પવન એટલે વાયુ પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એમ પાંચ પ્રકારે છે, તેમાંથી અહીં પ્રાણવાયુ ગ્રહણ કરવો.

૨. બહુ નીચે નહિ, બહુ ઉંચે નહિ, તેમ તીર્ચ્છો પણ નહિ એવી રીતના મધ્યમ ભાગે.

પવન જ્યારે નાસિકાની અંદર હોય, ત્યારે આકાશ તત્ત્વ વહેતું જાણવું અને જ્યારે પવનનીગતિ નાસિકાથી બહાર ૪-૬-૮ અને ૧૨ અંગુલ દૂર વહેતી હોય, ત્યારે અનુક્રમે તેજસતત્ત્વ, વાયુતત્ત્વ, પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વ વહે છે એમ જાણવું.

તેથી ૧૨ અંગુલ દૂર સુધી વારૂણમંડલ ( વાયુ ) ચાલતો હોય તે અવસરે તે અમૃતમય પવનને આકર્ષીને ઉદરમાં અથવા નાડીઓમાં પૂરે.

આ પૂરક ધ્યાનને કેટલાક યોગીઓ પૂરકધ્યાન ન કહેતાં પૂરક કર્મ કહે છે તે આ પ્રમાણે.

"વક્ર એવા નાસિકાના પવનને આકર્ષીને તે પવનથી બ્રહ્મસૂરીશ્વરોનાં ( બ્રહ્મરન્ધ્રના-સુષુમ્ણા નાડીના ) સ્થાન ભેદીને સ્થૂલ અથવા સૂક્ષ્મ નાડીઓને જે પૂરે તે પૂરકકર્મ જાણવું.

## રેચક પ્રાણાયામનું સ્વરૂપ :-

**निस्सार्यते ततो यत्ना-न्नाभिपद्मोदराच्छनैः ।**
**योगिना योगसामर्थ्या-द्रेचकाख्यः प्रभञ्जनः ॥५६॥**

**ગાથાર્થ** :- નાભિકમળના મધ્યભાગથી યત્નપૂર્વક ધીરે ધીરે યોગી યોગના સામર્થ્યથી રેચક નામના પવનને જે બહાર કાઢે, તે રેચકધ્યાન છે.

વજ્રાસનથી સ્થિર શરીરવાળો, સ્થિર બુદ્ધિવાળો

એવો યોગી રેચક પવનના [1]જન્મચક્ર (રેચક પવનથી ઉત્પન્ન થયેલા ચક્ર) ઉપર પોતાનું ચિત્ત સ્થાપીને [2]સ્વાંતથી (ચિત્તથી) નાડીગત પવનને જે બ્હાર કાઢે,તે રેચકકર્મ છે.

## કુંભકધ્યાનનું સ્વરૂપ :–

**कुम्भवत्कुम्भकं योगी, श्वसनं नाभिपङ्कजे ।**
**कुम्भकध्यानयोगेन, सुस्थिरं कुरुते क्षणम् ॥५७॥**

**ગાથાર્થ** :-યોગી નાભિકમળમાં કુંભકધ્યાનના સામર્થ્યથી કુંભક પવનને કુંભની જેમ ક્ષણવાર સ્થિર કરે છે.

**ભાવાર્થ** :–કુંભક પવનને કુંભક ક્રિયાના પ્રયોગથી ઘટાકાર કરીને ક્ષણવાર અત્યંત સ્થિર કરે છે.

કહ્યું છે કે–

“નાડિઓમાં વાયુને સ્થિર કરીને, યોગી ચિત્તમાં કુંભકચક્રને આશ્રય [3]આપે છે, જેથી જળમાં કુંભની માફક [4]તરે છે તેથી નિશ્ચય કુંભકકર્મ કહેવાય.

---

૧. જન્મચક્ર એ યોગ પરિભાષાનો શબ્દ છે, તે યોગ વિશારદો પાસેથી જાણવો. (અથવા રેચક વાયુ મંડળ જાણવો)

૨. હૃદયથી અથવા યોગ પરિભાષાની કોઈ ક્રિયા વિશેષથી.

૩. કુંભકચક્રમાં ચિત્તને સ્થાપે છે. (૫૬મી ગાથાની વૃત્તિમાં કહેલ રેચકવાયુના જન્મચક્ર પ્રમાણે)

૪. જળમાં જેમ કુંભ તરતો રહે છે, તેમ પ્રાણવાયુ પણ નાડીઓમાં તરતો રહે, તે કુંભક. નાભિમાં અને નાડીઓમાં પ્રાણવાયુને સ્થિર રાખવો તે કુંભક કહેવાય. (કુંભકચક્ર એટલે સ્થિર થયેલી વાયુ મંડલી, અથવા વિશેષ અર્થ યોગના અભ્યાસીઓ પાસેથી જાણવો.)

## પવનના જયથી મનનો જય :-

**इत्येवं गन्धवाहाना–माकुञ्चनविनिर्गमौ ।**
**संसाध्य निश्चलं धत्ते, चित्तमेकाग्रचिन्तने ॥५८॥**

**ગાથાર્થ** :–આ પ્રમાણે પવનને સંકોચવો–અંદર લેવો અને બહાર કાઢવો–એ બે ક્રિયા સાધીને યોગી પોતાનું ચિત્ત એકાગ્ર ચિંતનમાં નિશ્ચલ ધારણ કરે છે.

**ભાવાર્થ** :–જ્યાં મન ત્યાં પવન અને જ્યાં પવન ત્યાં મન, મન અને પવન એ બે દૂધ અને જળની જેમ સંમિશ્ર થઇને રહે છે, અને બંને સરખી ક્રિયા કરે છે, જ્યાં સુધી મનની પ્રવૃત્તિ ત્યાં સુધી વાયુની પ્રવૃત્તિ અને જ્યાં સુધી વાયુની પ્રવૃત્તિ ત્યાં સુધી મનની પ્રવૃત્તિ થાય છે.

એકનો નાશ થતાં બીજાનો પણ નાશ થાય છે અને એકની પ્રવૃત્તિ થતાં બીજાની પણ પ્રવૃત્તિ થાય છે. મન અને પવનનો નાશ થતાં ઇન્દ્રિયવર્ગની શુદ્ધિ (નાશ) થાય અને ઇન્દ્રિયોનો પણ નાશ થતાં મોક્ષપદની સિદ્ધિ થાય છે.

માટે પૂર્વે કહેલા પ્રકારથી પૂરક, રેચક અને કુંભકના ક્રમથી વાયુને ગ્રહણ કરવો અને વિસર્જન કરવો, તેનો અભ્યાસ કરીને મનને એકાગ્રચિંતનમાં (સમાધિના વિષયમાં) યોગી સ્થાપે છે, એ વાત તો નિશ્ચિત છે, કે પવનનો જય થતાં મનની નિશ્ચલતા અવશ્ય થાય છે.

કહ્યું છે કે :–

પૃથ્વીચક્ર, પર્વતો, પ્રલયકાળના પવનરૂપી હિંડોલાથી હિંચકા ખાતા સમુદ્રો ચલાયમાન થાય, પરંતુ પવને

જીતી લીધેલા અને આલંબન સહિત પ્રગટ થયેલી શક્તિ-વાળા યોગીન્દ્રો, સ્થિર પરિણામવાળા આત્મધ્યાનથી ચલાયમાન થતા નથી.

## ભાવની પ્રાધાન્યતા :–

**प्राणायामक्रमप्रौढि -रत्र रूढयैव दर्शिता ।**
**क्षपकस्य यतः श्रेण्या रोहे भावो हि कारणम् ।।५९।।**

**ગાથાર્થ** :–અહીં પ્રાણાયામના ભેદનો આડંબર (પ્રગલ્ભતા) રૂઢિથી જ દર્શાવેલ છે, કારણ કે ક્ષપકજીવને શ્રેણિ ચડવામાં ભાવ એ જ કારણ છે.

**ભાવાર્થ** :–ક્ષપકશ્રેણિ ચડવાના સંબંધમાં પવન-જયના અભ્યાસરૂપ પ્રાણાયામના ક્રમની પ્રગલ્ભતા (વચન ચાતુરી) પ્રસિદ્ધિ માત્રથી જ દર્શાવી છે, ક્ષપકને કેવળ-જ્ઞાન થવામાં નિશ્ચયથી ભાવ એ જ કારણભૂત છે. પ્રાણાયામ વિગેરે હઠયોગનો આડંબર કારણરૂપ નથી.

ચર્પટિએ (કોઈ ગ્રંથકર્તાએ) કહ્યું છે કે–

[1]નાસિકાનો કન્દ (અગ્રભાગ), નાડીનો સમૂહ, વાયુનો સંચાર, પ્રત્યાહાર, પ્રાણાયામ, બીજગ્રામ, ધ્યાનનો અભ્યાસ, મંત્રનો ન્યાસ, હૃદયકમળમાં રહેલું, બે ભ્રૂના મધ્યમાં રહેલું, નાસિકાના અગ્રભાગે રહેલું, શ્વાસની અંદર રહેલું, તેજથી શુદ્ધ થયેલું, ઓંકાર નામનું સૂર્યપ્રસિદ્ધ

---

૧. આ શ્લોકના અર્થમાં કહેલા નાસાકંદ ઈત્યાદિ પદોનો ભાવાર્થ યોગના જાણકાર પાસેથી જાણી લેવો.

બુદ્ધનું ધ્યાન, બ્રહ્મઆકાશ, શૂન્યાભાસ, મિથ્યાપ્રલાપ, ચિંતા સરખું, કાયાને આક્રાન્ત કરનાર; ચિત્તને ભ્રાંત કરનાર એ સર્વ મિથ્યાગર્વનો ત્યાગ કરી, ગુરુએ ઉપદેશેલ, ચિંતારહિત, દેહરહિત અને ભાવસહિત તથા ક્લેશ રહિત, નિત્ય આનંદયુક્ત, શુદ્ધતત્ત્વ હે આત્મા ! તું જાણ.

વળી કહ્યું છે કે :-

વિચિત્ર ક્રિયાઓથી પ્રાણવાયુનો જય કરવાથી ઓંકારનો અભ્યાસ કરવો, પોતાની કાયામાં કમલ ચિંતવીને તેમાં તૈજસનું ધ્યાન કરવું, શૂન્ય [1]આકાશનું આલંબન કરવું, એ સર્વ શરીરમાં રહેલી ચિંતારૂપ ચિત્તની ભ્રાન્તિનો ત્યાગ કરીને વચન અને મનની કળા (વચનપ્રવૃત્તિ અને મનઃપ્રવૃત્તિ) રહિત એવું સ્વભાવસ્થિત (આત્માનું સ્વાભાવિક સ્વરૂપ) તત્ત્વ હે આત્મા ! તું જાણ અને જો.

ચૌદ પૂર્વી ક્ષપકમુનિને આઠમા ગુણસ્થાનથી શુક્લધ્યાન ધ્યાય છે, શુક્લધ્યાનના ચાર ભેદ છે.

## ૧. શુક્લધ્યાનનું સ્વરૂપ :-

**सवितर्कं सविचारं, सपृक्त्थत्रमुदाहृतं ।**
**त्रियोगयोगिनः साधो राद्यं शुक्लं सुनिर्मलम् ॥६०॥**

**ગાથાર્થ** :-ત્રણયોગવાળા યોગીમુનિને સપૃથક્ત્વ સવિતર્ક સવિચાર નામે પહેલું શુક્લધ્યાન હોય છે.

---

૧. શૂન્ય આકાશમાં ધ્યેયને કલ્પનાથી સ્થાપી તે આકાશસ્થ ધ્યેયનું ધ્યાન કરવું.

**ભાવાર્થ**:-મન, વચન અને કાયયોગવાળા મુનિને ધ્યાન વિતર્કસહિત છે તેથી સવિતર્કવિચારસહિત છે તેથી સવિચાર અને પૃથક્ત્વ સહિત છે તેથી સપૃથક્ત્વ- આ પ્રમાણે ત્રણ વિશેષણ સહિત પૃથક્ત્વવિતર્કસવિચાર નામનું પહેલું શુક્લધ્યાન અતિનિર્મલ છે.

## સવિતર્ક, સવિચાર અને સપૃથક્ત્વનું સ્વરૂપ :-

**श्रुतचिन्ता वितर्कः स्यात्, विचारः संक्रमो मतः ।**
**पृथक्त्वं स्यादनेकत्वं, भवत्येतत्त्रयात्मकम् ॥६१॥**

**ગાથાર્થ**:-શ્રુતની ચિન્તા મનન, તે વિતર્ક; એક મનન ઉપરથી બીજા મનન ઉપર સંક્રમણ (જવું), તે વિચાર અને અનેકપણું તે પૃથક્ત્વ, આ પ્રમાણે પહેલું શુક્લધ્યાન ત્રણ વિશેષણયુક્ત છે.

**ભાવાર્થ**:-પ્રથમ શુક્લધ્યાન ક્રમ, ઉત્ક્રમથી ગ્રહણ થયેલ ત્રણ વિશેષણયુક્ત છે.

૧. શ્રુતની ચિંતા મનન તે **વિતર્ક**.

૨. અર્થ, શબ્દ અને યોગ એ ત્રણનો સંક્રમ તે **વિચાર**.

૩. દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભિન્નતા તે **પૃથક્ત્વ**.

## વિતર્કનું સ્વરૂપ :-

**स्वशुद्धात्मानुभूतात्म-भावश्रुताऽवलम्बनात् ।**
**अन्तर्जल्पो वितर्कः स्याद्, यस्मिंस्तत्सवितर्कजम् ॥६२॥**

**ગાથાર્થ**:-પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવથી,

આત્મગત ભાવશ્રુતના આલંબનથી, જે ધ્યાનમાં અંતર્જલ્પાકાર રૂપ વિતર્ક હોય, તે સવિતર્કથી ઉત્પન્ન થયેલ શુક્લધ્યાન છે.

**ભાવાર્થ**:-જે ધ્યાનમાં અંતરંગ ધ્વનિરૂપ વિચારણાત્મક વિતર્ક હોય, તે સવિતર્ક ધ્યાન છે, તે ધ્યાન પોતાના નિર્મળ પરમાત્મ તત્ત્વના અનુભવમય અંતરંગ ભાવગત [1]શ્રુતજ્ઞાનના આલંબનથી ઉત્પન્ન થાય છે.

## સવિચારનું સ્વરૂપ:-

**अर्थादर्थान्तरे शब्दा–च्छब्दान्तरे च संक्रमः ।**
**योगाद्योगान्तरे यत्र, सविचारं तदुच्यते ॥६३॥**

**ગાથાર્થ**:-જે ધ્યાનમાં પૂર્વે કહેલ વિતર્ક એક અર્થથી બીજા અર્થમાં, એક શબ્દથી બીજા શબ્દમાં અને એક યોગમાંથી બીજા યોગમાં જાય, તે ધ્યાન સવિચાર એટલે [2]સંક્રમણ યુક્ત છે.

---

૧. શ્રુતજ્ઞાનના આલંબનથી એટલે ચૌદ પૂર્વગત શ્રુતજ્ઞાનના ઉપયોગથી જાણવું, પરંતુ આચારાંગાદિ શ્રુતજ્ઞાનના આલંબનથી નહિ, કારણ કે આ જ્ઞાનપૂર્વધરને જ હોઈ શકે છે અને જો પૂર્વધર ન હોય, તો મરૂદેવાદિની જેમ ઉત્કૃષ્ટ ધર્મધ્યાનનો ચોથો પાયો હોય છે, કારણ કે પૂર્વગત જ્ઞાનના અભાવે શ્રુતાલંબનરૂપ સવિતર્કપણું હોતું નથી.

૨. શ્રી આવશ્યક સૂત્રમાં શ્રી હરિભદ્રસૂરિકૃત વૃત્તિમાં ધ્યાનશતકના પ્રસંગે સંક્રમણનો અર્થ.

**अर्थाद् व्यञ्जनं संक्रामतीति विभाषा** અર્થથી વ્યંજનમાં

**સપૃથક્ત્વનું સ્વરૂપ :**

**द्रव्याद् द्रव्यान्तरं याति, गुणाद् याति गुणान्तरम् ।**
**पर्यायादन्यपर्यायं, सपृथक्त्वं भवत्यतः ॥६४॥**

**ગાથાર્થ** :–એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક ગુણથી બીજા ગુણમાં અને એક પર્યાયથી બીજા પર્યાયમાં જાય, તે ધ્યાન સપૃથક્ત્વ કહેવાય.

**ભાવાર્થ** :–જે ધ્યાનમાં પૂર્વે કહેલ વિચારણારૂપ વિતર્ક અને સવિચાર ( અથવા વિચાર સહિત વિતર્ક ) અર્થસંક્રાંતિ યુક્ત, વ્યંજનસંક્રાંતિ યુક્ત અને યોગસંક્રાંતિ

---

સંક્રમે, તે સવિચાર પરિભાષાનો અર્થ છે. અહીં "અર્થથી વ્યંજનમાં" એમ કહેવાથી "વ્યંજનથી અર્થમાં" એ અર્થ પણ ઉપલક્ષણથી જાણવો.

કાલલોકપ્રકાશમાં તથા યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે–

**अत्र च व्यञ्जनादर्थं, तथार्थाद् व्यञ्जनेऽसकृत् ।**
**विचारोऽस्ति विचरणं, सविचारं तदीरितम् ॥** (કાલલોક)

વ્યંજનથી અર્થમાં અને અર્થથી વ્યંજનમાં વારંવાર વિચારવું તે વિચાર, અને તે વિચારવાળું ધ્યાન તે સવિચાર છે.

**तत्र श्रुताद्गृहीत्वैक-मर्थमर्थाद्व्रजेच्छब्दम् ।**
**शब्दात् पुनरप्यर्थं, योगाद्योगान्तरं च सुधीः ॥**

( યોગશાસ્ત્ર પ્રકાશ–૧૧ )

પૂર્વગતશ્રુતમાંથી એક અર્થને ( દ્રવ્ય, ગુણ, પર્યાયને ) ગ્રહણ કરી તે અર્થથી પુનઃ શબ્દમાં ( વ્યંજનમાં ), અને શબ્દથી પુનઃ અર્થમાં આવે તથા તે બુદ્ધિમાનયોગી એક યોગથી બીજા યોગમાં જાય ( તે સવિચાર છે.)

યુક્ત હોવા છતાં પણ પોતાના શુદ્ધ આત્મરૂપ દ્રવ્યાંતરમાં જાય અથવા એક [1]ગુણથી બીજા ગુણમાં જાય અથવા એક [2]પર્યાયથી બીજા પર્યાયમાં જાય, તે દ્રવ્યગુણ પર્યાયાન્તરોમાં જે [3]અન્યત્વ એટલે પૃથક્ત્વ તે સપૃથક્ત્વ ધ્યાન કહેવાય.

## ૧. શુક્લધ્યાનથી આત્માની વિશુદ્ધિ :-

**इति त्रयात्मकं ध्यानं, प्रथमं शुक्लमीरितम् ।**
**प्राप्नोत्यतः परां शुद्धिं, सिद्धिश्रीसौख्यवर्णिकाम् ॥६५॥**

**ગાથાર્થ** :-આ પ્રમાણે પૃથક્ત્વવિતર્કસવિચારરૂપ પહેલું શુક્લધ્યાન છે, તે ધ્યાનથી આત્મા મોક્ષરૂપી લક્ષ્મીના સુખની ઉદાહરણરૂપ આત્મવિશુદ્ધિ પ્રાપ્ત કરે છે.

---

૧. દ્રવ્યમાં દ્રવ્યની સાથે જ ઉત્પન્ન થયેલો ધર્મ તે ગુણ દા. ત. સુવર્ણમાં પીતવર્ણ વિગેરે.

૨. દ્રવ્યમાં અનુક્રમે પરાવર્તન પામતા ધર્મ તે **પર્યાય.** દા. ત. વીંટી, કુંડલ, હાર, મુગટ વિગેરે.

૩. આવશ્યકવૃત્તિ આદિમાં અન્યત્વનો-પૃથક્ત્વનો અર્થ બીજી રીતે કર્યો છે તે આ પ્રમાણે :-

**उप्पायट्ठिइ भंगाइ पज्जयाणं जमेग वत्थुंमि ।**
**नाणानयाणुसरणं पुव्वगयसुयाणुसारेणं ॥**

એક વસ્તુમાં ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય વિગેરે પર્યાયોને દ્રવ્યાસ્તિકાયાદિ વિવિધ પ્રકારના નયોથી પૂર્વગત શ્રુતને અનુસારે ચિંતવવા, તે સપૃથક્ત્વ કહેવાય.

કાલલોકપ્રકાશ તથા યોગશાસ્ત્રમાં પણ આ જ અર્થને અનુસરતો અર્થ કહેલ છે.

ભાવાર્થ :-પહેલા શુક્લધ્યાનથી મોક્ષસુખનો જાણે લેશમાત્ર આસ્વાદ અનુભવતો હોય તેવી આત્મવિશુદ્ધિ પ્રાપ્ત થાય છે.

**પહેલાં શુક્લધ્યાનનું વિશેષ સ્વરૂપ અને સામર્થ્ય :-**

**यद्यपि प्रतिपात्येत-दुक्तं ध्यानं प्रजायते ।**
**तथाप्यतिविशुद्धत्वा-दूर्ध्वस्थानं समीहते ॥६६॥**

**ગાથાર્થ** :-જો કે આ પૂર્વે કહેલું શુક્લધ્યાન પ્રતિપાતી પણ છે, તો પણ આત્મા (ધ્યાન) અતિ વિશુદ્ધિવાળો હોવાથી ઉપરના ગુણસ્થાનોમાં ચડવાની અભિલાષાવાળો થાય છે.

**ભાવાર્થ** :-પ્રતિપાતી=પડવાના સ્વભાવવાળું.

**અપૂર્વકરણ ગુણસ્થાને બંધ-ઉદય-સત્તા :-**

અપૂર્વકરણ ગુણસ્થાનમાં વર્તતો જીવ નિદ્રાદ્વિક, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, શુભવિહાયોગતિ, ત્રસાદિનવક, વૈક્રિયશરીર, આહારકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, વૈક્રિય ઉપાંગ, આહારક ઉપાંગ, પ્રથમ સંસ્થાન, નિર્માણ જિનનામ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત અને ઉચ્છ્વાસ એ ૩૨ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થવાથી ૨૬ પ્રકૃતિનો બંધક છે.

તથા છેલ્લાં ૩ સંઘયણ અને સમ્યક્ત્વમોહનીય એ ચાર પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થવાથી ૭૨ પ્રકૃતિના ઉદયયુક્ત છે. તથા ૧૩૮ ની સત્તાવાળો છે.

# ૯. અનિવૃત્તિ ગુણસ્થાન

ક્ષપકને અનિવૃત્તિ ગુણસ્થાને થતી પ્રકૃતિનો ક્ષય:-

अनिवृत्तिगुणस्थानं, ततः समधिगच्छति ।
गुणस्थानस्य तस्यैव, भागेषु नवसु क्रमात् ॥६७॥
गतिः श्वाभ्री च तैरश्ची, द्वे तयोरानुपूर्विके ।
साधारणत्वमुद्योतः, सूक्ष्मत्वं विकलत्रयम् ॥६८॥
एकेन्द्रियत्वमातप–स्त्यानगृद्ध्यादिकत्रयम् ।
स्थावरत्वमिहाद्यंशे, क्षीयन्ते षोडशेत्यमूः ॥६९॥
अष्टौ मध्यकषायाश्च, द्वितीये ऽथ तृतीयके ।
षण्ढत्वं तुर्यके स्त्रीत्वं, हास्यषट्कं च पञ्चमे ॥७०॥
चतुर्थांशेषु शेषेसु क्रमेणैवातिशुद्धितः ।
पुंवेदश्च ततः क्रोधो, मानो माया च नश्यति ॥७१॥

ગાથાર્થ:-ત્યારપછી ક્ષપકમુનિ અનિવૃત્તિગુણસ્થાનમાં જાય છે, તે ગુણસ્થાનના ૯ વિભાગ છે તેમાં અનુક્રમે નરકગતિ, તિર્યંચગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, સાધારણ, ઉદ્યોત, સૂક્ષ્મ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, એકેન્દ્રિય જાતિ, આતપ, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, થીણુદ્ધિ સ્થાવર—આ ૧૬ પ્રકૃતિઓ પહેલે ભાગે ક્ષય પામે છે.

બીજે ભાગે પ્રત્યાખ્યાનીય, અપ્રત્યાખ્યાનીય ૮ કષાયો, ત્રીજે ભાગે નપુસકવેદ, ચોથે ભાગે સ્ત્રીવેદ, પાંચમે

ભાગે હાસ્યાદિ છ, બાકીના છ થી નવ સુધીના ચાર ભાગે અનુક્રમે આત્માની (ધ્યાનની) અતિવિશુદ્ધિ થવાથી પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા નાશ પામે છે.

**ભાવાર્થ** :–અનિવૃત્તિગુણસ્થાને બંધ–ઉદય–સત્તા :

અનિવૃત્તિબાદરગુણસ્થાનમાં વર્તતો જીવ, હાસ્ય-રતિ - ભય અને જુગુપ્સા–એ ચાર પ્રકૃતિનો બંધ, વિચ્છેદ થવાથી ૨૨ પ્રકૃતિનો બંધક છે.

તથા હાસ્યાદિ છ નો ઉદયવિચ્છેદ થવાથી ૬૬ પ્રકૃતિના ઉદયવાળો છે.

તથા નવમે ભાગે [1]સંજ્વલનમાયા સુધીની ૩૫ પ્રકૃતિઓ સત્તાવિચ્છેદ થવાથી ૧૦૩ પ્રકૃતિની સત્તાવાળો છે.

# ૧૦. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન

**ક્ષપકમુનિનું ૧૦મું ગુણસ્થાન :–**

**ततोऽसौ स्थूललोभस्य, सूक्ष्मत्वं प्रापयन् क्षणात् ।**
**आरोहति मुनिः सूक्ष्म-सम्परायं गुणास्पदम् ॥७२॥**

---

૧. અહીં સંજ્વલનીમાયા સુધીની પ્રકૃતિઓ સત્તાવિચ્છેદ ગણાવી તેને બદલે વાસ્તવિક રીતે સંજ્વલનમાન સુધીની સત્તાવિચ્છેદ પ્રકૃતિઓ ગણવાની છે, કારણ કે સંજ્વલનમાયા તો નવમાના અન્ત સમયે સત્તારૂપે વિદ્યમાન છે, માટે એનો સત્તાવિચ્છેદ ગણવાનો નથી અને સંજ્વલન માન સુધી જ ૩૫ પ્રકૃતિઓ થાય છે, સંજ્વલનમાયા ગણે તો ૩૬ થઈ જાય છે જેથી ૧૦૩ ને બદલે ૧૦૨ની સત્તા થાય છે, અને સંજ્વલનમાયાનો અભાવ તો ૧૦ મા ગુણસ્થાનમાં ગણાશે, માટે અહીં સંજ્વલનમાન સુધીની જ ૩૫ પ્રકૃતિઓ સત્તાવિચ્છેદ ગણીને ૧૦૩ની સત્તા ગણવી.

**ગાથાર્થ** :-ત્યારપછી આ ક્ષપકમુનિ બાદરલોભને ક્ષણવારમાં સૂક્ષ્મ કરતો, સૂક્ષ્મસંપરાયગુણસ્થાને ચડે છે.

**ભાવાર્થ** :-**સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને બંધ-ઉદય-સત્તા** :- સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવર્તી જીવ, પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્ક-એ પાંચ પ્રકૃતિનો નવમાને અંતે બંધ વિચ્છેદ થવાથી ૧૭ પ્રકૃતિનો બંધક છે. તથા ૩ વેદ અને ૩ સંજ્વલન એ ૬ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી ૬૦ પ્રકૃતિના ઉદયવાળો છે. તથા સંજ્વલનમાયાનો સત્તા વિચ્છેદ થવાથી ૧૦૨ પ્રકૃતિની સત્તાવાળો છે.

---

# ૧૧. ઉપશાંતમોહ ગુણસ્થાન

**ક્ષપકને ૧૧મું ગુણસ્થાન :-**

**एकादशं गुणस्थानं, क्षपकस्य न संभवेत् ।**
**किन्तु स सूक्ष्मलोभांशान्, क्षपयन् द्वादशं व्रजेत् ॥७३॥**

**ગાથાર્થ** :-ક્ષપક મુનિને ૧૧ મું ગુણસ્થાન હોતું નથી, પરંતુ સૂક્ષ્મલોભના અંશોને ( ખંડોને ) ખપાવતો તે મુનિ ૧૨ મે ગુણસ્થાને જાય છે.

**ભાવાર્થ** :-ક્ષપકશ્રેણિમાં ક્ષય પામતી પ્રકૃતિઓનો ક્રમ :-અનંતાનુબંધી, મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વ, મધ્યના ૮ કષાય, નપુંસકવેદ, સ્રીવેદ, હાસ્યાદિ-૬, પુરુષવેદ તથા સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ-એ પ્રમાણે અનુક્રમે મોહ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

# ૧૨. ક્ષીણમોહ ગુણસ્થાન

## ક્ષીણમોહગુણસ્થાને બીજું શુક્લધ્યાન :-

**भूत्वाऽथ क्षीणमोहात्मा, वीतरागो महायतिः ।**
**पूर्ववद्भावसंयुक्तो, द्वितीयं शुक्लमाश्रयेत् ॥७४॥**

ગાથાર્થ :-આત્મા ક્ષીણમોહી થઈ વીતરાગ, મહામુનિ તથા ભાવયુક્ત થયેલો પૂર્વોક્ત રીતે બીજા શુક્લધ્યાનનો આશ્રય કરે છે.

ભાવાર્થ:- વીતરાગ અને વિશુદ્ધભાવવાળો ક્ષપકમુનિ ક્ષીણમોહગુણસ્થાન [1]કાળની પરિણુતિવાળો થઈ બીજા શુક્લધ્યાનને પ્રથમ શુક્લધ્યાનની [2]પદ્ધતિએ અંગીકાર કરે.

## શુક્લધ્યાનના બીજા ભેદનું નામ :-

**अपृथक्त्वमवीचारं, सवितर्कगुणान्वितम् ।**
**स ध्यायत्येकयोगेन, शुक्लध्यानं द्वितीयकम् ॥७५॥**

ગાથાર્થ :-ક્ષીણમોહ ગુણસ્થાનમાં રહેલ ક્ષપક આત્મા, પૃથક્ત્વરહિત વિચારરહિત અને વિતર્ક માત્ર

---

૧. કાળની પરિણુતિવાળો થઈને એટલે બારમા ગુણસ્થાનનો કાળ પામીને (બારમું ગુણસ્થાન પામીને)

૨. સપૃથક્ત્વને બદલે અપૃથક્ત્વ તથા અર્થ વ્યંજનયોગની સંક્રાન્તિ રહિત આ બીજું ધ્યાન છે, પરંતુ અહીં પહેલા શુક્લ ધ્યાનની પદ્ધતિ એટલી જ હોય કે પ્રતિસમય વિશુદ્ધિ સહિત અને પૂર્વગત શ્રુતને અનુસારે ધ્યાન હોય છે તથા પૂર્વોક્ત આસનજયાદિ અભ્યાસવાળો હોય.

ગુણુયુક્ત બીજા શુક્લધ્યાનને ત્રણુયોગમાંથી કોઈપણુ એક યોગથી ધ્યાવે છે.

**ભાવાર્થ**:-સિદ્ધાંતમાં કહ્યું છે કે :-

एकं त्रियोमभाजा माद्यं स्यादपरमेकयोगवताम् ।
तनुयोगिनां तृतीयं, नियोगिनां चतुर्थं तु ।।

ત્રણુ યોગવાળાને પહેલું શુક્લધ્યાન, એક યોગવાળાને બીજું શુક્લધ્યાન, કેવળ કાયયોગીને ત્રીજું શુક્લધ્યાન અને અયોગીને ચોથું શુક્લધ્યાન હોય છે.

## ૨. અપૃથક્ત્વ-સવિતર્ક-અવિચાર શુક્લધ્યાનને ભાવાર્થ :-

**निजात्मद्रव्यमेकं वा, पर्यायमथवा गुणम् ।**
**निश्चलं चिन्त्यते यत्र, तदेकत्वं विदुर्बुधाः ।।७६।।**

**ગાથાર્થ**:-પોતાના એક આત્મદ્રવ્યને અથવા પોતાના આત્મદ્રવ્યના એક પર્યાયને અથવા પોતાના આત્મદ્રવ્યના એક ગુણુને જ્યાં નિશ્ચલથી ચિંતવાય, તેને બુદ્ધિમાને એકત્વધ્યાન કહે છે.

**ભાવાર્થ**:-ધ્યાન કરનાર આત્મા પોતાનું કેવળ એક આત્મદ્રવ્ય એટલે વિશુદ્ધ પરમાત્મદ્રવ્ય, તે એક દ્રવ્યનું અથવા એક ગુણુનું અથવા એક પર્યાયનું સ્થિરતાથી ધ્યાન કરે, તે એકત્વ ( અથવા અપૃથક્ત્વ ) ધ્યાન કહેવાય.

## અવિચાર શબ્દનો અર્થ:-

यद्व्यंजनार्थयोगेषु–परावर्त्तविवर्जितम् ।
चिन्तनं तदविचारं, स्मृतं सद्ध्यानकोविदैः ।।७७।।

ગાથાર્થ:-વ્યંજન, અર્થ અને યોગમાં પરાવૃત્તિ રહિત (ત્રણમાંથી કોઈ પણ એકનું) જે ધ્યાન તેને શ્રેષ્ઠ ધ્યાનમાં નિપુણ મહર્ષિઓ "અવિચારધ્યાન" કહે છે.

ભાવાર્થ:-વર્તમાનકાળમાં શ્રેષ્ઠ ધ્યાનમાં જે નિપુણતા થવી તે શાસ્ત્રના આમ્નાય વિશેષથી (શાસ્ત્રમાં કહેલી રીત જાણવાથી જ્ઞાનમાત્રપણે) થાય છે, પરંતુ અનુભવથી (એટલે ધ્યાન ધ્યાવાની ક્રિયા તરીકે) થતી નથી. (અર્થાત્ શ્રેષ્ઠ ધ્યાનની નિપુણતા જ્ઞાનાનુભવ તરીકે હોઈ શકે ક્રિયાનુભવ તરીકે ન હોય.)

શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે કહ્યું છે કે–

अनवच्छित्त्याऽऽम्नायः, समागतोऽस्येति कीर्त्यते ऽस्माभिः ।
दुष्करमप्याधुनिकैः शुक्लध्यानं यथाशास्त्रम् ।।

આ શુક્લધ્યાનના સ્વરૂપનો શાસ્ત્રમાં ચાલ્યો આવતો આમ્નાય (પદ્ધતિ) વિચ્છેદ ન પામે તો ઠીક, તેથી તે શુક્લધ્યાન વર્તમાનકાલીન મુનિઓને દુષ્કર છે તો પણ શાસ્ત્રને અનુસારે હું શુક્લધ્યાનનું સ્વરૂપ કહું છું

શાસ્ત્રાન્તર્ગત શુક્લધ્યાનના રહસ્યને અથવા સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને નિપુણમહર્ષિઓએ, બીજું શુક્લ-ધ્યાન આ પ્રમાણે કહ્યું છે–

પૂર્વે કહેલા સ્વરૂપવાળા શબ્દ, અભિધેય અને યોગમાં એક શબ્દથી બીજા શબ્દમાં, એક અર્થથી બીજા અર્થમાં અને એક યોગથી બીજા યોગમાં જઈ ધ્યાન કરવું, એવા પ્રકારની પરસ્પર સંક્રાન્તિ રહિત, જે ધ્યાન શ્રુતના આલંબનથી કરવું, તે અવિચાર શુક્લધ્યાન.

## સવિતર્ક શબ્દનો અર્થ :-

**निजशुद्धात्मनिष्ठं हि, भावश्रुतावलम्बनात् ।**
**चिन्तनं क्रियते यत्र, सवितर्कं तदुच्यते ॥७८॥**

**ગાથાર્થ** :- પોતાના વિશુદ્ધ આત્મામાં રહેલ સૂક્ષ્મ-વિચારરૂપ ચિંતન ભાવશ્રુતના આલંબનથી થાય, તે સવિતર્ક બીજું શુક્લધ્યાન છે.

**ભાવાર્થ** :- જે ધ્યાનમાં પોતાના અતિવિશુદ્ધ આત્માનાં સૂક્ષ્મવિચારપૂર્વક જે ચિંતન [1]અન્તર્જલ્પાકાર-રૂપ ભાવ આગમ શ્રુતજ્ઞાનના આલંબન માત્ર ચિંતવવાથી થાય તે સવિતર્ક બીજું શુક્લધ્યાન છે. (શ્રુતજ્ઞાનાવરણીયના

૧. અંતઃકરણમાં સૂક્ષ્મ વચન જે લબ્ધ્યક્ષરરૂપ છે, તે લબ્ધ્યક્ષરો ભાવશ્રુતજ્ઞાન છે અને તે પણ પૂર્વગત શ્રુતસંબંધી આલંબનવાળા જ અહીં ગ્રહણ કરવા. કારણ કે આ પ્રકારના વિશે-ષણોવાળું શુક્લધ્યાન પૂર્વગત જ્ઞાન વિના એટલે પૂર્વધરો સિવાય બીજાને ન હોય.

**आद्ये शुक्ले ध्याने पृथक्त्ववितर्कैकत्ववितर्के पूर्वविदो भवतः** પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક—એ બે શુક્લધ્યાન પૂર્વ-ગત શ્રુતજ્ઞાનીને હોય છે. (ઈતિ તત્વાર્થભાષ્યવચનાત્)

ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ પૂર્વગત શ્રુતજ્ઞાનના આલંબનથી થાય છે.)

## બીજા શુક્લધ્યાનથી ઉત્પન્ન થતાં સમરસી ભાવનું સ્વરૂપ :-

इत्येकत्वविचारं, सवितर्कमुदाहृतम् ।
तस्मिन् समरसीभावं, धत्ते स्वात्मानुभूतितः ॥७९॥

ગાથાર્થ :- એકત્વવિચારસવિતર્ક બીજું શુક્લ-ધ્યાન કહ્યું અને એ ધ્યાનમાં જીવને પોતાના આત્માનો અનુભવ થવાથી સમરસીભાવ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ :- સમરસીભાવનું સ્વરૂપ :- ધ્યાનના પ્રભાવથી આત્મા પરમાત્મામાં એકાકારપણે લયલીન થઈ જાય તે સમરસીભાવ, પોતાના આત્માના અનુભવથી બીજા શુક્લધ્યાનમાં વર્તતા ધ્યાની જીવને થાય છે.

## ક્ષીણમોહ ગુણસ્થાનના અન્ત સમયે થતી ક્રિયા:-

इत्येतद्ध्यानयोगेन, प्लुष्यत्कर्मेन्धनोत्करः ।
निद्राप्रचलयोर्नाश-मुपान्त्ये कुरुते क्षणे ॥८०॥

ગાથાર્થ :- બીજા શુક્લધ્યાનના પ્રભાવથી કર્મરૂપી કાષ્ઠના સમૂહને ભસ્મ કરતો એવો મહાયોગી, ઉપાન્ત્ય

૧. સમ એટલે તુલ્ય, રસી એટલે રસ ભાવવાળો તે સમરસી-ભાવ અર્થાત્ ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણે એકરૂપ બની જવા તે સમરસીભાવ.

સમયે નિદ્રા અને પ્રચલા–એ બે કર્મપ્રકૃતિનો નાશ કરે છે. (સત્તામાંથી ક્ષય કરે છે.)

**ભાવાર્થ** :– ઉપાંત્યસમય= અંત્યસમયની પાસેનો પૂર્વ સમય.

## ક્ષીણમોહના અંતે થતી ક્રિયા :–

**अन्त्ये दृष्टिचतुष्कं च, दशकं ज्ञानविघ्नयोः ।**
**क्षपयित्वा मुनिः क्षीणमोहः स्यात्केवलात्मकः ॥८१॥**

**ગાથાર્થ** :–ક્ષીણમોહના અંત્ય સમયે ચાર દર્શનાવરણીય; પાંચ જ્ઞાનાવરણ, ૫ અંતરાય–કુલ ૧૪ કર્મપ્રકૃતિ ખપાવીને ક્ષીણમોહ મુનિ કેવલજ્ઞાન પામે છે.

**ભાવાર્થ** :–**ક્ષીણમોહ ગુણસ્થાને બંધ-ઉદય-સત્તા** :– ક્ષીણમોહ ગુણસ્થાનમાં વર્તતો જીવ ૪ દર્શનાવરણીય, ૫ જ્ઞાનાવરણીય, ૫ અંતરાય, ૧ ઉચ્ચગોત્ર અને ૧ યશનામકર્મ–એ ૧૬ કર્મપ્રકૃતિનો ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનને અંતે બંધ વિચ્છેદ થવાથી કેવળ એક શાતાવેદનીયનો જ બંધ કરે.

૧૦ મા સૂક્ષ્મસંપરાયને અંતે સંજ્વલન લોભ, ઋષભનારાચ અને નારાચસંહનન–એ ત્રણ કર્મપ્રકૃતિનો ઉદય વિચ્છેદ થવાથી ૫૭ પ્રકૃતિના ઉદયવાળો હોય.

સંજ્વલન લોભની સત્તાનો પણ સૂક્ષ્મસંપરાયને અંતે ક્ષય થવાથી ૧૦૧ પ્રકૃતિની સત્તાવાળો હોય છે.

# ૧૩ સયોગિકેવળી ગુણસ્થાન

## સયોગિકેવલી ગુણસ્થાને વર્તતી કર્મપ્રકૃતિઓ :–

**एवं च क्षीणमोहान्ता त्रिषष्ठिप्रकृतिस्थितिः ।**
**पञ्चाशीतिर्जरद् वस्त्रप्राया: शेषाः सयोगिनि ॥८२॥**

**ગાથાર્થ** :–ક્ષીણમોહ ગુણસ્થાનના અંત સુધી ૬૩ પ્રકૃતિઓની સત્તા ક્ષય પામી હોવાથી સયોગી ગુણસ્થાને ૮૫ પ્રકૃતિઓની સત્તા જીર્ણવસ્ત્ર જેવી હોય છે.

**ભાવાર્થ** :– ચોથા ગુણસ્થાનથી પ્રારંભી ક્ષીણમોહ સુધીમાં સર્વ મળીને ૬૩ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. તે આ પ્રમાણે–

ચોથે ગુણસ્થાને ૧ નરક આયુષ્ય, પાંચમે ગુણસ્થાને તિર્યંચાયુષ્ય, સાતમે ગુણસ્થાને દેવાયુષ્ય તથા દર્શન-મોહનીય સપ્તક કુલ ૮ પ્રકૃતિઓ ક્ષય, અપૂર્વકરણ ગુણસ્થાને કોઇપણ પ્રકૃતિનો ક્ષય થતો નથી. પરંતુ નવમા અનિવૃત્તિ ગુણસ્થાનના પહેલા ભાગે સ્થાવર–સૂક્ષ્મ તિર્યંચ-દ્વિક–નરકદ્વિક–આતપ–ઉદ્યોત–થિણદ્ધિત્રિક–એકેન્દ્રિયાદિ ૪ જાતિ–સાધારણ નામકર્મ–એ ૧૬ પ્રકૃતિનો ક્ષય, બીજા ભાગે બીજા ૪ અપ્રત્યાખ્યાની અને ત્રીજા ૪ પ્રત્યાખ્યાની કષાયોનો ક્ષય, ત્રીજે ભાગે નપુંસકવેદ, ચોથે ભાગે સ્રીવેદ, પાંચમે ભાગે હાસ્યાદિ ૬, છટ્ઠે ભાગે પુરુષવેદ, સાતમે ભાગે સંજ્વલનક્રોધ, આઠમે ભાગે સંજ્વલન માન, નવમે

ભાગે સંજ્વલન માયાનો ક્ષય થવાથી સર્વ મળી અનિવૃત્તિ-ગુણસ્થાને ૧૬-૮-૧-૧-૬-૧-૧-૧-૧=૩૬ પ્રકૃતિઓ ક્ષય પામે છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને એક સંજ્વલનલોભનો ક્ષય, ૧૨ મા ક્ષીણમોહ ગુણસ્થાને ઉપાન્ત્ય સમયે નિદ્રાદ્વિકનો ક્ષય અને અન્ત્ય સમયે ૫ જ્ઞાનાવરણ, ૫ અંતરાય અને ૪ દર્શનાવરણ મળી-૧૪ પ્રકૃતિનો ક્ષય થાય. માટે ગ્રંથકાર મહારાજે ચોથાથી બારમા સુધીમાં ૬૩ પ્રકૃતિનો ક્ષય ગણાવ્યો છે તે સંક્ષેપમાં આ પ્રમાણે-

૪ થે—૧ [ નરકાયુષ્યનો ક્ષય ]

૫ મે—૧ [ તિર્યંચાયુષ્યનો ક્ષય ]

૭ મે—૮ [ દર્શનમોહનીય ૭ તથા દેવાયુષ્ય ૧ નો ક્ષય]

૯ મે-૩૬ [ સ્થાવરાદિ-૧૬, મધ્યકષાય-૮, નપુંસકવેદ-૧, સ્ત્રીવેદ-૧, હાસ્યાદિ-૬, પુરુષવેદ-૧, સંજ્વલન-ક્રોધ-માન-માયા-૩નો ક્ષય. ]

૧૦ મે—૧ [ સંજ્વલનલોભનો ક્ષય ]

૧૨ મે-૧૬ [ ઉપાંત્ય સમયે નિદ્રાદ્વિક-૨ તથા જ્ઞાનાવરણી આદિ-૧૪નોક્ષય]

——

૬૩

અહીં કર્મગ્રંથ અને આ ગુણસ્થાનક્રમારોહ એ બેમાં એટલો તફાવત છે, કે કર્મગ્રંથમાં ચોથે જ ગુણસ્થાને ૩ આયુષ્યનો ક્ષય કહ્યો છે, ત્યારે આ ગ્રંથમાં ત્રણે આયુષ્યનો ક્ષય જુદા જુદા ગુણસ્થાનમાં કહ્યો; બીજા

કર્મગ્રંથની મૂળ ગાથામાં કહ્યું છે કે – खवगं तु पप्प चउसुवि, पणयालं निरयतिरिसुराउविणा ક્ષપકને આશ્રયી તો ૪–૫–૬–૭ ગુણસ્થાનમાં નરકાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને દેવાયુષ્ય વિના ૧૪૫ની સત્તા કહી છે.

## સયોગી ગુણસ્થાને ભાવ, સમ્યક્ત્વ અને ચારિત્ર :–

**भावोऽत्र क्षायिकः शुद्धः सम्यक्त्वं क्षायिकं परम् ।**
**क्षायिकं हि यथाख्यात–चारित्रं तस्य निश्चितम् ॥८३॥**

**ગાથાર્થ :–** સયોગી ગુણસ્થાને શુદ્ધક્ષાયિકભાવ, ઉત્કૃષ્ટક્ષાયિકસમ્યક્ત્વ તથા નિશ્ચયક્ષાયિક યથાખ્યાતચારિત્ર હોય છે.

**ભાવાર્થ :–** કેવળજ્ઞાની ભગવંતને સયોગી ગુણસ્થાને અત્યંત નિર્મળક્ષાયિકભાવ, ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકયથાખ્યાતચારિત્ર[1] હોય. અહીં ઉપશમ અને ક્ષયોપશમ એ બે ભાવ ન હોવાથી એક [2]ક્ષાયિકભાવ જ

---

૧. યથાખ્યાત ચારિત્ર બે પ્રકારનું છે :– (૧) ઉપશમયથાખ્યાતચારિત્ર, (૨) ક્ષાયિકયથાખ્યાતચારિત્ર. ત્યાં ઉપશાંતમોહગુણસ્થાનમાં વર્તતા જીવને ઉપશમયથાખ્યાતચારિત્ર, અને ક્ષીણમોહ તથા સયોગી ગુણસ્થાને ક્ષાયિકયથાખ્યાતચારિત્ર હોય છે. અહીં વૃત્તિમાં સયોગીગુણસ્થાનમાં યથાખ્યાતચારિત્ર કહ્યું તે શુદ્ધ ક્ષાયિકયથાખ્યાતચારિત્રની અપેક્ષાએ છે, અન્યથા સામાન્ય રીતે ક્ષાયિકયથાખ્યાતચારિત્ર વિચારીએ તો ૧૨ મે અને ૧૩ મે બંને ગુણસ્થાને હોય છે.

૨. અહીં એક ક્ષાયિક ભાવ જ કહ્યો તે કેવળ મોહનીય કર્મની અપેક્ષાએ જાણવો, અન્યથા તો વાસ્તવિક રીતે પાંચ ભાવ-

છે, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બે કર્મના ક્ષયથી સમ્યક્ત્વ અને ચારિત્ર પણ ક્ષાયિકભાવના છે.

**કેવલજ્ઞાની ભગવંતના કેવળજ્ઞાનનું સામર્થ્ય :–**

**चराचरमिदं विश्वं, हस्तस्थामलकोपमम् ।**
**प्रत्यक्षं भासते तस्य, केवलज्ञान भास्वतः ॥ ८४ ॥**

**ગાથાર્થ :–** કેવલજ્ઞાનરૂપી ઝળહળતા સૂર્યવાળા ભગવંતને આ સચરાચર [ સ્થાવર અને જંગમ ] જગત્ હાથમાં રહેલા આમળાની જેમ પ્રત્યક્ષ દેખાય છે.

**ભાવાર્થ :–** અહિં ભગવાનને સૂર્યની ઉપમા વ્યવહાર માત્રથી જ કહી છે પરંતુ નિશ્ચયથી નહિ કારણ કે નિશ્ચયનયથી વિચારતાં તો કેવળજ્ઞાન અને સૂર્ય એ બેમાં ઘણો મોટો તફાવત છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :–

ચન્દ્ર, સૂર્ય અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્ર જ પ્રકાશે છે અને કેવળજ્ઞાનની પ્રભા સર્વલોકાલોકને પ્રકાશે છે.

**તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરેલ કેવળજ્ઞાનીની વિશેષતા :–**

**विशेषात्तीर्थंकृत्कर्म, येनास्त्यर्जितमूर्जितम् ।**
**तत्कर्मोदयतोऽत्रासौ, स्याज्जिनेन्द्रो जगत्पतिः ॥ ८५ ॥**

**ગાથાર્થ :–** વિશેષ આરાધનાથી જે જીવે વિશાળ

---

માંથી ક્ષાયિક, પારિણામિક અને ઔદયિક – એ ત્રણે ભાવ હોય છે. ત્યાં પારિણામિક ભાવ જીવત્વની અપેક્ષાએ છે અને ઔદયિક ભાવ નામકર્મ, ગોત્રકર્મ, આયુષ્યકર્મ અને વેદનીયકર્મ આશ્રયી છે.

એવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તે તીર્થંકર-નામકર્મના ઉદયથી તે કેવલીભગવાન ત્રણ જગતના સ્વામી જિનેન્દ્ર થાય છે.

**ભાવાર્થ** :- વિશેષથી એટલે અરિહંતની ભક્તિ વિગેરે જે પુણ્યના ૨૦ સ્થાનક તેની [૧]વિશેષ આરાધનાથી જે જીવે વિશાળ ગુણયુક્ત તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું છે, તે તીર્થંકર નામકર્મના પ્રભાવથી સયોગી ગુણ-સ્થાનમાં આ કેવલી ભગવાન ત્રણ ભુવનના અધિપતિ જિનેન્દ્ર થાય છે. ( જિન એટલે સામાન્ય કેવલિ તેમાં ઇન્દ્ર સરખા પ્રધાન તે જિનેન્દ્ર કહેવાય.)

૨૦ સ્થાનક આરાધના આ પ્રમાણે :-

अरिहंत सिद्ध पवयण, गुरु थेर बहुस्सुए तवस्सीसु ।
वच्छलया एएसिं, अभिक्खनाणोवओगे अ ॥ १ ॥
दंसण विणए आवस्सए अ, शीलव्वए निरइयारे ।
खणलवतवच्चियाए वेयावच्चे समाही अ ॥ २ ॥
अपुव्वनाणगहणे सुअभत्तीपवयणे पभावणया ।
एएहिं कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो ॥ ३ ॥

[૧]અરિહંત, [૨]સિદ્ધ, [૩]પ્રવચન, [૪]ગુરૂ, [૫]સ્થવિર, [૬]બહુશ્રુત, [૭]તપસ્વી—એ સાતનું વાત્સલ્ય, [૮]વારંવાર જ્ઞાના-રાધન, [૯]ઉપયોગ, [૧૦]દર્શન, [૧૧]વિનય, [૧૨]આવશ્યક, [૧૩]અતિચાર રહિત શીયલવ્રત, [૧૪]ક્ષણલવતપ, [૧૫]ત્યાગ,

---

૧. વિશેષ આરાધન તે ત્રણે જગતના જીવોને સુખી કરવાની દૃઢ ભાવનાયુક્ત આરાધના જાણવી.

[16]વૈયાવૃત્ય, [17]સમાધિ, [18]અપૂર્વજ્ઞાનગ્રહણ, [19]શ્રુતભક્તિ, [20]પ્રવચન પ્રભાવના—આ ૨૦ કારણોથી જીવ તીર્થંકર-નામકર્મ બાંધે છે.

## તીર્થંકર ભગવંતનો મહિમા:—

**स सर्वातिशयैर्युक्तः, सर्वामरनरैर्नतः ।**
**चिरं विजयते सर्वो-त्तमं तीर्थं प्रवर्तयन् ॥८६॥**

**ગાથાર્થ**:—સર્વ અતિશયોથી યુક્ત, સર્વ દેવો અને મનુષ્યો જેમને નમસ્કાર કરે છે. એવા સર્વોત્તમ તીર્થંકર ભગવંતો તીર્થને પ્રવર્તાવતા વિજયવંત વર્તે છે.

**ભાવાર્થ**:— પરમાત્માના ૩૪ અતિશય:— જન્મથી પ્રારંભીને ચાર, કર્મક્ષય થયા પછી ૧૧ અને દેવકૃત ૧૯ એમ [1]૩૪ અતિશયો છે.

---

૧. જન્મથી પ્રારંભીને નિર્વાણ પર્યંતના આ ૩૪ અતિશય છે.

**જન્મકૃત ચાર અતિશયો:—**

૧. મેલ, રોગ પ્રસ્વેદાદિ રહિત શરીર હોય.

૨. માંસ અને રૂધિર શ્વેતવર્ણના હોય.

૩. આહાર, નિહાર ચર્મચક્ષુવાળા જીવોને અદૃશ્ય હોય.

૪. ઉચ્છ્વાસ, નિઃશ્વાસ કમળ સરખો સુગંધી હોય.

**ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા ૧૧ અતિશયો:—**

૧. યોજન માત્ર સમવસરણ ભૂમિમાં ત્રણે જગતના જીવો સમાય.

૨. મનુષ્ય, તિર્યંચ અને દેવો સર્વ પોતપોતાની ભાષામાં પ્રભુની દેશના સમજે.

૩. પૂર્વે ઉત્પન્ન થયેલા રોગોની ઉપશાંતિ તથા વૈરોપશાંતિ હોય.

૪. નવા રોગ, નવું વૈર ઉત્પન્ન થાય નહિ.
૫. દુષ્કાળ ન પડે.
૬. કોઈને ભય ન લાગે.
૭. મરકી ન પ્રવર્તે.
૮. ઈતિ (સાત પ્રકારના ઉપદ્રવ) ન પ્રવર્તે.
૯. અતિવૃષ્ટિ ન થાય.
૧૦. અનાવૃષ્ટિ (વૃષ્ટિનો અભાવ) ન હોય. (મધ્યમ વૃષ્ટિ હોય.)
૧૧. ભામંડલનો પ્રકાશ ઘણા જીવોને સુખ કરનારો ચારે બાજુ ફેલાય.

**દેવોએ રચેલા ૧૯ અતિશયો :-**

૧. પાદપીઠ સહિત મણિરત્નના સિંહાસનની રચના થાય, તે પ્રભુ વિહાર કરે ત્યારે આકાશમાં ચાલે.
૨. પ્રભુના ઉપર ત્રણ છત્રાતિછત્ર રચાય તે પણ આકાશમાં ચાલે.
૩. મહાન ઈન્દ્રધ્વજ પ્રભુની આગળ (વિહાર વખતે) આકાશમાં ચાલે.
૪. પ્રભુને બન્ને પડખે આકાશમાં ચાલતા શ્વેત ચામરો વીંજાતા રહે.
૫. સર્વથી આગળ પ્રથમ ધર્મચક્ર પ્રભુ સાથે વિહાર વખતે આકાશમાં ચાલે.
૬. પ્રભુ જ્યાં સ્થિર થાય, ત્યાં મસ્તક ઉપર ૧૨ ગણો ઊંચો અશોકવૃક્ષ પ્રગટ થાય.
૭. દેશના સમયે ભગવાનના ચાર રૂપ થાય.
૮. મણી, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢવાળું સમવસરણ રચાય.
૯. પ્રભુ સુવર્ણના નવ કમળો ઉપર ચરણ સ્થાપન કરતા ચાલે.
૧૦. માર્ગમાં કાંટા અધોમુખવાળા થઈ જાય.
૧૧. પ્રભુના કેશ-રોમ-નખ-દાઢી-મૂછ એ સર્વ અવસ્થિત રહે, વધે નહિ.

પરમાત્મા તીર્થને એટલે ચતુર્વિધ સંઘરૂપ શાસનને સ્થાપે છે. અને દીર્ઘકાળ સુધી એટલે ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન [૨]પૂર્વક્રોડ વર્ષ સુધી વિજયવંત વર્તે છે.

## તીર્થંકર નામકર્મ કેવી રીતે વેદાય ?

**वेद्यते तीर्थकृत्कर्म, तेन सद्देशनादिभिः ।**
**भूतले भव्य जीवानां, प्रतिबोधादिकुर्वता ॥ ८७ ॥**

**ગાથાર્થ** :– તીર્થંકર પરમાત્મા પૃથ્વી મંડળ ઉપર ભવ્ય જીવોને તત્ત્વના ઉપદેશાદિથી પ્રતિબોધાદિ કરતાં જિનનામકર્મ વેદે છે.

---

૧૨. પાંચે ઈન્દ્રિયોના વિષયો અનુકૂળ પ્રવર્તે.

૧૩. પ્રભુ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં છએ ઋતુના અનુકૂળ ભાવ પ્રગટ થાય.

૧૪. ગંધોદકની વૃષ્ટિ થાય.

૧૫. પંચવર્ણના પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ થાય.

૧૬. માર્ગમાં વિહાર કરતાં પ્રભુને વનપક્ષીઓ પણ પ્રદક્ષિણા આપે.

૧૭. વાયુ અતિવેગથી નહિ તેમ અતિ મંદ નહિ તેવો અનુકૂળ વાય.

૧૮. માર્ગમાં વિચરતા પ્રભુને વૃક્ષો પણ નીચા નમી નમસ્કાર કરે.

૧૯. ગંભીર નાદ સહિત દેવદુંદુભિ આકાશમાં વાગે.

–આ ૩૪ અતિશયોનું સંક્ષિપ્ત સ્વરૂપ સંબોધપ્રકરણને અનુસારે કહ્યું છે.

૨. આ સ્થળે શ્રી ટીકાકાર મહારાજે તીર્થંકર ભગવંતનું આયુષ્ય દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ કહ્યું તે બહુ વિચારણીય છે,

**ભાવાર્થ :–** પ્રતિબોધાદિમાં રહેલા આદિ શબ્દથી જીવોને દેશવિરતિ અને સર્વવિરતિની ઉત્પત્તિ કરાવતાં તેમ સમજવું.

–સદ્દેશના એટલે તત્ત્વનો ઉપદેશ આપવો, ઇત્યાદિ કૃત્યોથી તીર્થંકરનામકર્મનો વિપાકોદય વેદાય છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે –

तं च कहं वेइज्जइ । अगिलाए धम्मदेसणाइहिं ।

**પ્રશ્ન :–** તે જિનનામકર્મ કઇ રીતે વેદાય ?

**ઉત્તર :–** ખેદ રહિત [1]ધર્મદેશનાદિથી જિનનામ કર્મ વેદાય છે.

---

કારણ કે તીર્થંકર પરમાત્માનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોતું નથી, મધ્યવર્તી હોય છે.

જ્યારે મનુષ્યનું આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય, ત્યારે તીર્થંકરનું ૮૪ લાખ પૂર્વનું હોય છે, ક્રોડપૂર્વનું આયુષ્ય સામાન્ય કેવલી ભગવાનનું હોઇ શકે. કોઈપણ તીર્થંકર ભગવંતનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વથી અધિક હોય જ નહીં, તેમાં પણ કેવલીપર્યાય તો લગભગ ૧ લાખ પૂર્વ જેટલો જ હોય છે. તેને બદલે આ સ્થાને તો 'તીર્થને પ્રવર્તાવતાં ૧ ક્રોડ પૂર્વ સુધી વિચરે' એમ કહ્યું છે, તે માટે અહીં કહેલ કાળ સામાન્ય કેવલીના વિહાર માટેનો સમજવો.

શ્રી જિનેશ્વર ભગવંતનું આયુષ્થ મધ્યય હોય છે, ઉત્કૃષ્ટ હોતું નથી એ વાત ૮૮ મા શ્લોકમાં સ્પષ્ટ થશે.

૧. ચોત્રીશ અતિશયોની પ્રાપ્તિ, જ્ઞાનાતિશયાદિ ચાર અતિશયોની પ્રાપ્તિ અને ધર્મદેશના, ત્રણ લોકથી પૂજ્યત્વ ઇત્યાદિ સર્વ જિન નામ કર્મનો વિપાકોદય છે.

## કેવલી ભગવંતોનું આયુષ્ય :-

**उत्कर्षतोऽष्टवर्षोनं, पूर्वकोटि प्रमाणकम् ।**
**कालं यावन्महीपीठे, केवली विहरत्यलं ॥ ८८ ॥**

**ગાથાર્થ** :- ઉત્કૃષ્ટથી ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ સુધી શ્રી કેવલીભગવંત, આ પૃથ્વીપીઠ ઉપર સમર્થપણે વિહાર કરે છે.

**ભાવાર્થ** :- તીર્થંકર ભગવંત સુવર્ણના નવ કમળો ઉપર ચરણકમલને સ્થાપતા, આઠ મહાપ્રાતિહાર્યોની શોભા સહિત, દેવદાનવોની અનેક ક્રોડ સંખ્યાથી સેવાતા પૃથ્વી પીઠ ઉપર વિહાર કરે છે.

–આઠ વર્ષોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ જે કેવલીપણાનો કાળ કહ્યો, તે સામાન્ય કેવલીનો વિહારકાળ જ સંભવે છે. શ્રી તીર્થંકર ભગવંતો તો મધ્યમ આયુષ્યવાળા જ હોય છે, તેથી તેમનો વિહારકાળ ઉત્કૃષ્ટથી દેશોન ૧ લાખ પૂર્વ વર્ષ જેટલો જાણવો અને સામાન્ય કેવળી માટે નવ વર્ષ ન્યૂન ક્રોડ પૂર્વ જાણવો, કારણ કે કેવળજ્ઞાન નવ વર્ષે જ થાય છે.

## સમુદ્ઘાત રૂપ પ્રયત્ન વિશેષ :-

**चेदायुषः स्थितिर्न्यूना, सकाशाद् वेद्यकर्मणः ।**
**तदा तत्तल्यतां कर्तुं समुद्घातं करोत्यसौ ॥ ८९ ॥**

**ગાથાર્થ** :- કેવલી ભગવંત વેદવા યોગ્ય ( નામ ગોત્ર અને વેદનીય ) કર્મની સ્થિતિથી જો આયુષ્યની

સ્થિતિ અલ્પ હોય, તો આયુષ્યની સ્થિતિ અને ત્રણ વેદ્યકર્મની સ્થિતિ સમાન કરવા માટે સમુદ્ઘાત કરે છે.

**સમુદ્ઘાતનું સ્વરૂપ :–**

**दण्डत्वं च कपाटत्वं, मन्थानत्वं च पूरणम् ।**
**कुरुते सर्वलोकस्य, चतुर्भिः समयैरसौ ॥ ९० ॥**

**ગાથાર્થ :**–શ્રી કેવલીભગવાન પહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન રચે છે, ચોથે સમયે સર્વ લોકને પૂરે આ પ્રમાણે જ ચાર સમયોથી સમુદ્ઘાત કરે છે.

**ભાવાર્થ :**– સ્વાભાવિક રીતે દેહમાં અવસ્થિત રહેલા આત્મપ્રદેશોને વેદના વિગેરે સાત કારણોથી समन्तात् = સર્વ બાજુથી उद्घातन=અવસ્થિત સ્વભાવથી અન્ય સ્વભાવે પરિણમાવવું, (આત્મપ્રદેશો જે વ્યવસ્થાએ હતા તે વ્યવસ્થા બદલીને બીજી રીતે અમુક કાળ સુધી વ્યવસ્થિત કરવા) તે સમુદ્ઘાત કહેવાય.

**સમુદ્ઘાતના સાત પ્રકાર :–**

૧. વેદના સમુદ્ઘાત
૨. કષાયસમુદ્ઘાત
૩. મરણ સમુદ્ઘાત
૪. વૈક્રિય સમુદ્ઘાત
૫. તૈજસ સમુદ્ઘાત
૬. આહારક સમુદ્ઘાત
૭. કેવલી સમુદ્ઘાત

સિદ્ધાંતમાં કહ્યું છે, કે :–

वेयण कसाय मरणे, वेउव्विअे तेअ आहार केवलिओ ।

વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલિ–એ સાત સમુદ્ઘાત છે.

આ સાત સમુદ્ઘાતમાં છેલ્લો કેવલીસમુદ્ઘાત છે, તે કેવલીસમુદ્ઘાત માટે શ્રી કેવલી ભગવંત, આયુષ્યકર્મ અને ત્રણ વેદ્યકર્મની સ્થિતિ સરખી કરવા માટે પોતાના આત્મપ્રદેશોને ઉર્ધ્વલોકાન્તથી અધોલોકાન્ત સુધી ફેલાવવાથી પહેલા એક સમયમાં આત્મપ્રદેશોને દંડાકાર સરખા ( દીર્ઘશ્રેણિવાળા ), બીજે સમયે પૂર્વ પશ્ચિમ દિશામાં કપાટ (કમાડ) આકાર જેવા, ત્રીજે સમયે કપાટ આકારે વિસ્તારેલા આત્મપ્રદેશોને દક્ષિણથી ઉત્તર સુધી વિસ્તારી મંથાન આકાર સમાન રચે છે અને ચોથે સમયે મંથાનના આંતરા પૂરવાથી ૧૪ રાજ પ્રમાણ લોકને સંપૂર્ણ પૂરે છે. (લોકમાં સર્વત્ર કેવલીના આત્મપ્રદેશો વ્યાપ્ત થઈ જાય છે.) આ પ્રમાણે સમુદ્ઘાત કરનારા કેવલી ભગવંત ચાર સમયમાં સંપૂર્ણ લોક વ્યાપ્ત થઈ જાય છે.

## સંપૂર્ણ લોકવ્યાપ્ત આત્મપ્રદેશોને દેહસ્થ થવાની પ્રક્રિયા :-

**एवमात्मप्रदेशानां, प्रसारणविधानतः ।**
**कर्मलेशान् समीकृत्योत्क्रमात्तस्मान्निवर्त्तते ॥ ९१ ॥**

**ગાથાર્થ** :- એ પ્રમાણે આત્મપ્રદેશોને વિસ્તારવાની વિધિથી ( યોગથી ) કર્મના અંશોને સરખા કરી પુનઃ ઉલટા ક્રમથી સમુદ્ઘાતથી નિવર્તે છે.

ભાવાર્થ :- તાત્પર્ય આ છે કે -

ચાર સમયમાં સર્વલોક સંપૂર્ણ કરીને પાંચમે સમયે અંતરપૂર્તિથી નિવર્તે છે ( મંથાનના આંતરામાં વિસ્તારેલા આત્મપ્રદેશોને સંવરી મંથાનસ્થ થાય છે.)

છટ્ઠે સમયે મંથાનથી નિવર્તે છે એટલે મંથાનપણે વિસ્તારેલા આત્મપ્રદેશોને સંહરી કપાટસ્થ થાય છે.

સાતમે સમયે કપાટ સંહરે છે તેથી દંડસ્થ થાય છે.

આઠમે સમયે દંડ સંહરી સ્વભાવસ્થ ( દેહસ્થ ) થાય છે.

શ્રી વાચક મુખ્યે કહ્યું છે કે :-

પહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન; ચોથે સમયે લોકવ્યાપી થાય છે, પુનઃ પાંચમે સમયે આંતરા, છટ્ઠે સમયે મંથાન, સાતમે સમયે કપાટ અને આઠમે સમયે દંડ સંહરે છે.

## સમુદ્ઘાતમાં કયા યોગ અને કેવી અવસ્થા :-

**समुद्घातस्य तस्याद्ये, चाष्टमे समये मुनिः ।**
**औदारिकाङ्गयोगः स्याद् द्विषट्सप्तमकेषु तु ।।९२।।**
**मिश्रौदारिकयोगी च ( स्यात्, ) तृतीयाद्येषु तु त्रिषु ।**
**समयेष्वेककर्माङ्गधरो-ऽनाहारकश्च सः ।।९३।।**

ગાથાર્થ :-મુનિ સમુદ્ઘાતના પહેલા અને આઠમા સમયે ઔદારિક કાયયોગી, બીજા છટ્ઠા અને સાતમા સમયે

ઔદારિકમિશ્ર[1]કાયયોગી, તથા ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગી અને (તે જ ત્રણ સમયે) અનાહારક હોય છે.

**ભાવાર્થ**:—સિદ્ધાંતમાં કહ્યું છે કે:—

તે કેવલી ભગવાન પહેલા અને આઠમા સમયે ઔદારિક પ્રયોગવાળા સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં મિશ્રઔદારિક પ્રયોગવાળા તથા ચોથા, પાંચમા અને ત્રીજા સમયમાં કાર્મણ યોગવાળા અને એજ ત્રણ સમયોમાં નિશ્ચયથી અનાહારક હોય છે.

## કેવલીસમુદ્ઘાત કયા કેવલી કરે તે સંબંધિ નિયમઃ—

**यः षण्मासाधिकायुष्को, लभते केवलोद्गमम् ।**
**करोत्यसौ समुद्घात-मन्ये कुर्वन्ति वा न वा ॥९४॥**

**ગાથાર્થ**:— [2]છ માસ અધિક આયુષ્યવાળા જે જીવ, કેવલજ્ઞાન પામે તે નિશ્ચયથી સમુદ્ઘાત કરે જ્યારે બીજા કેવલીભગવંતો કરે અથવા ન પણ કરે.

---

૧. અહીં મિશ્રપણું તે ઔદારિકશરીરનું કાર્મણશરીર સાથે જ જાણવું.

૨ આ ગ્રંથકર્તા આચાર્ય ૬ માસાધિક આયુષ્યે કેવલજ્ઞાનની ઉત્પત્તિવાળા કેવલીભગવાનને કેવલીસમુદ્ઘાત કરવાનો નિયમ કહે છે અને એ પ્રમાણે બીજા પણ કેટલાક આચાર્યો માને છે.

શ્રી વિશેષાવશ્યક ગ્રંથમાં કેવલીભગવાન સમુદ્ઘાત ક્યારે કરે? તેનો કાળ દર્શાવતાં કહે છે કે:—

**कम्मलहुयाए समओ, भिन्नमुहुत्तावसेसओ कालो ।**
**अन्ने जहन्नमेयं, छम्मासुक्कोसमिच्छंति ॥३०४८॥**

**ભાવાર્થ:-** સિદ્ધાંતમાં કહ્યું છે કે:-

छम्मासाऊ सेसे । उपन्नं जेसि केवलं नाणं ॥
ते नियमा समुग्घाइय । सेसा समुग्घायभइअव्वा ॥

**કેવલજ્ઞાન પામ્યા પછી છ માસ આયુષ્ય બાકી હોય, તે નિશ્ચયથી સમુદ્ઘાત કરે, બીજા કેવલીઓના સમુદ્ઘાત સંબંધમાં અનિશ્ચિતતા જાણવી.**

---

આયુષ્ય કર્મની લઘુતાનો કાળ જે બાકી રહેલો હોય છે, તે કાળ (અર્થાત્ નિર્વાણ પ્રાપ્તિ માટે બાકી રહેલો આયુષ્યનો અવશેષ કાળ) અન્તર્મુહૂર્ત પ્રમાણ (જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ) હોય છે. બીજા આચાર્યો એમ માને છે કે- એ અન્તર્મુહૂર્ત પ્રમાણ અવશેષ કાળ જઘન્ય છે અને ઉત્કૃષ્ટ અવશેષ કાળ છ માસ જેટલો ઇચ્છે છે.

(૩૦૪૮ વિશેષાવશ્યકભાષ્ય)

પરંતુ એ સિદ્ધાંત તદ્દન અયુક્ત છે તે સંબંધિ કહે છે કે-

**तं नाऽणंतर सेलेसिवयणओ जं च पाडिहेराणं ।**
**पच्चप्पणमेव सुए, इहरा गहणंपि होज्जाहि ॥३०४९॥**

સમુદ્ઘાત કર્યા પછી તરત શૈલેશીકરણ કરે એમ કહેલું હોવાથી, તે મત યુક્ત નથી, જે કારણથી સિદ્ધાંતમાં ત્યાર અગાઉ પ્રાતિહારકનું (પીઠ-ફલક વિગેરેનું) પ્રત્યર્પણ (પાછું સોંપવાનું) કહેલું છે અને જો અન્તર્મુહૂર્તથી વધારે કાળ હોત, તો સિદ્ધાંતમાં તે પ્રાતિહારકને ગ્રહણ કરવાનું પણ કહ્યું હોત. ૩૦૪૯ (વિશેષાવશ્યકભાષ્ય)

સિદ્ધાંતનો પાઠ આ પ્રમાણે:-

**"कायजोगं जुंजेमाणे आगच्छेज्जा वा, चिट्ठेज्जावा,**

## કેવલી ભગવાન સમુદ્દ્ઘાતની નિવૃત્તિ પછી શું કરે?

**समुद्घातान्निवृत्तो ऽसौ, मनवाक्काययोगवान् ।**
**ध्यायेद्योगनिरोधार्थं, शुक्लध्यानं तृतीयकम् ॥९५॥**

---

**निसीएज्जा वा, अनुयट्टिज्जा वा, उल्लंघेज्जा वा, पाडिहारीयं पीढफलगं संथारगं पच्चप्पिणिज्जं**

આ પ્રમાણે શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર સિદ્ધાંતમાં કેવળ પાછું સોંપવાનું કહ્યું છે, અન્યથા ૬ માસ જેટલું દીર્ઘ આયુષ્ય હોત તો તેનું ગ્રહણ પણ કહ્યું હોત, પરંતુ ગ્રહણ તો કહ્યું જ નથી.

આ પ્રમાણે શ્રી વિશેષાવશ્યકસૂત્રમાં અને વૃત્તિમાં સવિસ્તરથી ૬ માસ આયુષ્ય બાકી રહેવાનો નિષેધ કર્યો છે.

ઉપર કહ્યા પ્રમાણે ૬ માસ આયુષ્ય શેષ રહ્યાના સંબંધમાં જે વિવાદ છે, તેનો નિર્ણય તો શ્રી સર્વજ્ઞગમ્ય છે.

પરંતુ આ ગુણસ્થાનક્રમારોહ ગ્રંથકર્તાનું કહેવું અને શ્રી વિશેષાવશ્યકાદિનું કહેવું એ જુદા માર્ગ ઉપર છે તે આ પ્રમાણે–

આ ગ્રંથકર્તા કહે છે કે– ૬ માસથી અધિક આયુષ્ય જેનું છે તેવા જીવને જો કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય, તો તે સમુદ્દ્ઘાત અવશ્ય કરે અને ૬ માસની અંદરના આયુષ્યવાળાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય, તો તેઓ સમુદ્દ્ઘાત કરે અથવા ન પણ કરે.

આ ઉપરના વાકયમાં સમુદ્દ્ઘાત કોણ કરે તે કહ્યું છે, પરંતુ કેટલું આયુષ્ય બાકી રહે સમુદ્દ્ઘાતનો પ્રારંભ થાય તે કહ્યું નથી અને શ્રી વિશેષાવશ્યકમાં કરેલું ખંડન તો "કેટલું આયુષ્ય બાકી રહે સમુદ્દ્ઘાત થાય" તે સંબંધી છે, માટે આ ગ્રંથકર્તાનું પ્રતિપાદન ધ્યેય અને શ્રી વિશેષાવશ્યકના ખંડનનું ધ્યેય એ ભિન્ન હોવાથી આ ગ્રંથમાં કહેલા ભાવનું ખંડન કરેલું નથી.

**ગાથાર્થ** :- કેવલી ભગવાન સમુદ્ઘાત કર્યા પછી [1]મન, વચન અને કાયયોગવાળા હોય છે, અને તે ત્રણે યોગ રોકવા માટે ત્રીજું શુક્લધ્યાન ધ્યાય છે.

### ત્રીજા શુક્લધ્યાનનું સ્વરૂપ :-

**आत्मस्पन्दात्मिका सूक्ष्मा, क्रिया यत्रानिवृत्तिका ।**
**तत्तृतीयं भवेच्छुक्लं, सूक्ष्मक्रियानिवृत्तिकम् ॥९६॥**

**ગાથાર્થ** :-જ્યાં સૂક્ષ્મ આત્મસ્પન્દન (આત્મપ્રદેશોની તથા કાયાદિની ચપળતા) નિવૃત્ત ન થાય, તે સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ, ત્રીજું શુક્લધ્યાન છે.

**ભાવાર્થ** :-જે ધ્યાનમાં આત્મપ્રદેશોની સ્પંદનારૂપ સૂક્ષ્મક્રિયા સૂક્ષ્મત્વ છોડીને હવે પુનઃ ક્યારે પણ બાદરપણું પામવાની નથી[2] તે સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાન કહેવાય.

---

૧. સમુદ્ઘાત વખતે કેવલી ભગવાન જુદા જુદા સમયે જુદા જુદા નિયમિત યોગવાળા હતા તે હવે અનિયમિત ત્રણે યોગવાળા થાય, તે ત્રણે યોગમાં અન્તર્મુહૂર્ત્ત કાળ રહીને ત્યારપછી અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે યોગનિરોધ કરવાનો પ્રારંભ કરે છે.

૨. અથવા બીજો અર્થ એ પણ છે કે-(આ ગ્રંથકર્તાના અભિપ્રાય પ્રમાણે અયોગીપણામાં પણ સૂક્ષ્મકાયયોગ તો છે જ તેથી)

આ સૂક્ષ્મક્રિયા હવે કેવલી ભગવંતને ભવના અન્ત્ય સમય સુધી રહેવાની હોવાથી નિવૃત્તિ થનારી નથી માટે સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ. (અહીં સૂક્ષ્મક્રિયાના અનિવૃત્તિપણાનો અને વ્યુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાનનો ચર્ચાસ્પદ વિષય અયોગીપણામાં સૂક્ષ્મકાયયોગ હોવા ન હોવાના અંગે છે તે યથાસ્થાને વિચારવો)

ત્રણ યોગોને સૂક્ષ્મ કરવાની રીતિ :-

बादरे काययोगेऽस्मिन्, स्थितिं कृत्वा स्वभावतः ।
सूक्ष्मीकरोति वाक्चित-योगयुग्मं स बादरम् ॥९७॥
त्यक्त्वा स्थूलं वपुर्योगं, सूक्ष्मवाक्चित्तयोः स्थितिम् ।
कृत्वा नयति सूक्ष्मत्वं, काययोगं तु बादरम् ॥९८॥
सुसूक्ष्मकाययोगेऽथ, स्थितिं कृत्वा पुनः क्षणम् ।
निग्रहं कुरुते सद्यः, सूक्ष्मवाकचित्तयोगयोः ॥९९॥
ततः सूक्ष्मे वपुर्योगे, स्थितिं कृत्वा क्षणं हि सः ।
सूक्ष्मक्रियं निजात्मानं, चिद्रूपं विन्दति स्वयं ॥१००॥

ગાથાર્થ :- સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ ત્રીજા શુકલધ્યાનનું ધ્યાન કરનાર તે કેવલી ભગવંત આત્મવીર્યની અચિન્ત્ય શક્તિથી બાદર કાયયોગમાં સ્વભાવથી જ રહીને બાદર વચનયોગ અને બાદર મનોયોગને સૂક્ષ્મ કરે છે.

મન, વચનયોગ સૂક્ષ્મ થયા પછી તે સૂક્ષ્મમન, વચનયોગમાં રહીને બાદર કાયયોગનો ત્યાગ કરી, ત્યાગ કરેલા બાદર કાયયોગને સૂક્ષ્મ કરે છે.

પુનઃ ક્ષણુવાર (અન્તર્મુહૂર્ત્ત પર્યંત) તે અતિ સૂક્ષ્મ થયેલા કાયયોગમાં રહીને શીઘ્ર સૂક્ષ્મ વચનયોગ અને મનયોગનો નિગ્રહ કરે છે. (સર્વથા તેની સત્તાનો અભાવ કરે છે.)

ત્યારપછી પુનઃ તે કેવલીભગવંત ક્ષણુવાર સૂક્ષ્મ-કાયયોગમાં રહીને પ્રગટ રીતે સૂક્ષ્મક્રિયા અને જ્ઞાનરૂપ પોતાના આત્માને પોતે જ અનુભવે છે.

## કાયાની સ્થિરતા તે જ કેવલીનું ધ્યાન :-

**छद्मस्थस्य यथा ध्यानं, मनसः स्थैर्यमुच्यते ।**
**तथैव वपुषः स्थैर्यं, ध्यानं केवलिनो भवेत् ॥१०१॥**

**ગાથાર્થ** :- જેમ છદ્મસ્થ યોગીનું મનની સ્થિરતા તે જ ધ્યાન છે, તેમ કેવલી ભગવાનનું કાયાની સ્થિરતા એ જ [1]ધ્યાન છે.

## શૈલેશીકરણ આરંભક સૂક્ષ્મકાયયોગી કેવલી ભગવંતનું કર્તવ્ય :-

**शैलेशीकरणारम्भी, वपुर्योगे स सूक्ष्मके ।**
**तिष्ठन्नुर्द्धवास्पदं शीघ्रं, योगातीतं यियासति ॥१०२॥**

**ગાથાર્થ** :-શૈલેશીકરણને। આરંભ કરનાર, સૂક્ષ્મ-કાયયોગમાં રહેલા કેવલી ભગવંત, અયોગી ગુણસ્થાને જવાની ઇચ્છા કરે છે.

**ભાવાર્થ** :-**શૈલેશીકરણ** :-

પાંચ હ્રસ્વઅક્ષરના ઉચ્ચાર માત્ર કાળ જેટલા આયુષ્યવાળા, પર્વતની જેમ નિશ્ચલ કાયાવાળા કેવલી ભગવંતની ચોથા શુક્લધ્યાનની પરિણતિ તે શૈલેશીકરણ.

---

૧. શુક્લધ્યાનને। બીજો પાયો સમાપ્ત થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તે વખતે ભગવાન ત્રણે યોગમાં વર્તતા હોય છે અને અન્ત-મુર્હૂત્ત આયુષ્ય બાકી રહે, ત્યારે યોગનિરોધ કરતાં ત્રીજું શુક્લ-ધ્યાન હોય છે ત્યારે વચ્ચેના દેશોનકોડ પૂર્વ જેટલા કાળ સુધીમાં કોઈ ધ્યાન હોય કે ધ્યાનરહિત હોય ?

તે સંબંધમાં જણાવવાનું કે એ દીર્ઘકાળ ધ્યાનમાં ગણ્યો નથી પરંતુ શ્રી પૂર્વાચાર્યોએ **ધ્યાનાન્તરિકા**માં ગણ્યો છે.

શૈલેશીકરણના આરંભક કેવલી ભગવંત યોગાતીત થવાની ઈચ્છા કરે છે.

## સયોગી ગુણસ્થાનને અન્તે કેવલી ભગવંતનું કર્તવ્યઃ

**अस्यान्त्येऽङ्गोदयच्छेदात् , स्वप्रदेशघनत्वतः ।**
**करोत्यन्त्याङ्गसंस्थान–त्रिभागोनावगाहनम् ॥१०३॥**

**ગાથાર્થ** :– સયોગીકેવલી ગુણસ્થાનના અન્ત્ય સમયે શરીર નામકર્મના ઉદયનો નાશ થવાથી પોતાના આત્મપ્રદેશો ઘન થવાથી અન્ત્ય શરીરના (ચરમ શરીરના) આકારની ત્રિભાગશૂન્ય અવગાહના કરે છે.

**ભાવાર્થ** :– સયોગિકેવલી ગુણસ્થાનના અંત્ય સમયે ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, વિહાયોગતિદ્વિક, પ્રત્યેકત્રિક, છ સંસ્થાન, અગુરુલઘુચતુષ્ક, વર્ણાદિચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણ, પ્રથમ સંઘયણ, સ્વરદ્વિક અને સાતા અથવા અસાતા કોઈ પણ એક વેદનીય–આ ૩૦ પ્રકૃતિઓનો ઉદય–વિચ્છેદ થાય, તેથી અહીં [1]અંગ અને ઉપાંગનો ઉદયવિચ્છેદ થવાથી પોતાના આત્મપ્રદેશો ઘન થવાથી (ચરિમ અંગ અને ઉપાંગગત નાસિકા વિગેરે છિદ્રો પૂરાવાથી આત્મપ્રદેશો ઘન નિબિડ થાય છે, ઉદરાદિના પોલાણ ભાગો રહેતા નથી માટે સ્વપ્રદેશ ઘન થવાથી અવગાહના ત્રિભાગન્યૂન થાય તેમ કહ્યું.

૧. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને જીવ દ્રવ્ય એ સ્વાભાવિક રીતે ઘન સંબંધવાળા એટલે શુષિરતા રહિત સંબંધાત્મક પિંડવાળા છે.

આત્માના પ્રદેશોનો સંબંધ શરીરનામકર્મના ઉદયથી શરીર વ્યાપ્તિને અનુકૂળ હતો, પરંતુ હવે તે કર્મનો ઉદયવિચ્છેદ થવાથી શરીરમાં જ વ્યાપ્તિ થવાનું કારણ નાશ પામતાં શરીરમાં ને શરીરમાં જ ઘનસંબંધવાળો થાય છે અને $\frac{2}{3}$ ઘન રહેવાનું કારણ વિશેષતઃ એ છે, કે શરીરનું પોલાણ પ્રાયઃ $\frac{1}{3}$ ભાગ જેટલું સંભવે છે, માટે $\frac{1}{3}$ ઘટીને $\frac{2}{3}$ રહે છે.

**પ્રશ્ન :** શરીરનામકર્મના ઉદયથી આત્મા શરીર વ્યાપ્ત થાય છે, તો શરીરનામકર્મનો ઉદય નાશ પામ્યા પછી શરીરમાં $\frac{2}{3}$ ભાગ જેટલો જ કેમ ઘન થાય ? અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો સૂક્ષ્મઘન કેમ ન થાય ? અથવા તો પોતાની સંપૂર્ણ અવગાહના પ્રમાણે લોકાકાશ પ્રમાણ કેમ ન વ્યાપે ?

**ઉત્તર :** જો કે શરીરનામકર્મનો ઉદયવિચ્છેદ થયો છે. અને આત્માની કોઈપણ સ્વાભાવિક અવગાહના છે જ નહિ, અને તે માટે શુદ્ધ આત્મદ્રવ્યની અપેક્ષાવાળા આત્માના વર્ણનમાં અથવા સિદ્ધ પરમાત્માના વર્ણનમાં **से न दीहे से न हस्से**, ઇત્યાદિ પદોથી આત્મદ્રવ્યને સ્વાભાવિક અવગાહના રહિત કહેલું છે. તેથી હવે જે શુદ્ધ આત્મદ્રવ્યની અવગાહના જ થવાની તે સ્વાભાવિક તો છે જ નહીં, માટે ઉપાધિગત અવગાહના જ થવાની છે, જેથી પૂર્વ પ્રયોગની આ ઉપાધિગત અવગાહના પૂર્વના દેહને અનુકૂળ હોય છે. માટે $\frac{1}{3}$ પોલાણ નાશ થતાં $\frac{2}{3}$ જેટલો જ ઘન થાય છે. પરંતુ હીનાધિક ન થાય, અથવા યોગનિરોધકાળે જ પ્રદેશસંહરણ થાય છે અને તે અવસ્થામાં સયોગીપણું અને સકર્મકપણું પણ છે, તે કર્મસહિત સયોગીકેવલીના યોગનું તે વખતે એટલું જ સામર્થ્ય છે, કે શુષિરભાગ ( પોલાણ ભાગ ) જેટલું જ સંહરણ કરી $\frac{2}{3}$ જેટલો જ થાય પણ એથી વધુ સંહરણ કરતો કરતો એક આકાશ પ્રદેશમાં સૂક્ષ્મઘન ન થઈ જાય.

## સયોગી ગુણસ્થાને બંધ-ઉદય-સત્તા :

સયોગી ગુણસ્થાનવર્તીજીવ ઉપાંત્ય સમય સુધી એક સાતાવેદનીય બન્ધક હોય,

તથા ૫ જ્ઞાનાવરણ, ૫ અંતરાય અને ૪ દર્શનાવરણીયને ઉદયવિચ્છેદ ( ૧૨ મા ગુણસ્થાનને અંતે થવાથી ) ૪૨ પ્રકૃતિના ઉદયવાળા હોય.

તથા નિદ્રા, પ્રચલા, ૫ જ્ઞાનાવરણ, ૫ અંતરાય અને ૪ દર્શનાવરણ એ ૧૬ પ્રકૃતિને સત્તાવિચ્છેદ [ ૧૨ માના અંતે થવાથી ] ૮૫ પ્રકૃતિની સત્તાવાળા હોય.

---

તે સંબંધિ વિશેષાવશ્યકમાં કહ્યું છે કે :-

**संहारसंभवाओ, पएसमेत्तंमि किं न संठाइ ? ।**
**सामत्थाभावाओ, सकम्मयाओ सहावाओ ॥३१६४॥**

**પ્રશ્ન :**-જો પ્રદેશસંહરણના તે વખતે સંભવ છે, તો આત્મા એક જ આકાશપ્રદેશમાં ઘન થઈને રહે એવો સંહાર કેમ ન કરે?

**ઉત્તર :**-સંહરણ સમયે તથાપ્રકારના સામર્થ્યના ( યોગના ) અભાવ હોવાથી, તથા સકર્મતા હોવાથી તથાસ્વભાવથી જ પૂર્વોક્ત $\frac{2}{3}$ થી અધિક સંહરણ કરી સૂક્ષ્મઘન થતો નથી.

# ૧૪. અયોગીગુણસ્થાન

## અયોગીગુણસ્થાનની સ્થિતિ–

**अथायोगिगुणस्थाने, तिष्ठतोऽस्य जिनेशितुः ।**
**लघुपञ्चाक्षरोच्चार-प्रमितैव स्थितिर्भवेत् ॥१०४॥**

**ગાથાર્થ** :– અયોગીગુણસ્થાને રહેલા જિનેશ્વરની સ્થિતિ ( અયોગીગુણસ્થાનની સ્થિતિ ) પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચાર પ્રમાણ છે.

**ભાવાર્થ** :– ચૌદમા ગુણસ્થાનની સ્થિતિ અ-ઈ-ઉ-ઋ અને ઌ–એ પાંચ સ્વરના ઉચ્ચાર કાળ જેટલી જ સ્થિતિ હોય છે.

## અયોગિગુણસ્થાને ધ્યાનસંભવ :

**तत्रानिवृत्ति शब्दान्तं, समुच्छिन्नक्रियात्मकम् ।**
**चतुर्थं भवति ध्यान-मयोगिपरमेष्ठिनः ॥१०५॥**

**ગાથાર્થ** :– અયોગીગુણસ્થાનમાં અયોગી ભગવંતને સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિરૂપ ચોથું શુક્લધ્યાન છે.

## સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાનનું સ્વરૂપ :–

**समुच्छिन्ना क्रिया यत्र, सूक्ष्मयोगात्मिकापि हि ।**
**समुच्छिन्नक्रियं प्रोक्तं, तद्द्वारं मुक्तिवेश्मनः ॥१०६॥**

**ગાથાર્થ** :– જે ધ્યાનમાં સૂક્ષ્મકાયયોગરૂપ ક્રિયા સર્વથા વિનાશ પામી છે, તે સમુચ્છિન્ન ક્રિયારૂપ ચોથું શુક્લધ્યાન મોક્ષરૂપી મહેલના દ્વાર સમાન છે.

ભાવાર્થ :- આ ધ્યાનથી અનંતર સમયે મોક્ષ જ થાય છે.

**અયોગીગુણસ્થાનમાં કેવલી ભગવાન અયોગી કેવી રીતે? અને અયોગી હોય તો ધ્યાન શી રીતે?**

**देहाऽस्तित्वेऽप्ययोगीत्वं, कथं? तद् घटते प्रभो।**
**देहाभावे तथा ध्यानं, दुर्घटं घटते कथं? ॥१०७॥**

ગાથાર્થ :- હે પ્રભુ! દેહ હોવાથી અયોગીપણું કેવી રીતે? અને દેહનો જો અભાવ છે તો દેહ વિના ધ્યાન કેવી રીતે?

ભાવાર્થ :- કાયાનો સૂક્ષ્મયોગ હોવાથી યોગીપણું કહેવાય, છતાં અયોગીપણું કેવી રીતે કહો છો અને સર્વથા કાયયોગનો અભાવ થયો હોય, તો દેહના અભાવે ન ઘટી શકે એવું ધ્યાન કેવી રીતે કહો છો?

**આચાર્યશ્રી દ્વારા બે શંકાનું સમાધાન :-**

**वपुषो ऽत्रातिसूक्ष्मत्वाच्छीघ्रं भावी क्षयत्वतः।**
**काय कार्यासमर्थत्वात्, सति कायेऽप्ययोगता ॥१०८॥**
**तच्छरीरश्रयाद्ध्यान मस्तीति न विरुध्यते।**
**निजशुद्धात्मचिद्रूप-निर्भरानन्दशालिनः ॥१०९॥**

ગાથાર્થ :- અહીં કાયયોગ અતિસૂક્ષ્મ હોવાથી, શીઘ્ર ક્ષય પામનારો હોવાથી તથા કાયાનું કાર્ય કરવાને અસમર્થ હોવાથી કાયા હોવા છતાં અયોગીપણું છે.

પોતાના શુદ્ધ આત્મજ્ઞાનરૂપ અત્યંત આનંદ યુક્ત અયોગી ભગવાનને શરીરના તેવા પ્રકારના આલંબનથી ધ્યાન હોય, એમાં વિરોધ નથી.

**ભાવાર્થ**:- અયોગી ગુણસ્થાને કાયા અતિસૂક્ષ્મ હોવાથી તથા તે સૂક્ષ્મ કાયયોગનો શીઘ્ર ક્ષય થવાનો હોવાથી અને શરીરનું જે કાર્ય છે તે સાધવામાં કાયા અસમર્થ હોવાથી કાયા વિદ્યમાન હોવા છતાં 'અયોગીપણું' છે.

તથા પોતાના નિર્મળ પરમાત્મ જ્ઞાન સ્વરૂપમાં તન્મય થવાથી અત્યંત પરમ આનંદથી શોભતા એવા અયોગી ભગવાનને સૂક્ષ્મયોગવાળી કાયાના આશ્રયથી ધ્યાન હોઈ શકે છે.

---

૧ આ ગ્રંથકર્તાના અભિપ્રાયથી અયોગી ગુણસ્થાને પણ સૂક્ષ્મ-કાયયોગ અવશ્ય હોય છે, અને બીજા ગ્રંથોમાં તો સૂક્ષ્મ કાયયોગનો પણ અભાવ હોવાથી સર્વથા અયોગીપણું કહ્યું છે.

શ્રી કર્મપ્રકૃતિની યશોવિજય ઉપાધ્યાયકૃત ટીકામાં આવશ્યક ચૂર્ણિ વગેરે અનુસારે આ પ્રમાણે વર્ણન કર્યું છે.

બાદર મન, વચન યોગનો સર્વથા નિરોધ થયા પછી બાદર કાયયોગની અસંખ્ય કિટ્ટિરૂપ સૂક્ષ્મ વચનયોગ રૂંધે, ત્યારપછી સૂક્ષ્મ મનોયોગ રૂંધે, ત્યારપછી સૂક્ષ્મકાયયોગનો પણ નિરોધ કરવાનું પ્રારંભે ઈત્યાદિ પાઠ આ પ્રમાણે :-

**ततः सूक्ष्मकाययोगबलेन सूक्ष्मकाययोगमन्तर्मुहूर्तेन निरूणद्धि, तं च निरून्धानः सूक्ष्मक्रिया ऽप्रतिपातीध्यान-मारोहति तत्सामर्थ्याच्च वदनोदरादिविवरपूरणेन सङ्कु-चितदेहत्रिभागवर्तिप्रदेशो भवति । तमपि स योगं सूक्ष्मं,**

निरुन्धन् सर्वपर्ययानुगतं। सूक्ष्मक्रियप्रतिपात्युपयाति ध्यानममनस्कम् । १।। इत्यादि । सूक्ष्मकाययोगं च निरून्धानः प्रथम समये किट्टिनामसंख्येयान् भागान्नाशयति एकस्तिष्ठति द्वितीयसमये तस्यैवैकस्य भागस्योद्धरितस्य सम्बन्धिनोऽसंख्येयान्भागान्नाशयति, एक उद्धरति, एवं समये समये किट्टीस्तावन्नाशयत्ति यावत् सयोग्यवस्था चरमसमयः। तस्मिंश्च सयोग्यवस्थाचरमसमये सूक्ष्मक्रियाऽप्रतिपातिध्यानं सर्वा किट्टयः, सद्वेद्यबन्धो, नामगोत्रयोरुदीरणा, योगः शुक्ल लेश्या, स्थित्यनुभागघातश्चेति सप्तपदार्थाः युगपद् व्यवच्छिद्यन्ते । ततोऽनन्तरसमयेऽयोगी केवली भवति । (આ પાઠમાં વચ્ચે વચ્ચેથી કેટલોક પાઠ છોડી દઇને ચાલુ વિષયને ઉપયોગી પાઠ જ લખ્યો છે.)

**અર્થ** :– ત્યારબાદ સૂક્ષ્મકાયયોગના બળથી સૂક્ષ્મકાયયોગને અન્તર્મુહૂર્ત માત્રમાં રોકે છે, અને તે સૂક્ષ્મકાયયોગને રોકતો સયોગી-કેવલી સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ધ્યાન ધ્યાય છે. અને તે ધ્યાન (યોગનિરોધક્રિયા)ના સામર્થ્યથી વદન, ઉદર આદિના પોલાણભાગો પૂરાવાથી દેહનો ત્રીજો એક ભાગ સંકોચાવાથી $\frac{2}{3}$ ભાગવર્તી આત્મ-પ્રદેશવાળા થાય છે.

કહ્યું છે કે– તે કેવલી સૂક્ષ્મકાયયોગને રૂંધતો સર્વપર્યાયાનુગત સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી શુક્લધ્યાન પ્રાપ્ત કરે છે. ।।૧।। ઈત્યાદિ.

તે સૂક્ષ્મકાયયોગને રૂંધતા કેવલી ભગવાન પ્રથમ સમયે કાય-યોગની સૂક્ષ્મ કિટ્ટિના અસંખ્યભાગનો નાશ કરે અને એક ભાગ બાકી રાખે, બીજે સમયે પણ બાકી રાખેલા એક ભાગની કિટ્ટિમાંથી અસંખ્ય ભાગનો નાશ કરે અને એક ભાગ બાકી રાખે, આ પ્રમાણે પ્રતિસમય કિટ્ટિઓનો નાશ ત્યાં સુધી કરે, કે જ્યાં સુધી સયોગીપણાનો છેલ્લો સમય આવે–ત્યારપછી તે સયોગી અવસ્થાના

## ધ્યાનમાં નિશ્ચય વ્યવહારના ભેદનું સ્વરૂપ :-

**आत्मानमात्मनाऽऽत्मैव, ध्याता ध्यायति तत्त्वतः ।**
**उपचारस्तदन्यो हि, व्यवहारनयाश्रितः ॥११०॥**

**ગાથાર્થ :-** નિશ્ચયનયથી આત્મા પોતે જ ધ્યાતા છે અને તે કરણભૂત ( સાધનભૂત ) એવા આત્માથી કર્મ-પણાને પામેલા આત્માને જ [1]ધ્યાય છે. અહીં સ્પષ્ટ રીતે [2]અષ્ટાંગયોગપ્રવૃત્તિરૂપ બીજો જે ઉપચાર ( ધ્યાનના અંગ ) છે તે સર્વ વ્યવહારનયની અપેક્ષાએ ધ્યાનરૂપ જાણવો.

---

છેલ્લા સમયે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ધ્યાન—સર્વ કિટ્ટિ—સાતાવેદનીયનો બંધ—નામગોત્રની ઉદીરણા—યોગ—શુક્લલેશ્યા અને સ્થિતિ તથા રસઘાત—એ સાતે પદાર્થ એક સાથે વિનાશ પામે. ત્યારપછી અનન્તર ( બીજે ) સમયે અયોગી કેવલી થાય.

આ પાઠના અનુસારે અયોગીપણું સર્વથા સૂક્ષ્મ કાયયોગ રહિત હોય છે, અહીં પૂર્વાચાર્યોના ભિન્ન ભિન્ન અભિપ્રાયોનું તત્ત્વ શ્રી સર્વજ્ઞગમ્ય છે.

૧ અહીં આ શ્લોકમાં ધ્યાન સંબંધી ક્રિયામાં કર્તા, કરણ, કર્મ અને—ક્રિયા—એ ચારનો સંબંધ નિશ્ચયનયથી છે. જેમ સામાન્ય ધ્યાનવ્યવહારમાં "આત્મા મનથી શ્રી સિદ્ધ પરમાત્માને ધ્યાય છે." આ વાક્યમાં આત્માએ કર્તા, મન એ કરણ, શ્રી સિદ્ધપરમાત્મારૂપ ધ્યેય એ કર્મ, અને ધ્યાય છે એ ક્રિયા—આ પ્રમાણે કર્ત્તાદિની ભિન્નતાથી જેમ વ્યવહારનયથી ધ્યાન ગણાય છે, તેમ નિશ્ચયનયથી ધ્યાન એ છે કે જેમાં કર્તા, કરણ અને કર્મ એ ત્રણે એક જ હોય. ત્યાં "આત્મા આત્માથી આત્માને ધ્યાય છે." આ નિશ્ચયનયથી ધ્યાનમાં ધ્યાનનો કર્તા પણ આત્મા, ધ્યાનનું સાધન પણ આત્મા અને ધ્યેય—કર્મ તે પણ આત્મા.

**અયોગી કેવલી ભગવાન ઉપાંત્ય સમયે શું કરે ?–**

**चिद्रूपात्ममयोऽयोगी, ह्युपान्त्यसमये द्रुतम् ।**
**युगपत्क्षपयेत्कर्म–प्रकृतीनां द्विसप्ततिम् ॥१११॥**

**ગાથાર્થ :–** કેવલજ્ઞાનમય અયોગી ભગવાન ઉપાંત્ય સમયે શીઘ્ર સમકાળે ૭૨ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

**ક્ષય થતી ૭૨ પ્રકૃતિઓનાં નામ :–**

**देहबन्धन सङ्घाताः प्रत्येकं पञ्च पञ्च च ।**
**अङ्गोपाङ्गत्रयं चैव, षट्कं संस्थानसंज्ञकम् ॥११२॥**

---

આ રીતે સમાન કર્તા, કરણ, કર્મયુક્ત ધ્યાન; તે નિશ્ચય નયરૂપ ધ્યાન છે. અને તે સિવાયનાં અષ્ટાંગયોગ ઉપચારોથી જે ધ્યાન છે તે વ્યવહારધ્યાન ગણાય.

૨. **અષ્ટાંગ યોગ** (યોગનાં આઠ અંગ)

૧. અહિંસા–અમૃષા, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ **યમ** (મહાવ્રતો).

૨. શૌચ– સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ પાંચ **નિયમ.**

૩. પર્યંકાસન–પદ્માસન સિદ્ધાસન, વજ્રાસન, વીરાસન આદિ **આસન.**

૪. આસનજયથી ઉચ્છ્વાસ–નિશ્વાસરૂપ પ્રાણવાયુનો રોધ કરવો તે **પ્રાણાયામ.**

૫. ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી લેવી તે **પ્રત્યાહાર.**

૬. કોઈપણ દેશ–ભાગમાં ધ્યેય સ્થાપીને તે ધ્યેયમાં ચિત્તને એકાગ્ર કરવું તે **ધારણા.**

૭. બાર માત્રા સુધી ધારણા ટકાવવી તે **ધ્યાન.**

૮. ધ્યાતા, ધ્યેય ને ધ્યાન–એ ત્રણે એકાકાર થતાં મહાનિદ્રા સમાન શૂન્ય નિર્વિકલ્પ અવસ્થા તે **સમાધિ.**

वर्णाः पञ्च रसाः पञ्च, षट्कं संहननात्मकम् ।
स्पर्शाष्टकं च गन्धौ द्वौ, नीचानादेयदुर्भगम् ॥११३॥

तथा ऽ गुरूलघुत्वाख्य–मुपघातो ऽन्यघातिताः ।
निर्माणमपर्याप्तत्व–मुच्छ्वासश्चायशस्तथा ॥११४॥

विहायोगति युग्मं च, शुभास्थैर्यद्वयं पृथक् ।
गतिर्दिव्यानुपूर्वी च, प्रत्येकं च स्वरद्वयम् ॥११५॥

वेद्यमेकतरं चेति, कर्मप्रकृतयः खलु ।
द्वासप्ततिरिमा मुक्ति–पुरी द्वारार्गलोपमाः ॥११६॥

ગાથાર્થ :– પાંચ શરીર, પાંચ બંધન, પાંચ સંઘાતન, ૩ અંગોપાંગ, ૬ સંસ્થાન, પાંચ વર્ણ, પાંચ રસ, ૬ સંઘયણ, ૮ સ્પર્શ, ૨ ગંધ, ૧ અનાદેય, ૧ દૌર્ભાગ્ય, ૧ અગુરૂલઘુ, ૧ ઉપઘાત, ૧ પરાઘાત ૧ નિર્માણ, ૧ અપર્યાપ્ત, ૧ ઉચ્છ્વાસ, ૧ અપયશ, ૨ વિહાયોગતિ, ૧ શુભ, ૧ અશુભ, ૧ સ્થિર, ૧ અસ્થિર, ૧ દેવગતિ, ૧ દેવાનુપૂર્વી, ૧ પ્રત્યેક, ૧ સુસ્વર, ૧ દુઃસ્વર–એ ૭૦ નામકર્મની પ્રકૃતિઓ તથા ૧ નીચગોત્ર, અને ૨ વેદનીયમાંથી ૧ વેદનીયકર્મ–આ ૭૨ કર્મપ્રકૃતિઓ મોક્ષનગરના દ્વારને બંધ રાખવામાં અર્ગલા સમાન છે. તેને અયોગી કેવલી ભગવાન ઉપાંત્ય સમયે ક્ષય કરે છે.

## અયોગીના અંતે ક્ષય થતી પ્રકૃતિ અને ત્યારપછીની અવસ્થા :-

अन्त्ये ह्येकतरं वेद्य-मादेयत्वं च पूर्णता ।
त्रसत्वं बादरत्वं हि मनुष्यायुश्च सद्यशः ॥११७॥
नृगतिश्चानुपूर्वी च, सौभाग्यं चोच्यगोत्रताम् ।
पञ्चाक्षत्वं तथा तीर्थ-कृन्नामेति त्रयोदश ॥११८॥
क्षयं नीत्वा स लोकान्तं, तत्रैव समये व्रजेत् ।
लब्धसिद्धत्वपर्यायः परमेष्ठी सनातनः ॥११९॥

ગાથાર્થ :- અયોગી ભગવાન અંત્ય સમયે કોઈપણ એક વેદનીયકર્મ, ૧ આદેયનામકર્મ ૧ પર્યાપ્તનામકર્મ, ૧ ત્રસનામકર્મ, ૧ બાદરનામકર્મ, ૧ મનુષ્યાયુ, ૧ સુયશનામકર્મ, ૧ મનુષ્યગતિનામકર્મ, ૧ મનુષ્યાનુપૂર્વીનામકર્મ, ૧ સૌભાગ્યનામકર્મ, ૧ ઉચ્ચગોત્ર, ૧ પંચેન્દ્રિયનામકર્મ અને ૧ તીર્થંકરનામકર્મ-આ ૧૩ પ્રકૃતિનો ક્ષય કરીને તેજ સમયે સિદ્ધત્વપર્યાય પ્રાપ્ત કરીને સનાતન એવા પરમેશ્વર પરમાત્મા થાય અને ચૌદરાજ લોકના પર્યંત ભાગે જાય છે.

## અયોગીગુણસ્થાને બંધ-ઉદય-સત્તા :-

અયોગીગુણસ્થાનવર્તી અયોગી ભગવાનને એક પણ પ્રકૃતિનો બંધ નથી.

તથા તેમને કોઇપણ એક વેદનીય, યશ, સુભગ, આદેય, ત્રસત્રિક, પંચેન્દ્રિય, મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી,

## —: ક્ષપકશ્રેણિ સ્થાપના :—

| | |
|---|---|
| સિદ્ધિ | |
| ૧૩ પ્રકૃતિ | ૧૪મે ક્ષય (અન્તે) |
| ૭૨ પ્રકૃતિ | ૧૪મે ક્ષય (ઉપાન્ત્યે) |
| જ્ઞાનાવ. ૫ દર્શના. ૪ અન્તરાય ૫ | ૧૨મે ક્ષય (અન્તે) |
| ૨ નિદ્રાદિક | ૧૨મે ક્ષય (ઉપાન્ત્યે) |
| ૧ સંજ્વલનલોભ | ૧૦મે ક્ષય |
| ૧ સંજ્વલનમાયા | ૯માના ૯મા ભાગે |
| ૧ સંજ્વલનમાન | ૯માનાં ૮મા ભાગે |
| ૧ સંજ્વલનક્રોધ | ૯માનાં ૭મા ભાગે |
| ૧ પુરુષવેદ | ૯માનાં ૬ઠ્ઠા ભાગે |
| ૬ હાસ્યાદિ | ૯માનાં ૫મે ભાગે |
| ૧ સ્ત્રીવેદ | ૯માનાં ૪થે ભાગે |
| ૧ નપું. વેદ | ૯માનાં ૩જે ભાગે |
| ૮ મધ્યમ કષાય | ૯માનાં ૨જે ભાગે |
| ૧૬ એકેન્દ્રિયાદિ | ૯માનાં ૧લે ભાગે |
| ૧ દેવાયુ, ૧ નરકાયુ, ૧ તિર્યગાયુ. | ૭-૪-૫ ગુણસ્થાને |
| ૧ સમ્યક્ત્વ મોહનીય | ૪-૫-૬-૭ માં ગુણસ્થાનકે |
| ૧ મિશ્રમોહનીય | |
| ૧ મિથ્યાત્વ | |
| ૪ અનન્તાનુબન્ધિ. | |

મનુષ્યાયુ, ઉચ્ચગોત્ર અને તીર્થંકર નામકર્મ—એ ૧૩ પ્રકૃતિનો ઉદય હોય છે.

તથા ઉપાંત્ય સમયે ૮૫ની સત્તા અને અંત્ય સમયે ૧૩ અથવા તીર્થંકર નામ વિના ૧૨ પ્રકૃતિની સત્તા હોય છે અને અંત્ય સમય પછી સર્વ કર્મની સત્તા રહિત હોય છે.

## કર્મરહિત થયેલ આત્માની ઉર્ધ્વગતિ...!

**पूर्वप्रयोगतो ऽसङ्ग-भावाद्बन्धविमोक्षतः ।**
**स्वभावपरिणामाच्च, सिद्धस्योर्ध्वगतिर्भवेत् ॥१२०॥**

**ગાથાર્થ** :- પૂર્વપ્રયોગ, અસંગભાવ, બન્ધવિમોક્ષ અને સ્વભાવ પરિણામથી સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વગતિ થાય છે.

## સિદ્ધપરમાત્માની ઉર્ધ્વગતિના કારણો

**ભાવાર્થ** :- (૧) આત્માના અચિન્ત્ય પરાક્રમથી, અંતના બે સમયમાં ૮૫ પ્રકૃતિ ક્ષય કરવા જે [1]યોગ-વ્યાપાર પ્રયત્ન પ્રયોજેલો છે તે પ્રયત્નથી સિદ્ધની ઉર્ધ્વ-ગતિ થાય છે.

(૨) સંગ નહિ તે અસંગ, કર્મના [2]ઉપગ્રહરૂપ સંગના અભાવથી ઉર્ધ્વગતિ થાય.

---

૧. આ ગ્રંથના અભિપ્રાય પ્રમાણે અયોગીપણામાં વર્તતો સૂક્ષ્મકાયયોગ તે પૂર્વપ્રયોગ.

૨. કર્મના ઉપકારરૂપ સંગના અભાવથી એટલે આત્માની સ્વાભાવિક ઉર્ધ્વગતિનો પ્રતિબંધ કરવામાં ઉપકારી કારણરૂપ કર્મસંગના અભાવથી.

(૩) બંધવિમોક્ષ–અતિગાઢ એવો કર્મબંધ છૂટવાથી સિદ્ધની ઉર્ધ્વગતિ થાય.

(૪) સ્વભાવપરિણામ–તથાપ્રકારના સ્વભાવથી જ સિદ્ધની ઉર્ધ્વગતિ થાય.

## શ્રી સિદ્ધ પરમાત્માની ગતિના ચાર હેતુઓ દૃષ્ટાંત સહિત

कुलालचक्रदोलेषु–मुख्यानां हि यथा गतिः
पूर्वप्रयोगतः सिद्धा, सिद्धस्योर्ध्वगतिस्तथा ॥१२१॥
मृल्लेपसङ्गनिर्मोक्षा–द्यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षा–तथा सिद्धगति स्मृताः ॥१२२॥
एरण्डफलबीजादे–र्बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्–सिद्धस्यापि तथेक्ष्यते ॥१२३॥
यथाधस्तिर्यगुर्ध्वं च, लेष्टुवाय्वग्निवीचयः ।
स्वभावतः प्रवर्त्तन्ते, तथोर्ध्वगतिरात्मनः ॥१२४॥

ગાથાર્થ:– કુંભારનું ચક્ર, હિંચકો અને બાણ[૧] વિગેરેની જેમ [૨]પૂર્વપ્રયોગથી ગતિ હોય, તેમ સિદ્ધની ઉર્ધ્વગતિ પણ પૂર્વપ્રયોગથી હોય છે.

[૩]માટીનો લેપરૂપ સંગ છૂટી જવાથી જેમ પાણીમાં તુંબડાની ઉર્ધ્વગતિ થાય છે, તેમ કર્મનો સંગ છૂટવાથી સિદ્ધની પણ ઉર્ધ્વગતિ કહેલી છે.

બંધનનો છેદ થવાથી જેમ [૪]એરંડાના ફળના બીજની

---

૧. કુંભારનું ચક્ર, હિંચકો. બાણ વિગેરે અહીં વિગેરે શબ્દથી યન્ત્રમાંથી અથવા ગોફણમાંથી છોડેલા ગોળા વિગેરેની ગતિ પણ

( દીવેલીના બીજની ) ઉર્ધ્વગતિ, તેમ કર્મબંધના વિચ્છેદથી સિદ્ધની પણ ઉર્ધ્વગતિ દેખાય છે.

જેમ ઢેફાની અધોગતિ, વાયુની તિર્છીગતિ અને અગ્નિજ્વાલાની ઉર્ધ્વગતિ સ્વભાવથી જ થાય, તેમ આત્માની પણ ઉર્ધ્વગતિ સ્વભાવથી જ હોય છે.

**કર્મરહિત આત્માની ઉર્ધ્વગતિનું કારણ :–**

**न चाधो गौरवाभावा–न्न तिर्यक् प्रेरकं विना ।**
**न च धर्मास्तिकायस्या–भावाल्लोकोपरि व्रजेत् ॥१२५॥**

**ગાથાર્થ** :– ભાર ( વજન )ના અભાવથી સિદ્ધની નીચે પ્રેરક વિના તિર્છિ અને ધર્માસ્તિકાયના અભાવથી લોકાંતથી ઉપર ગતિ થતી નથી.

**ભાવાર્થ** :– કર્મથી ઉત્પન્ન થયેલ ભારેપણાના અભાવથી નીચે ગતિ નથી. પ્રેરણા કરનારની ક્રિયાના

---

પૂર્વપ્રયોગથી થતી પ્રસિદ્ધ છે.

૨. ચક્રને પ્રથમ દંડથી ભમાવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ભમતું રહે, તે પૂર્વપ્રયોગથી ભ્રમણ થતું જાણવું, હિંચકાને એક વાર હિંચોળ્યા બાદ ઝુલ્યા કરે તે પૂર્વપ્રયોગથી, બાણને પ્રથમ ધનુષ્યમાં દોરી ઉપર રાખી પાછું આકર્ષે, તે પૂર્વપ્રયોગ અને ગોફણને પ્રથમ ચારે બાજુ વિંઝયા પછી ગોળો ફેંકાય તે પણ પૂર્વપ્રયોગ કહેવાય.

૩. માટીના લેપ કરી તુંબડાને પાણીમાં મૂકતાં તળીયે બેસી જાય છે પરંતુ માટીનો લેપ જેમ જેમ ઉખડે તેમ ઉંચું આવે છે.

૪. **एरण्डफलबीजादे...** અહીં આદિ શબ્દથી શણના બીજ વગેરેનો બંધવિચ્છેદ પણ સમજવો.

અભાવે તિર્છી ગતિ નથી મત્સ્ય વિગેરે જળચરોને તરવામાં ઉપકારી કારણજળ છે, તેમ લોકમાં જીવ અને પુદ્ગલની ગતિનું ઉપકારી કારણ ધર્માસ્તિકાય દ્રવ્ય છે, ધર્માસ્તિકાયનો અલોકમાં અભાવ હોવાથી સિદ્ધ પરમાત્મા લોકની ઉપર અલોકમાં જતા નથી.

## સિદ્ધ પરમાત્માઓની લોકાંતે સિદ્ધશિલા ઉપરની સ્થિતિ-

**मनोज्ञा सुरभिस्तन्वी, पुण्या परमभासुरा ।**
**प्राग्भारा नाम वसुधा, लोकमूर्ध्नि व्यवस्थिता ॥१२६॥**
**नृलोकतुल्यविष्कम्भा, सितच्छत्रनिभा शुभा ।**
**उर्ध्वं तस्याः क्षितेः सिद्धाः, लोकान्ते समवस्थिता ॥१२७॥**

**ગાથાર્થ**:- મનોહર, સુગંધી, કોમળ, પવિત્ર અને અતિશય તેજસ્વી એવી ઈષત્ પ્રાગ્ભારા નામની પૃથ્વી લોકના મસ્તકે રહેલી છે.

તે પૃથ્વી મનુષ્યલોક પ્રમાણ (૪૫ લાખયોજન) વિસ્તૃત, શ્વેત છત્ર જેવી અને સુંદર છે, તે પૃથ્વી ઉપર સિદ્ધ પરમાત્માઓ લોકને અંતે રહેલા છે.

**ભાવાર્થ :- [1]પ્રાગ્ભરા પૃથ્વીનું વર્ણન :-**

---

૧. પ્રાગ્ભારા–ઈષત્ પ્રાગ્ભારા અને સિદ્ધશિલા એ એકાર્થ-વાચક નામો છે.

ચૌદરાજલોકના [1]અગ્રભાગે તે પૃથ્વી ઉપર લોકના [2]અન્ત-ભાગે સિદ્ધપરમાત્મા આત્મપ્રદેશોથી સ્પર્શીને રહ્યા છે.

તે પૃથ્વી મનોહર; કર્પૂરના સમૂહથી અધિક સુગંધી છે. સૂક્ષ્મ અવયવોથી કોમળ હોવાથી સ્થૂલ અવયવોવાળી વસ્તુની જેમ કર્કશ નથી. પવિત્ર, ઉત્કૃષ્ટ તેજથી દેદીપ્યમાન, ૪૫ લાખ યોજન વિષ્કંભવાળી, શ્વેત છત્રના આકારવાળી, ઉત્કૃષ્ટ ઉત્તાન ( ચત્તા રાખેલા ) છત્ર સરખી, સુંદર, સમૃદ્ધિ-યુક્ત પ્રાગ્ભારા પૃથ્વી સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઉંચી અતિ મધ્યભાગમાં ૮ યોજન જાડી ત્યારપછી અનુક્રમે ક્ષય થતાં થતાં અન્તે તીક્ષ્ણ ધારા સરખી પાતળી છે, તે સિદ્ધશિલાથી ૧ યોજન દૂર લોકનો અંતભાગ છે, તે એક યોજનનો ચોથો ભાગ ૧ ગાઉ તેના છઠ્ઠા ભાગમાં શ્રી સિદ્ધોની અવગાહના છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે :—

ईसीपभाराए उवरिं, खलु जोयणंमि जो कोसो ।
कोसस्सय छब्भागे सिद्धाणोगाहणा भणिया ॥१॥

ઈષત્ પ્રાગ્ભારાની ઉપર ૧ યોજનના ૧ કોશના ( ગાઉના ) છઠ્ઠા ભાગમાં શ્રી સિદ્ધોની અવગાહના છે.

તે યોજનના ૨૩ ભાગ ખાલી છે. એક ચોવીશમા ભાગમાં સિદ્ધની અવગાહના છે તે આ પ્રમાણે.

---

૧. અગ્રભાગે એટલે સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ યોજન ઉંચે અને લોકના ઉર્ધ્વ અન્તથી ૧ યોજન નીચે એટલે સિદ્ધશિલાથી લોકાન્ત ૧ યોજન દૂર છે. આ યોજન ઉત્સેધાંગુલનું જાણવું,

૨. સર્વાન્તિમ ભાગે, પરંતુ સિદ્ધશિલાના તળીયા ઉપર નહિં.

એક ગાઉના ૨૦૦૦ ધનુષ થાય, તેનો છઠ્ઠો ભાગ [1]૩૩૩ ધનુષ ઉપરાંત અર્ધ ધનુષના ત્રણ ભાગ કરે તેવા ૨ ભાગ ( $\frac{૧}{૩}$ ધનુષ ) થાય. સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની ઉત્કૃષ્ટથી પણ એટલી જ અવગાહના હોય છે, અધિક અવગાહના હોતી નથી.

## સિદ્ધના આત્મપ્રદેશોની અવગાહનાનો આકાર :-

**कालावसरसंस्थाना, या मूषागतसिक्थका ।**
**तत्रस्थाकाशसंकाशा- ऽऽकाश सिद्धावगाहना ॥१२८॥**

**ગાથાર્થ :-** [2]ગળી ગયેલા મીણવાળી એવી જે મૂષા તે અન્ત્ય સમયે જેવા આકારવાળી હોય તેવા આકારના આકાશપ્રદેશ સમાન આકાર જેવી સિદ્ધ પરમાત્માની અહગાહના છે.

---

૧. ૩૩૩ ધનુષ અને ૩૨ અંગુલ સિદ્ધપરમાત્માની ઉત્કૃષ્ટ અવગાહના છે. કારણ કે ૫૦૦ ધનુષ્યથી અધિક અવગાહનાવાળા જીવ મોક્ષે જતા નથી., તેથી ૫૦૦ ના $\frac{૧}{૩}$ ભાગ એટલો જ થાય છે.

૨. ગળી ગયેલ મીણવાળી જે મૂષા તેમાં રહેલા આકાશ સરખી શ્રી સિદ્ધપરમાત્માની અવગાહના કહી, તે સંબંધમાં એમ સમજાય છે, કે અહિં મૂષા તો સોની જેમાં સોનું ગાળે તે પ્રસિદ્ધ છે, પરંતુ મીણરહિત મૂષા કહેવાથી મીણના રમકડાં બનાવનારા કારીગરો જેમાં મીણનો રસ રેડી રમકડાનાં આકાર પાડે છે તે મૂષા હશે, પછી શ્રી બહુશ્રુત કહે તે સત્ય.

## શ્રી સિદ્ધપરમાત્માના જ્ઞાન-દર્શનનો વિષય :-

**ज्ञातारोऽखिलतत्त्वानां, द्रष्टारश्चैकहेलया ।**
**गुणपर्यायुक्तानां, त्रैलोक्योदरवर्त्तिनाम् ॥१२९॥**

**ગાથાર્થ** :- શ્રી સિદ્ધપરમાત્મા, ત્રણે લોકમાં રહેલા ગુણપર્યાયયુક્ત સર્વ તત્ત્વોને એક સમયમાં જાણે અને જુએ છે.

**ભાવાર્થ** :- શ્રી સિદ્ધપરમાત્મા ચૌદરાજ પ્રમાણ લોકની મધ્યમાં રહેલા અને ગુણો અને પર્યાયોથી સહિત એવા સમસ્ત જીવ, અજીવ આદિ પદાર્થોને વિશેષોપયોગથી [1]જાણે અને એટલું જ નહિ પરંતુ સમય પછી શીઘ્ર સામાન્યોપયોગથી [2]જુએ પણ છે.

એ જ્ઞાનોપયોગ સિદ્ધપરમાત્માને પ્રથમ સમયે હોય, ત્યારપછી બીજે સમયે દર્શનોપયોગ, ત્યારપછી ત્રીજે સમયે જ્ઞાનોપયોગ, એમ એકેક સમયને અંતરે જ્ઞાન-દર્શનનો ઉપ-યોગ પ્રવર્તે છે, એ સમયાન્તરમાં જીવસ્વભાવ એ જ હેતુ છે.

કેવળજ્ઞાનની ઉત્પત્તિ સમયે અને સિદ્ધત્વની પ્રાપ્તિ સમયે પણ પહેલે સમયે જ્ઞાનોપયોગ જ હોય એ નિયમ છે. તેથી જ કહ્યું છે કે "સર્વ લબ્ધિઓ સાકારોપયોગીપણે હોય."

## સિદ્ધપરમાત્માને ઉત્પન્ન થતાં ૮ ગુણો :-

**अनन्तं केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ।**
**अनन्तं दर्शनं चैव, दर्शनावरणक्षयात् ॥१३०॥**

---

૧. "જાણનારા" એમ કહેવાથી જ્ઞાનગુણ કહ્યો.
૨. "દેખનારા" એમ કહેવાથી દર્શનગુણ કહ્યો.

**शुद्धसम्यक्त्वचारित्रे, क्षायिके मोहनिग्रहात् ।**
**अनन्ते सुखवीर्ये च, वेद्यविघ्नक्षयात् क्रमात् ॥१३१॥**
**आयुषः क्षीणभावत्वात्, सिद्धानामक्षया स्थितिः ।**
**नामगोत्रक्षयादेवा-मूर्त्ता ऽनन्तावगाहना ॥१३२॥**

સિદ્ધ પરમાત્માને જ્ઞાનાવરણીયકર્મના સર્વથા ક્ષયથી અનંતકેવળજ્ઞાન, દર્શનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી અનંતદર્શન, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના સર્વથા ક્ષયથી ક્ષાયિક-સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર, વેદનીય કર્મના ક્ષયથી અનંતસુખ, અંતરાયકર્મના ક્ષયથી અનંતવીર્ય, આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થવાથી અક્ષયસ્થિતિ, નામકર્મનો ક્ષય થવાથી અમૂર્ત્તપણું અને ગોત્રકર્મનો સર્વથા ક્ષય થવાથી અનંતઅવગાહના પ્રગટ થાય છે.

## સિદ્ધપરમાત્માના સુખનું વર્ણન :-

**यत्सौख्यं चक्रिशक्रादि-पदवी-भोगसंभवम् ।**
**ततोऽनन्तगुणं तेषां, सिद्धावक्लेशमव्ययम् ॥१३३॥**

---

૧. "મૂર્તપણાથી જે અનંતોનો અવગાહ તે મૂર્તાનન્તાવગાહના" (વૃત્તિમાં તૃતીયા તત્પુરુષ સમાસ કર્યો છે.) તેથી એવો ભાવ પ્રગટ થાય કે-અનંતાવગાહ ગુણ તો સંસારીપણામાં પણ હતો પરંતુ તે નામકર્મોદયના સહચારથી મૂર્તત્વયુક્ત હતો, તેનો અભાવ થતાં શ્રી સિદ્ધપરમાત્માને અમૂર્ત્તત્વયુક્ત અનંતાવગાહ ગુણ પ્રગટ થયો. તેમાં અમૂર્ત્તત્વની પ્રાપ્તિ નામકર્મના ક્ષયથી અને અનંતાવગાહ ગુણની પ્રાપ્તિ ગોત્રકર્મના ક્ષયથી થાય છે.

**ગાથાર્થ** :- ચક્રવર્તિ, ઈન્દ્ર વિગેરેને ઐશ્વર્યથી તથા ભોગથી જે સુખ ઉત્પન્ન થયું છે, તેથી પણ અનંતગુણ [1]ક્લેશ વિનાનું અને [2]અવિચલ સુખ મોક્ષમાં સિદ્ધ-પરમાત્માઓને છે.

**સિદ્ધભગવંતે પ્રાપ્ત કરેલો સાર :-**

**यदाराध्यं च यत्साध्यं, यद् ध्येयं यच्च दुर्लभम् ।**
**चिदानन्दमयं तत्तैः, संप्राप्तं परमं पदम् ॥१३४॥**

**ગાથાર્થ** :- જે આરાધવા યોગ્ય, જે સાધવા યોગ્ય, જે ધ્યાન કરવા યોગ્ય અને જે દુર્લભ છે, તે જ્ઞાનાનંદમય પરમ મોક્ષપદ શ્રી સિદ્ધોએ પ્રાપ્ત કર્યું છે.

**ભાવાર્થ :- પરમપદનું સ્વરૂપ :-**

જે પદ આરાધકોથી આરાધવા યોગ્ય છે, સાધક પુરૂષોથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિથી સાધવા યોગ્ય છે. યોગીઓથી અનેક ધ્યાનના ઉપાયોથી ધ્યાન કરવા યોગ્ય છે, અભવ્યોને સર્વથા દુર્લભ છે અને દુર્ભવ્યોને અતિકષ્ટથી પ્રાપ્ત થવા યોગ્ય છે. આ પ્રમાણે દુર્લભ એવું જ્ઞાનરૂપ પરમ આનંદમય મોક્ષપદ ધન્ય એવા સિદ્ધભગવંતોએ પ્રાપ્ત કર્યું છે.

**મોક્ષનું સ્વરૂપ :-**

**नात्यन्ताभावरूपा न च जडिममयी—व्योमवद्व्यापिनी नो ।**
**न व्यावृत्तिं दधाना विषयसुखघना नेष्यते सर्वविद्भिः ॥**

---

૧. ક્લેશ રહિત અર્થાત્ અવિદ્યા, હર્ષ, રાગ-દ્વેષ અને કદાગ્રહરૂપ ક્લેશો જ્યાં નથી તેવું ક્લેશ રહિત.

૨. અવિચલ=અવ્યય અર્થાત્ પોતાના સ્વભાવથી ચલિત ન થાય તેવું અક્ષય સુખ છે.

**सद्रूपात्मप्रसादाद् दृगवगमगुणौघेन संसारसारा।**
**निःसीमात्यक्षसौख्योदय-**
**वसतिरनिःपातिनी मुक्तिरुक्ता ॥१३५॥ (शार्दुल)**

**ગાથાર્થ :-** સર્વજ્ઞભગવંતો [1]મુક્તિને અત્યંત અભાવરૂપ, [2]જડતારૂપ આકાશની જેમ [3]સર્વવ્યાપી અને

---

૧. બૌદ્ધ દર્શનવાળા મુક્તિને અભાવરૂપ માને છે, તેઓ એમ માને છે કે, આત્માનો સર્વથા અભાવ થવો અર્થાત્ આત્મા વિનાશ પામવો તે મુક્તિ –આ પ્રમાણે ષટ્દર્શન સમુચ્ચયની ટીકામાં કહ્યું છે.

તથા દ્વાત્રિંશિકામાં કહ્યું છે કે,

**बौद्धास्त्वालयविज्ञानसंततिः सेत्यकीर्त्तयन्**

બૌદ્ધો એમ કહે છે કે "આલયવિજ્ઞાન સંતતિ" તે મોક્ષ કહેવાય. આલયવિજ્ઞાન સંતતિ એટલે પ્રવૃત્તિવિજ્ઞાનના ઉપપ્લવ રહિત સંહત જ્ઞેયાકારવાળી જ્ઞાનક્ષણની પરંપરા. ઇત્યાદિ વર્ણન ગ્રંથથી જાણવું.

૨. વૈશેષિક અને નૈયાયિક દર્શનો જડમય જ્ઞાનના અભાવ-વાળી મુક્તિ માને છે, તેઓ કહે છે કે,

આત્માનો સર્વથા અભાવ નહીં પરંતુ આત્મામાં રહેલા ચૈતન્યગુણનો અભાવ થવો એટલે આત્મા ચેતના રહિત જડતુલ્ય થવો તે જ મુક્તિ છે. અહીં આત્માનો સદ્ભાવ અને આત્મગુણનો અભાવ તે મોક્ષ કહેલ છે.

૩. કેટલાક આકાશની પેઠે સર્વવ્યાપી મુક્તિ માને છે.

ત્રિદંડી દર્શનવાળાઓ પરમાત્મામાં જીવાત્માનો લય થઈ જવો તે મુક્તિ છે, એમ માને છે. તેઓ પરમાત્માને વિભુ–વિષ્ણુ એટલે સર્વવ્યાપક માને છે, તેથી મુક્તિ પણ સર્વવ્યાપક થઈ. વિષ્ણુ-દર્શનીઓ પણ વિશેષ તો એમ જ માને છે.

[૧]પૂનરાવૃત્તિને ધારણ કરનારી અને [૨]અત્યંત વિષયસુખ-વાળી માનતા નથી, પરંતુ વિદ્યમાન જ્ઞાનસ્વરૂપ આત્માની નિર્મળતાથી પ્રાપ્ત થયેલ સમ્યગ્‌દર્શન, જ્ઞાનાદિ ગુણના સમૂહથી સંસારમાં અદ્વિતીય, અત્યંત અતીન્દ્રિય સુખાનુ-ભવના સ્થાનરૂપ અને પુનરાગમન રહિત મુક્તિ કહી છે.

**ભાવાર્થ :** સર્વજ્ઞ ભગવંતના મતવાળા અભાવરૂપ જડમય-આકાશવત્ સર્વવ્યાપી વ્યાવૃત્તિરૂપ અને વિષયસુખ-રૂપ મુક્તિ માનતા નથી, પરંતુ વિદ્યમાન જ્ઞાનસ્વરૂપવાળા આત્માની નિર્મળતાથી સમ્યગ્‌દર્શન જ્ઞાનાદિ ગુણના સમૂ

---

૧. કેટલાએક દર્શનવાળા માને છે કે આત્મા મુક્તિમાં જાય છે, પુનઃ સંસારી થાય છે, કારણ કે ભક્તને તારવા અને અધર્મનો નાશ કરવા માટે મુક્ત એવા પરમાત્માને અવતાર લેવો પડે છે.

૨. અતિ સંક્લિષ્ટ કર્મોદયવાળા કેટલાક અત્યંત વિષયસુખ-વાળી મુક્તિ માને છે. વામમાર્ગી સરખા દર્શનીઓ વિષયસુખને જ મુક્તિ સુખ માને છે, વિષયસુખથી શ્રેષ્ઠ બીજું સુખ નથી, માટે એમના મતે એ જ મોક્ષસુખ છે.

ઉપરાંત કેટલાએક દુ:ખ માત્રના ક્ષયને મુક્તિ માને છે, કેટ-લાક સાંખ્યદર્શનવાળા પ્રકૃતિક્ષયને મુક્તિ માને છે, કેટલાક સ્વતંત્રતા અપરાધીનતાને જ મુક્તિ માને છે. ઇત્યાદિ અનેક દર્શનીઓ અનેક પ્રકારે મુક્તિ માને છે.

અહીં પુનરાવૃત્તિ અને નિપાતમાં તફાવત એ છે કે પુનરાવૃત્તિ એટલે સંસારમાં વારંવાર આવીને પુનઃ વારંવાર મુક્તિમાં જવું. અને નિપાત એટલે એકવાર સિદ્ધિપણું પામ્યા પછી પુનઃ સંસા-રમાં પડી હંમેશ સંસારી રહેવું એમ સંભવે છે.

હથી, અસાર એવા સંસારમાં એક સારભૂત તથા અનંત અતીન્દ્રિય આનંદના સ્થાનરૂપ તથા નિપાત રહિત મુક્તિ શ્રી સર્વજ્ઞ ભગવંતોએ કહી છે.

## પૂર્વાચાર્યરચિત શાસ્ત્રોમાંથી પ્રકરણનો ઉદ્ધાર :-

**इत्युउद्धृतो गुणस्थान-रत्नराशिः श्रुतार्णवात् ।**
**पूर्वर्षिसूक्तिनावैव, रत्नशेखरसूरिभिः ॥१३६॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે શ્રી રત્નશેખરસૂરિજીએ શ્રુતસમુદ્રમાંથી પૂર્વાચાર્યોએ રચેલી [1]સૂક્તિઓરૂપી નૌકાથી આ ગુણસ્થાનરૂપી રત્નરાશિનો ઉદ્ધાર કર્યો છે.

**ભાવાર્થ :-ગ્રંથકર્તાનું નામ :-**

બૃહદ્ગચ્છીય શ્રી વજ્રસેનસૂરિના શિષ્ય શ્રી હેમતિલકસૂરિજીના પટ્ટ ઉપર પ્રતિષ્ઠિત થયેલ શ્રી રત્નશેખરસૂરિજીએ-આગમરૂપી સમુદ્રમાંથી પૂર્વાચાર્યરચિત શ્લોકોથી આ ગ્રંથ સ્વ અને પરના ઉપકાર માટે પ્રકરણરૂપે પ્રગટ કર્યો છે. (સિરિવાલકહાના કર્તાપણ આ જ આચાર્ય છે.)

---

૧. સૂક્તિ એટલે શ્લોક

## સમાપ્ત

## આઠ કર્મની બંધાદિમાં ( ઓઘ ) ઉત્તરપ્રકૃતિનું કોષ્ટક :–

| નં. | પ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બંધમાં પ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૦ |
| ૨ | ઉદયમાં પ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૩ | ઉદીરણામાં પ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૪ | સત્તામાં પ્રકૃતિ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૧૦૩ | ૨ | ૫ | ૧૫૮ / ૧૪૮ |

# -: ઉદય યંત્ર :-

| ગુણસ્થાનોના નામ | મૂળ પ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘ | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્ર | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરત | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરત | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્ત | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્ત | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણ | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિ | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મસંપ. | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપ. મોહ | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણમોહ | ૭ | ૫૭-૫૫ | ૫ | ૬-૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગીકેવલી | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ અયોગીકેવલી | ૪ | ૧૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

# ઉદીરણા યંત્ર

| | મૂળ પ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાનાવરણીય | દર્શનાવરણીય | વેદનીય | મોહનીય | આયુષ્ય | નામ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘ | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ મિથ્યાત્વ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ સાસ્વાદન | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ મિશ્ર | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ અવિરત | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ દેશવિરત | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ પ્રમત્ત | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ અપ્રમત્ત | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ |
| ૮ અપૂર્વકરણ | ૬ | ૭૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૯ અનિવૃત્તિ | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ સૂક્ષ્મસંપ. | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ ઉપ. મોહ | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ ક્ષીણમોહ | ૫ | ૫૪-૫૨ | ૫ | ૬-૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ સયોગીકેવલી | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૫ |
| ૧૪ અયોગીકેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

ॐ